જૈન કાવ્ય પ્રકાશ

ભાગ ૨ જો.

સંવત ૧૯૭૦ સુધીનાં બાર પૂજા તથા વિધિ, અષ્ટપ્રકારી પૂજાના દુહા. ગૌતમ સ્વામીનો રાસ, પ્રભાતીયાં, છંદો, ચૈત્ય વંદનો, આનંદઘનજી કૃત ચોવીસી તથા પદો, મોટાં સ્તવનો તિથિ પર્વ વગેરેનાં તથા નાટકનાં ગાયનો. નેમજીનો નવ ભો-સાત વાર-પંદર તિથી-બાર માસા. સઝાયો, ભાવ પૂંજા, હીંડોળીઆ. ગુહલી, થોયો, આરતી, મગળ ચાર.

મુંબઇ–રાજ્યભક્ત પ્રી. પ્રેસ.

જૈન કાવ્યપ્રકાશ

ભાગ ૨ જો.

શ્રાવક બહેનોને માટે

સંગ્રહ કરી યથામતિ સંશોધન સાથે

પ્રગટ કર્તા

કેશવલાલ સાંકળચંદ મારફતીયા

તથા

[illegible] મુળચંદ

મુંબઈ

રાજ્યભક્ત પ્રીન્ટીંગ પ્રેસ

સને ૧૮૯૪—સંવત ૧૯૫૦

ચાર આના

નેમ[illegible]ના દેરા પાસે [illegible] છાપખાનામાંથી

તથા ગોડીજીના દેરા [illegible]માં મળશે

વિનંતી પત્ર.

સર્વે ગ્રહસ્થોને નમ્રતા પૂર્વક વિનંતી કરવામાં આવેછે કે, અમારૂં "રાજયભક્ત પ્રીન્ટીંગ પ્રેસ" નામનું છાપખાનું પાયધુની (ભીંડીબજાર) ઉપર શ્રી નેમિનાથ મહારાજના દેરાસરની જોડમાં છે. જેમાં ગુજરાતી-બાળબોધી-જૈની અક્ષરથી-ઈંગ્રેજી-સંસ્કૃત-નકશકામ-વીગેરે તમામ જાતનું છાપવાનું કામ કીફાયત ભાવથી મન પસંદ વ ખતસર કરી આપવામાં આવે છે. માટે જેઓને છપાવવું હોય તેઓએ ઉપર લખેલે ઠેકાણે અમોને મળવું. મેળાપ હરકોઈ પણ વખતે થશે.

☞ જૈન બંધુઓને વિશેષ સુચના કરવામાં આવેછે કે, મુંબઈ મધ્યે ફક્ત અમારૂં એકલાનુંજ જૈનનું છાપખાનું છે તો મેહેરબાની કરી પુસ્તક ચોપડી-કંકોત્રી બુકો વીગેરે જે કાંઈ પણ કામ આપને હોય તે અવશ્ય હમારે ત્યાં મોકલવું ઉચિત છે. મન પસંદ અને જરૂર કફાયતથીજ કામ કરી આપીશું.

જૈન ધર્મ વિગેરે બીજા પુસ્તકો પણ અમારે ત્યાંથી મળશે.

સાંકળચંદ મહાસુખરામ.

અનુક્રમણિકા.

ચૈત્યવંદનાધિકાર ૧૨

સ્તવનાદ્યધિકાર

આનંદઘનજી કૃત ચોવીશી.

આનંદઘન કૃત પદો ૭

બીજનું સ્તવન

પંચમીનું લઘુ સ્તવન.

જ્ઞાનપંચમીનું સ્તવન (ઢાલ ૬)

અષ્ટમીનું સ્તવન (ઢાલ ૨)

એકાદશીનું સ્તવન (ઢાલ ૪)

આંબિલના ઓળીનું સ્તવન

સઝાયાધિકાર

લાવણી સમુદાય

હોરી વસંત ફાગ દિ

સ્તુત્યધિકાર

જૈન કાવ્યપ્રકાશ
ભાગ ૨ જો.

અથ

શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્રપૂજા.

પાખડી ગાથા, ઢાલ પહેલી.

ગાથા-દુહા-ચઉતીસે અતિસય જુઓ, વચનાતિસય જુત્ત; સો પરમેસર દેખિ ભવિ, સિંઘાસણ સંપત્ત. ૧

ઢાલ-સિંઘાસણ બેઠા જગ ભાણ, દેખિ ભવિક જન ગુણમણિ ખાણ; જે દીઠે તુઝ નિરમલ નાણ, લહિયે પરમ મહોદય ઠાણ; કુસુમાંજલિ મેલો આદિ જિણંદા.

તોરા ચરણુકમલ સેવે ચોસઠ ઈંદા. કુ૦
ચોવીસ વૈરાગી ચોવીસ સોભાગી, ચોવીસ
જિણંદા. કુ૦
(ઉપર પ્રમાણે કહી પ્રભુના ચરણે પૂજા કરીયેં)
ગાથા-જોનિય ગુણ પજજવ રમ્યો,
તસુ અનુભવ એગંત; સુહપુગ્ગલ આરોપતાં,
જો તસુ રંગ નિરત્ત. ૨
ઢાલ-જો નિજ આતમગુણ આણંદી,
પુગ્ગલ સંગે જેહ અફંદી; જે પરમેસર
નિજપદ લીન, પૂજો પ્રણમો ભવ્ય અદીન.
કુસુમાંજલિ મેલો શાંતિ જિણંદા. તો૦ કુ૦ ૨
(ઉપર પ્રમાણે કહી પ્રભુના જાનુયે પૂજા કરીયે)
ગાથા-નિમ્મલ નાણપયાસકર, નિમ્મલ
ગુણ સંપન્ન; નિમ્મલ ધમ્મોવએસકર, સો
પરમપ્પા ધન્ન. ૩
ઢાલ-લોકાલોક પ્રકાશક નાણી, ભવિ૦

જન તારણ જેહની વાણી; પરમાનંદ તણી નીસાણી, તસુ ભગતે મુઝ મતિ ઠહરાણી. કુસુમાંજલિ મેલો નેમ જિણંદા. તો૦ કુ૦ ૩

(ઉપર પ્રમાણે કહી પ્રભુના બે હાથે પૂજા કરીયે)

ગાથા-જે સિઝા સિઝંતિ જે, સિઝંસંતિ અણંતં. જસુ આલંબન ઠવિય માણ, સો સેવો અરિહંત. ૪

ઢાલ-શિવ સુખ કારણ જેહ ત્રિકાલે, સમ પારણામે જગત નિહાલે; ઉત્તમ સાધન માર્ગ દેખાડે, ઈંદ્રાદિક જસુ ચરણ પખાલે. કુસુમાંજલિ મેલો પાસ જિણંદા. તો૦ કુ૦ ૪

(ઉપર પ્રમાણે કહી પ્રભુના ખભાયે પૂજા કરીયે)

ગાથા—સમ્મદિટ્ઠી દેસ જય, સાહુ સાહુણી સાર; આચારિજ ઉવઝાય મુણિ, જો નિમ્મલ આધાર. ૫

ઢાલ-ચઉવિહ સંઘે જે મન ધાર્યુ,

મોક્ષતણું કારણ નિરધાર્યું; વિવિધ કુસુમ વરજાતિ ગહેવી, તસુ ચરણે પ્રણમત ઠવેવી. કુસુમાંજલિ મેલો વીર જિણંદા. તો૦ કુ૦ ૫
(ઉપર પ્રમાણે કહી પ્રભુને મસ્તકે પૂજા કરીયે)
ઇતિ પાંખડી ગાથા.

વસ્તુછંદ—સયલ જિનવર સયલ જિનવર, નમિય મનરંગ; કલ્યાણક વિહિ સંઠવિય, કરિસ ધમ્મ સુપવિત્ત; સુંદર સય ઇગસિત્તરિ તિથ્થંકર, ઇગ સમય વિહરંતિ મહિયલ; ચવણ સમય ઇગવીસ જિણ, જન્મ સમય ઇગવીસ; ભત્તિય ભાવે પૂજિયા, કરો સંઘ સુજગીસ. ૧

ઢાલ બીજી

એક દિન અચિરા હુલરાવતી. એ દેશી.

ભવ ત્રીજે સમકિત ગુણ રમ્યા, જિન ભક્તિ પ્રમુખ ગુણ પરિણમ્યા; તજિ ઇંદ્રિય સુખ આશંસના, કરિ સ્થાનક વીશની સેવના ૧

અતિ રાગ પ્રશસ્ત પ્રભાવતા, મન ભા. વના એહવી ભાવતા; સવિ જીવ કરૂં શાસન રસી, ઇસિ ભાવદયા મન ઉલ્લસી. ૨ લહી પરિણામ એહવું ભલું, નિપજાવી જિનપદ નિર્મલું; આયુબંધ વિચ્ચે એક ભવ કરી, શ્રદ્ધા સંવેગ તે થિર ધરી. ૩ ત્યાંથી ચવિયં લહે નર ભવ ઉદાર, ભરતે તેમ ઐરવતેજ સાર; મહાવિદેહે વિજયે વર પ્રધાન, મધ્ય ખંડે અવતરે જિન નિધાન. ૪

ઢાલ ત્રીજી—સુપનાની.

પુણ્યે સુપનહ દેખે, મનમાંહે હર્ખ વિશેષે; ગજવર ઉજ્જવલ સુંદર, નિર્મલ વૃષભ મનોહર. ૧ નિર્ભય કેસરી સિંહ, લક્ષ્મી અતિહિ અબીહ; અનુપમ ફુલની માલ, નિર્મલ શશી સુકુમાલ. ૨ તેજ તરણી અતિદીપે, ઇંદ્ર ધ્વજા જગઝીપે; પૂરણ કલશ પંડુર, પદ્મસરોવર

પૂર. ૩ અગિયારમે રયણાયર, દેખે માતાજી ગુણ સાયર, બારમે ભુવન વિમાન, તેરમે અનુપમ રત્ન નિધાન. ૪ અગ્નિશિખા નિર્ધૂમ, દેખે માતાજી અનુપમ; હરખી રાયને ભાખે, રાજા અર્થ પ્રકાશે. ૫ જગપતિ જિનવર સુખકર, હોશે પુત્ર મનોહર; ઇંદ્રાદિક જસુ નમશે, સકલ મનોરથ ફલશે. ૬

વસ્તુ—પુણ્ય ઉદય પુણ્ય ઉદય ઉપના જિનનાહ, માતા તવ રયણી સમે; દેખી સુપન હરખંતિ જાગીય, સુપન કહી નિજ કંતને; સુપન અર્થ સાંભલો સોભાગિય, ત્રિભુવન તિલક મહાગુણી; હોશે પુત્ર નિધાન, ઇંદ્રાદિક જસુ પય નમી, કરશે સિદ્ધ વિધાન ૧

ઢાલ ચોથી. ચંદ્રાવલાની દેશીમાં.

સોહમપતિ આસન કંપિયો એ, દેઇ અવધિ મન આણંદીયો એ; નિજ આતમ

નિર્મલ કરણ કાજ, ભવજલ તારણ પ્રગટસુ જહાજ. ૧ ભવઅડવી પારગ સત્થવાહ, કેવલ નાણાઇય ગુણ અગાહ; શિવ સાધન ગુણ અંકૂરે જેહ, કારણ ઉલટ્યો આસાઢિ મેહ. ૨ હરખે વિકસી તવ રોમરાઇ, વલયાદિકમાં નિજ તનુ નમાઇ; સિંહાસનથી ઊઠ્યો સુરિંદ, પ્રણમંતો જિન આનંદ કંદ. ૩ સગ અડ પય સાહમો આવી તત્થ, કરિ અંજલીય પ્રણમીય મત્થ; મુખે ભાંખે એ ક્ષણ આજ સાર, તિયલોય પહૂ દીઠો ઉદાર. ૪ રે રે નિસુણો સુર લોય દેવ, વિષયાનલ તાપિત તુમ સવેવ; તસુ શાંતિકરણ જલધર સમાન, મિથ્યાવિષ ચુરણ ગરુડ વાન. ૫ તે દેવ સકલ તારણ સમત્થ, પ્રગટ્યો તસુ પ્રણમી હુવો સનાથ; એમ જંપી શક્રસ્તવ કરેવિ, તવ દેવ દેવી હરખે સુણેવી. ૬ ગાવે તવ રંભા ગીત ગાન, સુરલોક

હુવો મંગલ નિધાન; નરક્ષેત્રે. આરિજ. વંશ ગ્રામ, જિનરાજ વધે સુર હરખ ધામ. ૭ પિતા માતા ઘરે ઓચ્છવ અશેષ, જિન શાસન મંગલ અતિ વિશેષ; સુરપતિ દેવાદિક હરખ અંગ, સંયમ અર્થી જનને ઉમંગ. ૮ શુભ વેલા લગને તીર્થનાથ, જનમ્યા ઇંદ્રાદિક હરખ સાથ; સુખ પામ્યા ત્રિભુવન સર્વ જીવ; વધાઇ વધાઇ થઇ અતીવ. ૯

ઢાલ પાંચમી.

શ્રીશાંતિ જિનનો કલશ કહિશુ, પ્રેમ સાગર પૂર ॥ એ દેશી ॥

શ્રી તીર્થપતિનું કલશમજ્જન, ગાઇએ સુખકાર; નરખિત્ત મંડણ દુહ વિહંડણ; ભવિક મન આધાર. તિહાં રાવ રાણા હર્ષ ઓચ્છવ, થયો જગ જયકાર; દિશિકુમરી અવધિ વિશેષ જાણી, લહ્યો હર્ષ અપાર. ૧

નિય અમર અમરી સંગ કુમરી, ગાવતી ગુણ છંદ; જિન જનની પાસે આવી પહોતી, ગહગહતી આણંદ. હે માય ! તેં જિનરાજ જાયો, સુચિ વધાયો રમ્મ; અમ જમ્મ નિમ્મલ કરણ કારણ, કરિશ સૂઇ કમ્મ. ૨ તિહાં ભૂમિ શોધન દીપ દર્પણ, વાય વીજણ ધાર; તિહાં કરીય કદલી ગેહ જિનવર, જનનિ મજજનકાર. વર રાખડી જિનપાણિ બાંધી, દીયે એમ આશીષ; જુગ કોડા કોડી ચિર જીવો, ધર્મ દાયક ઇશ. ૩

ઢાલ છઠી.

એકવીશાની ॥ જગનાયક જી, ત્રિભુવન જન હિતકાર એ ॥ પરમાતમ જી, ચિદાનંદ ઘન સાર એ ॥ એ દેશી ॥

જિન રયણી જી, દશદિશિ ઉજ્જવલતા ધરે; શુભ લગને જી, જ્યોતિષ ચક્ર તે સંચરે.

જિન જનમ્યા જી, જીણ અવસર માતા ઘરે; તિણ અવસર જી, ઈંદ્રાસણ પણ થરહરે. ત્રુટક.-થરહરે આસન ઈંદ્ર ચિંતે, કોણ અ- વસર એ બન્યો; જિન જન્મ ઉત્સવ કાલ જાણી, અતિહિ આનંદ ઊપન્યો. નિજ સિદ્ધિ સંપતિ હેતુ જિનવર, જાણિ ભક્તે ઉમહ્યો; વિકસંત વદન પ્રમોદ વધતે, દેવનાયક ગહ ગહ્યો. ૧ ઢાલ.- તવ સુરપતિ જી, ઘંટાનાદ કરાવ એ; સુરલોકે જી, ઘોષણા એહ દેવરાવ એ. નરક્ષેત્રે જી, જિનવર જન્મ હુઓ અછે; તસુ ભક્તેં જી, સુરપતિ મંદિર ગિરિ ગછે. ત્રૂટક-ગછતિ મદર શિખર ઊપર, ભુવન જીવન જિન તણો; જિન જન્મ ઉત્સવ કરણ. કારણ, આવજો સવિ સુરગણો. તુમ શુદ્ધ સ- મકિત થાશે નિર્મલ, દેવાધિદેવ નિહાલતાં; આપણાં પાતક સર્વ જાશે, નાથ ચરણ પ-

પ્રાલતાં. ૨ ઢાલ.—એમ સાંભળી જી, સુરવર કોડી બહુ મિલી; જિનવંદન જી, મંદિર ગિરિ સાહામાં ચલી. સોહમપતિ જી, જિનજનની ઘર આવિયા; જિનમાતા જી, વંદી સ્વામી વધાવિયા.—ત્રૂટક. વધાવિયા જિન હર્ષ બહુલે, ધન્ય હું કૃતપુણ્ય એ; ત્રૈલોક્યનાયક દેવ દીઠો, મુઝ સમો કુણ અન્ય એ. હે જગત જનની ! પુત્ર તુમચો, મેરૂ મજ્જન વર કરી; ઉત્સંગ તુમચે વલીય થાપિશ, આતમાં પુણ્યે ભરી. ૩ ઢાલ.—સુરનાયક જી, જિન નિજ કરકમલે ઠવ્યા; પંચ રૂપે જી, અતિશય મહિમાયે સ્તવ્યા. નાટક વિધિ જી, તવ બત્રીશ આગલ વહે; સુરકોડી જી, જિનદર્શનને ઊમહે. ત્રૂટક.—સુર કોડા કોડી નાચતા વલી, નાથ શુચિ ગુણ ગાવતી; અપ્સરા કોડી હાથ જોડી, હાવ ભાવ દિખાવતી. જયો

જયો તું જિનરાજ જગગુરૂ, એમ દે આશીષ એ; અમ્હ ત્રાણ શરણ આધાર જીવન, એક તું જગદીશ એ. ૪ ઢાલ.—સુર, ગિરિવર જી; પાંડુક વનમેં ચીહું દીશે; ગિરિ શિલાપર જી, સિંઘાસણ સાસય વસે. તિહાં આણી જી, શક્રે જિન ખોલે ગ્રહ્યા; ચોસઠ જી, તિહાં સુરપતિ આવી રહ્યા. ત્રુટક.—આવિયા સુરપતિ સર્વ ભગતે, કલશ શ્રેણી બણાવ એ; સિદ્ધાર્થ પમુહા તીર્થ ઔષધી, સર્વ વસ્તુ અણાવ એ. અચ્ચુઅપતિ તિહાં હુકમ કીનો, દેવ કોડાકોડીને; જિન મજ્જનારથ નીર લાવો, સર્વે સુર કર જોડિને. ૫

ઢાલ સાતમી.

શાંતીને કારણ ઇંદ્ર કલશા ભરે. એ દેશી

આત્મસાધન રસી દેવકોડી હસી, ઉલ્લસીને ધસી ખીર સાગર દિશી; પઉમદ્રહ

આદિ ૧૬ ગંગપમુહા નઈ, તીર્થંજલ અમલ લેવા ભણી તે ગઈ. ૧ જાતિ અડ કલશા કરિ સહસ અટ્ઠોત્તરા, છત્ર ચામર સિંહાસણ શુભતરા; ઉપગરણ પુપ્ફચંગેરી પમુહા સવે, આગમે ભાખિયા તેમ આણી ઠવે. ૨ તીર્થ જલ ભરિય કર કલશ કરિ દેવતા, ગાવતા ભાવતા ધર્મ ઉન્નતિરતા; તિરય નર અમરને હર્ષ ઉપજાવતા, ધન્ય અમ્હ શક્તિ શુચિ ભક્તિ ઇમ ભાવતા. ૩ સમકિત બીજ નિજ આત્મ આરોપતા, કલશ પાણી મિષે ભક્તિ જલ સીંચતા; મેરુસિહરોવરિ સર્વ આવ્યા વહી, શક્ર ઉત્સંગ જિન દેખિ મન ગહગહી ૪

વસ્તુછંદ.-હંહોદેવા હંહોદેવા, અણાઇકાલો અદિઠપુવ્વો, તિલોયતારણો તિલોયબંધુ, મિચ્છત મોહ વિદ્ધંસણો; અણાઇતિણ્હાવિણાસણો, દેવાહિદેવો દિઠ્ઠહિયકામેહિં. ૫

ઢાલ તેહીજ—અમપભણુંત. વાગભવણ જોઇ સરા, દેવ વેમાણિયા ભત્તિ ધમ્માયંરા, કેવિ કપ્પઠ્ઠિયા કેવિ મિત્તાણુગા, કેવિ વર રમણિ વયણેણ અઇ ઊઠ્ઠિગા. ૬

વસ્તુ છંદ.—તથ્થ અચ્ચુય તથ્થ અચ્ચુય ઈંદ આદેસ, કર જોડી સવિ દેવગણ, લેય કલસ આદેસ પામિય; અદભુત રૂપ સરૂપ જુઅ, કવણ એહ ઊઠ્ઠિગ સામિયં. ઈંદ કહે જગ તારણો, પારગ અમ પરમેસ, નાયક દાયક ધમ્મનિહિ, કરીયે તસ્સ અભિસેસ. ૭

ઢાલ આઠમી.

તીર્થકમલદલ ઊદક ભરીને. પુષ્કર સાગર આવે. એ દેશી.

પૂર્ણકલશ શુચિ ઊદકની ધારા, જિનવર અંગે નામે; આતમ નિરમલ ભાવ કરંતાં, વધતે શુભ પરીણામે. ૧ અચ્ચુતાદિક સુરપતિ

મજ્જન; લોકપાલ લોકંત; સામાનિક ઇંદ્રાણી પમુહા, એમ અભિષેક કરંત. ૨ ગાહા.-તવ ઇસાણ સુરિંદો, સક્કં પભણેઇ કરઇ સુપસાઓ; તુમ અંકે મહ નાહો, પિણમિતં અપ્પ્હુ અ ચ્પેહ્. ૩ તા સક્કિંદો પભણેઇ. સાહમ્મિવચ્છુ લંમી. બહુ લાહો; આણા એવં તેણં, ગિણ્હિ હુ હવો ઉક્કયચ્ચા ભો. ૪

(એમ કહી સર્વ સ્નાત્રીયા કલશ નામે. અને મુખથી નીચે પ્રમાણે કહે.)

ઢાલ તેહીજ. સોહમ સુરપતિ વૃષભ રૂપ કરી, ન્હવણ કરે પ્રભુ અંગ; કરિય વીલેપણ પુષ્પ માલ ઠવી, વર આભરણ અભંગ. ૫ તવ સુર વર બહુ જય જય રવ કરી, નાચે ધરિ આણંદ; મોક્ષ માર્ગ સારથપતિ પામ્યો, ભાંજશું હવે ભવફંદ. ૬ કોડિ બતીસ સોવન ઉવારી, વાજંતે વર નાદે; સુરપતિ સંઘ અમર

શ્રીપ્રભુને, જનનીને સુપ્રસાદે. ૭ આણી થાપી એમ પયંપે, અમ નિસ્તરિયા આજ; પુત્ર તુમારો ધણીય હમારો, તારણ તરણ ઝહાજ ૮ માત જતન કરી રાખજો એહને, તુમ સુત અમ આધાર; સરપતિ ભગતિ સહિત નંદી સર, કરે જિનભક્તિ ઉદાર. ૯ નિય નિય કપ્પ ગયા સવિ નિર્જર, કહેતા પ્રભુ ગુણ સાર; દીક્ષા કેવલજ્ઞાન કલ્યાણક, ઇચ્છા ચિત્ત મઝાર. ૧૦ ખરતર ગચ્છ જિન આણારંગી, રાજસાગર ઊવઝાય; જ્ઞાનધર્મ દીપચંદ સુ- પાઠક, સુગુરૂતણે સુપસાય. ૧૧ દેવચંદ્ર જિન ભક્તે ગાયો, જન્મ મહોત્સવ છંદ; બોધ બીજ અંકૂરે ઊલ્લસ્યો, સંઘ સકલ આનંદ. ૧૨

કલશ

રાગ વેલાઉલ.

ઇમ પૂજા ભગતે કરો, આતમ હિતકાજ

તજિય. વિભાવ નિજ ભાવમેં, રમતા શિવરાજ. ઇમ૦ ૧ કાલ અનંતે જે હુઆ, હોશે જેહ જિણંદ; સંપઇ સીમંધર પ્રભુ, કેવલ નાણ દિણંદ. ઇમ૦ ૨ જન્મ મહોત્સવ એણી પરે, શ્રાવક રુચિવંત; વિરચે જિન પ્રતિમા તણું, અનુમોદન ખંત. ઇ૦ ૩ દેવચંદ્ર જિનપૂજના, કરતાં ભવપાર; જિનપડિમા જિન સારિખી, કહી સૂત્ર મઝાર. ઇમ૦ ૪ ઇતી પંડિત શ્રી દેવચંદ્રજીકૃત સ્નાત્રપૂજા સંપુર્ણ.

અષ્ટપ્રકારી પુજાના દુહા

૧ લી જલ પૂજા

ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર;
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર. ૧
ભાવસ્તવનને કારણે, દ્રવ્યસ્તવ અધિકાર;
કારણથી કારજ સધે, તેણે ધર પૂજ ઉદાર. ૨
ઇણી પરે જળ પૂજા કરી, કરીએ આપ્પા શુદ્ધ;
માને છિન્નુ જે એહમાં, જાણે તેહ અબુદ્ધ. ૬

૨ જી ચંદન પૂજા

હવે કરવા ગુણ વાસના, અસંખ્યાત પ્રદેશ;
ચંદનની પૂજા કરો, આણી ભાવ વિશેષ; ૪
પૂજાને પરિણામ દાઉ, કરો ચંદનકી રીત;
શીતળતાને સુગંધતા, જિમ ભાજે ભવભીત. ૫

૩ જી કુસુમ પૂજા

હવે ત્રીજી સુમનસ તણી, પૂજા અતિહિ ઉદાર;
સુમનસ સુખ જિણથી લહે, તિણે સુમનસ પરકાર.
પ્રણિધાને સદ્ગતિ હોયે, પૂજથી કિમ નવિ હોય;
સુમનસ ભાવે દુર્ગતા, પૂજ પંચાશક જોય. ૭

૪ થી ધુપ પૂજા

હુતાશનથી કક્ષ જ્યુ, તિમ ધ્યાનાનલે કર્મ;
તિણ મિશ ધુપ પૂજા કરો, પામો જ્યું શિવશર્મ ૮
ઇણપરિ ધુપ પૂજા કરી, જિન આગળ શુભ ભાવ;
ટાળિ વિભાવનાં પરિણતી, દૂર કરો પરભાવ. ૯

૫ મી દીપ પૂજા

જગ પ્રદિપ પુર દીપ શુભ, કરતાં ભાવો ચોઢ઼ા

અવસાણ્યું જે અનાદિનું, જ્ઞાન લહો નિજ તેહ ૧૦
કેવળનાણ પઇવશું, જ્યું લહે લોકાલોક;
ઇણુ પૂજા દ્રવ્ય દીપની, કરતાં શિવફળ રોક. ૧૧

૬ ઠી અક્ષત પૂજા.

હવે અક્ષત પૂજા કરો, શાલિવ્રીહિ ગોધૂમ;
ઊજવળ પ્રભુ પુર ઢોઇને, ટાળો મોહકી ધુમ. ૧૨
અક્ષય ફળ લેવા ભણી, અક્ષત પૂજ ઉદાર;
ઇહભવ પણ નવિ ક્ષય હોયે, રાજ રિદ્ધિ ભંડાર ૧૩

૭ મી નૈવેદ્ય પૂજા.

હવે નૈવેદ્ય નિવેદના, કીજે જિમ હલિરાય;
ભાવ નિર્વેદ પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય. ૧૪
કર્તા ભોક્તા મુજ નહીં, પુદ્ગલ ભાવનો જીવ;
તિણે પુદ્ગલની ત્યાજના, કરતાં શર્મ સદૈવ. ૧૫

૮ મી ફળ પૂજા.

ફળ પૂજા કરતાં થકાં, સફલ કરો અવતાર;
ફલ માગો પ્રભુ આગલે, તાર તાર મુજ તાર. ૧૬

જસ કેલ ઓપમ જગ નહીં, પામ્યા પછી ન અંત
અવ્યાબાધ અચલ અરૂજ, માગો સુખ અનંત૧૭

અથ ગૌતમ સ્વામોનો રાસ પ્રારંભઃ

પ્રથમ ભાષા.

વીર જિનેસર ચરણ કમલ, કમલા કય વાસો; પણ મવિ પભણિશું સામિ સાલ, ગોયમ ગુરૂ રાસો; મણ તણુ વયણ એકંત કરવિ, નિસુણો ભો ભવિયાં; જિમ નિવસે તુમ્હ દેહ ગેહ, ગુણ ગણ ગહ ગહિયા. ૧ જંબુદ્દીવ સિરિ ભરહ ખિત્ત, ખોણીતલ મંડાણ; મગધ દેસ સેણિય નરેસ, રિઊદલ બલ ખંડાણ; ધણવર ગુબ્બર ગામ નામ, જિહાં જાણગુણ સજ્જા; વિપ્પ વસે વસુભૂઇ તથ્થ, જસુ પુહવી ભજ્જા. ૨ તાણ પુત્ત

સિરિ ઇંદ્ર.ભુઇ, ભુવનત્રય પસિધ્ધો; ચઉદહ
વિદ્યા વિવિહ રૂવ, નારીરસ વિધ્ધો; વિનય
વિવેક વિચાર સાર, ગુણ ગણહ મનોહર;
સાત હાથ સુપ્રમાણ દેહ, રૂપે રંભાવર. ૩
નયણ વયણકર ચરણ જિણ, વિપંકજ જલ
પાડીય; તેજે તારાચંદ સૂર, આકાશ ભમા-
ડિય; રૂવે મયણ અનંગ કરવિ, મેલ્હિઓ
નિરધાડીય; ધીરમેં મેરૂ ગંભીર સિંધુ, ચં-
ગમચયં ચાડીય. ૪ પેખવિ નિરૂવ મરૂવ
જાસ, જિણ જંપે કિંચિય; એકાકી કિલ
ભીતં ઇથ્થ, ગુણ મેલ્હા સંચિય; અહવા
નિશ્ચે પુન્ન જમ્મ, જિનવર ઇણ અંચિય;
રંભા પઉમા ગવરી ગંગા, રતિહા વિધિ
વંચિય. ૫ નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઇ,
જસુ આગલ રહિઓ; પંચ સયા ગુણ પાત્ર
છાત્ર, હીંડે પ.વરિઓ; કરે નિરંતર યજ્ઞ

કર્મે, મિથ્યા મતિ મોહિય; ઇણુ છલ હોસે ચરમ નાણ, દંસણહ વિસોહિય. ૬

વસ્તુ છંદ.

જંબુદીવહ જંબુદીવહ ભરહ વાસંમિ, ખોણી તલ મંડણો; મગધ દેસ સેણીય નરેસર, વર ગુબ્બર ગામ તિહાં; વિપ્પ વસે વસુભુઇ સુંદર, તસુ ભજ્જા પુહવિ સયલ, ગુણ ગણ રૂવ નિહાણ; તાણ પુત્ત વિજ્જા નિલઓ, ગોયમ અતિહિ સુજાણ. ૭

દ્વિતીય ભાષા.

ચરમ જિનેસર કેવલ નાણી, ચઉવિહ સંઘ પઇઠા જાણી; પાવાપુર સામી સંપત્તો, ચઉવિહ દેવનિકાયે જુત્તો. ૮ દેવે સમવ સરણ તિહાં કીજે, જિણ દીઠે મિથ્યામતિ ખીજે; ત્રિભુવન ગુરૂ સિંહાસણ બઇઠા, તત ખિણ મોહ દિગંતે પઇઠા ૯ ક્રોધ માન

માદી મદ પૂરા, જાયે નાઠા જિમ દીન ચોરા; દેવ દુંદુહિ આકાશે વાજી, ધરમ નરેસર આવિઓ ગાજી. ૧૦ કુસુમ વૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચોશઠ ઇંદ્ર જસુ માગે સેવા; ચામર છત્ર સિગેવરિ સોહે, રૂપે જિનવર જગ સહુ મોહે. ૧૧ ઉવસમ રસભર ભરી વરસંતા, જોજન વાણિ વખાણ કરંતા; જાણવિ વદ્ધમાણ જિન પાયા, સુરનર કીન્નર આવે રાયા. ૧૨ કાંતી સમૂહે ઝલહલકંતા, ગયણ વિમાને રણ રણકતા; પેખવિ ઇંદ્ર ભૂઇ મન ચિંતે, સુર આવે અમ્હ જગન હોવંતે. ૧૩ તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પહોતા ગહગહતા; તો અભિમાને ગોયમ જંપે, ઇણ અવસરે કોપે તણું કંપે. ૧૪ મૂઢ લોક અજાણિઉં બોલે, સુર જાણંતા ઇમ કાંઇ ડોલે; મુજ આગલ કોઇ

જાણ ભાણીજે, મેરૂ અવર કેમ ઉપમાં દીજે. ૧૫

વસ્તુ છંદ.

વીર જિનવર વીર જિનવર નાણ સ પન્ન, પાવાપુરી સુર મહિય પત્તનાહ સંસાર તારણ; તિહિં દેવેહિં નિમ્મવિય સમવસરણ બહુ સુખ કારણ, જિનવર જગ ઉજ્જોય કરે તેજે કરિ દિનકાર; સિંહાસણ સામિય ઠવિઓ હુઓ તે જયજયકાર. ૧૬

તૃતીય ભાષા.

તો ચઢિઓ ઘણમાણ ગજે, ઇંદભૂઇ ભૂયદેવ તો; હુંકારો કરી સંચરિઓ, કવણ સુજિણવર દેવ તો ૧૭ જોજન ભૂમી સમોવ સરણ, પેખવી પ્રથમારંભ તો, દહદિસિ દેખે વિબુધ વધૂ, આવંતી સુરરંભ તો. ૧૮ મણિમય તોરણ દંડ ધજ, કોસીસે નવ

ઘાટ તો; વયર . વિવર્જિત જંતુગાણ; પ્રાતી-
હારજ આઠ તો. ૧૯ સુરનર કિન્નર અ-
સુરવર, ઈંદ્ર ઇંદ્રાણી રાય તો; ચિત્ત ચમ-
ક્કિય ચિંતવે એ, સેવંતાં પ્રભુ પાય તો. ૨૦
સહસ કિરણ સમ વીર જિણ, પેખવી રૂપ
વિસાલ તો; એહ અસંભવ સંભવ એ; સાચો
એ ઇંદ્રજાલ તો. ૨૧ તવ બોલાવે ત્રિજગ
ગુરૂ, ઇંદભૂઇ નામેણ તો; શ્રી મુખ સંસય
સામિ સવે, ફેડે વેદ પએણ તો. ૨૨ માન
મેલ્હિ મદ ઠેલિ કરી, ભગતે નામે સીસ તો;
પંચસયાશું વ્રત લિઓએ, ગોયમ પહિલો
સીસતો. ૨૩ બંધવ સંજમ સુણવિ કરિ,
અગ્નિ ભૂઇ આવેઇ તો; નામ લેઇ આભાષ
કરે, તે પુણ પ્રતીબોધેઇ તો. ૨૪ ઇણિ
અનુક્રમે ગણહર રયણ, થાપ્યા વીર ઇગ્યાર
તો; તો ઉપદેશે ભુવન ગુરૂ, સંજમશું વ્રત

બાર તો. ૨૫ બિહું ઉપવાસે પારણું એ, આપણપે વિહિરંત તો; ગોયમ સંયમ જગ સયલ, જય જયકાર કરંત તો. ૨૬

વસ્તુ છંદ.

ઇંદભૂઇ ઇંદભૂઇ ચઢિય બહુ માન, હું કારો કરિ કંપતો સમવસરણ પુહતો તુરંતો, ઇહ સંસા સામિ સવે ચરમનાહ ફેડે ફુરંતો; બોધ બીજ સજ્જાય મને ગોયમ ભવહ વીરત્ત; દિખ્ખ લેઇ સિખ્ખા સહિય, ગણ હર પય સંપત્ત. ૨૭

ચતુર્થ ભાષા.

આજ હુઓ સુવિહાણ, આજ પચે- લિમાં પુણ્ય ભરો; દીઠા ગોયમ સામિ, જો નિય નયણે અમિય ભરો. ૨૮ સિરિ ગોયમ ગણહાર, પંચ સયા મુનિ પરવરિયા; ભૂમિય કરય વિહાર, ભવિયાં જન પડિબોહ કરે.

૨૯ સમવસરણ મઝાર, જે જે સંસય ઉપજે એ; તે તે પર ઉપગાર, કારણ પૂછે મુનિપ્રવરો. ૩૦ જિહાં જિહાં દીજે દિખ્ખ, તિહાં તિહાં. કેવલ ઉપજે એ; આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઇમ. ૩૧ ગુરૂ ઉપર ગુરૂ. ભત્તિ, સામી ગોયમ ઉપનિય; ઇણ છલ કેવલ નાણ, રાગજ રાખે રંગભરે. ૩૨ જો અષ્ટાપદ શૈલ, વંદે ચઢિ ચઉવીસ જિણ; આતમ લબ્ધિ વસેણ, ચરમ સરીરી સોઇ મુનિ. ૩૩ ઇઅ દેસણ નિસુણેઇ, ગોયમ ગણહર સંચરિઓ; તાપસ પન્નર સએણ, તો મુનિ દીઠો આવતોએ. ૩૪ તવ સોસિય નિય અંગ, અમ્હ સક્તિ નવિ ઊપજેઓ; કિમ ચઢશે દૃઢ કાય, ગજ જિમ દીસે ગાજતોએ. ૩૫ ગિરૂઓ એ અભિમાન, તાપસ જો મન ચિંતવે એ; તો મુનિ ચઢિ-

આ વેગ, આલંબવિ દિનકર કિરણ. ૩૬ કંચણ મણિ નિપ્પન્ન, દંડ કલસ ધજ વડ સહિય; પેખવિ પરમાણંદ, જિણહર ભરહેસર મહિઅ. ૩૭ નિય નિય કાય પ્રમાણ, ચિહું દિસિ સંઠિઅ જિણહ બિંબ; પણમવિ મન ઉલ્લાસ, ગોયમ ગણહર તિહાં વસાય. ૩૮ વયર સામીનો જીવ, તીર્યક જૃંભક દેવ તિહાં; પ્રતિબોધ પુંડરીક, કંડરીક અધ્યયન ભણી. ૩૯ વલતા ગોયમ સામિ, સવી તાપસ પ્રતિ બોધ કરે; લેઇ આપણે સાથ, ચાલે જિમ જૂથાધિપતિ. ૪૦ ખીર ખંડ ઘૃત આણિ, અમિઅ વુઠ અંગુઠ ઠવે; ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવે. ૪૧ પંચસયા સુભ ભાવ, ઉજ્જલ ભરિઓ ખીરમીશે; સાચા ગુરૂ સંજોગ, કવલ તે કેવલ રૂપ હુઆ ૪૨ પંચસયા જિણનાહ, સમવસરણ પ્રાકાર ત્રય;

પેખવિ કેવલ નાણ, ઉપ્પન્નો ઉજ્જોય કરે.
૪૩ જાણે જિણહુ પિયૂષ, ગાજંતી ઘણ મેઘ
જિમ; જિણવાણી નિસુણેઇ, નાણી હુઆ
પંચસયા. ૪૪

વસ્તુ છંદ.

ઇણે અનુક્રમે ઇણે અનુક્રમે નાણ
સંપન્ન, પન્નરહસય પરવરિય હરિય દુરિય
જિણનાહ વંદે; જાણવિ જગ ગુરૂ વયણ
તિહ નાણ અપ્પાણ નિંદે, ચરમ જિણેસર
ઇમ ભણે ગોયમ મ કરિસ ખેઓ; છેહ જઇ
આપણ સહી હોસું તુલ્લા બેઓ ૪૫

પંચમ ભાષા.

સામિઓ એ વીર જિણંદ, પૂનિમચંદ
જિંમ ઉલ્લાસિઅ; વિહરિઓ એ ભરહવાસ-
મિ, વરિસ બહુત્તર સંવસિઅ; ઠવતો એક
ણય પઉમેવ, પાય કમલ સંઘે સહિઅ;

આવિઓ એ નયણાણંદ, નયર પાવાપુરિ સુર મહિય. ૪૬ પેખિઆ એ ગોયમ સામિ, દેવસમા પ્રતિબોધ કરે; આપણ એ ત્રિશલા દેવિ, નંદન પહોતો પરમ પએ; વલતો એ દેવ આકાશ, પેખવિ જાણિય જિણ સમે એ; તો મુનિએ મન વિખવાદ, નાદ ભેદ જિમ ઉપનો એ. ૪૭ કુણ સમા એ સામિય દેખિ, આપ કન્હે હું ટાલિઓ એ; જાણતો એ તિહુઅણ નાહ, લોક વિવહાર ન પાલિઓ એ; અતિ ભલું એ કીધલું સામિ, જાણિઉં કેવલ માગશે એ; ચિંતવિઉં એ બાલક જેમ, અહવા કેડે લાગશે એ. ૪૮ હું કિમ એ વિર જિણંદ, ભગતે ભોલો ભોલવ્યો એ; આપણો એ અવિહડ નેહ, નાહ ન સંપે સાચવ્યો એ; સાચો એ ઇહ વિતરાગ, નેહ ન જેણે લાલિઓ એ; ઇણ સમે એ ગોયમ

ત્રિત, રાગ વૈરાગે વાલિઓ એ. ૪૯ આ॰ વતો એ જો ઊલટ, રહેતો રાગે સાહિઓ એ; કેવલ એ નાણુ સંપન્ન, ગોયમ સેહેજે ઊમાહિઓ, એ; ત્રિભુવન એ જય જયકાર, કેવલ મહિમા સુર કરે એ; ગણધરૂ એ કરય વખાણુ ભવિયણુ ભવ ઇમ નિસ્તરે એ. ૫૦

વસ્તુ છંદ.

પઢમ ગણહર પઢમ ગણહર વરસ પંચાસ, ગિહિવાસે સંવસિય તીસ વરિસ સંજમ વીભૂસિય; સિરિ કેવલ નાણ પુણ બાર વરિસ તિહુયણ નમંસિય, રાયગિહિ નયરી ઠવિઅ બાણુવઇ વરિસાઓ; સામી ગોયમ ગુણ નિલો હોશે સિવપુર ઠાઓ. ૫૧

ષષ્ઠ ભાષા.

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસું આવને પરિમલ મહકે; જિમ ચંદન સુગંધ

નિધિ, જિમ ગંગાજલ લહેરે લહકે, જિમ કણયાચલ તેજે ઝલકે, તિમ ગોયમ સૌભાગ નિધિ. પર. જિમ માન સરોવર નિવસે હંસા, જિમ સુરવર સિરિ કણય વતંસા, જિમ મહુયર રાજીવ વની; જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે; તિમ ગોયમ ગુણ કેલિવની. ૫૩ પૂનિમ નિસિ જિમ સસિ હર સોહે, સુરતરૂ મહિમા જિમ જગ મોહે, પૂરવ દિસિ જિમ સહસ કર; પંચાયણ જિમ ગિરિવર રાજે, નરવઈ ઘર જિમ મયગલ ગાજે, તિમ જિન શાસન મુનિ પવરો. ૫૪ જિમ સુરતરૂવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાખા, જિમ વન કેતકી મહમહે એ; જિમ ભૂમિપતિ ભુયબલ ચમકે, જિમ જિન મંદિર ઘંટા રણકે, તિમ ગોયમ લબ્ધિ હિ ગહગહે એ. ૫૫ ચિંતા-

મણિ કર ચઢિઓ આજ, સુરતરૂ સારે વંછિત કાજ, કામ કુંભ સવિ વશ હુઆ એ; કામ ગવી પૂરે મન કામિય, અષ્ટ મહા સિદ્ધિ આવે ધામીય, સામી ગોયમ અણુસરોએ. ૫૬ પણ વખ્ખર પહેલો પભણીજે, માયા બીજ શ્રવણ નિસુણીજે, શ્રીમતી શોભા સંભવે એ; દેવહ ધુરિ અરિહંત નમીજે, વિનય પહુ ઉવજ્ઝાય થુણીજ, ઈણ મંત્રે ગોયમ નમો એ. ૫૭ પુર પુર વસતાં કાંઇ કરીજે, દેશ દેશાંતર કાંઇ ભમીજે, કવણ કાજ આયાસ કરો; મહ ઉઠી ગોયમ સમરીજે, કાજ સુમંગલ તતખણ સીજે, નવનિધિ વિલસે તાસ ઘરે. ૫૮ ચઊદહ સય બારોત્તર વરસે, ગોયમ ગણહર કેવલ દિવસે, કિયું કવિત ઊપગાર કરો; આદે મંગલ અહ પભણીજે, પરવ મહોત્સવ પહિલો લીજે, રિદ્ધ વૃદ્ધિ

કલ્યાણ કરો. ૫૯ ધન્ય માતા જિણે ઉદરે ધરિયા, ધન્ય પિતા જિણ કુલ અવતરિયા; ધન્ય સહગુરૂ જિણે દિખિયા એ; વિનય વંત વિદ્યા ભંડાર, જસ ગુણ પુહવિ ન લબ્ભે પાર, વડ જેમ સાખા વિસ્તરો એ. ૬૦ ગૌતમ સ્વામી તણો એ રાસ, ભણતાં ગુણતાં લીવ વિલાસ, સયલ સંઘ મંગલ કરો એ. ગૌતમ સ્વામીનો રાસ ભણીજે, ચઉવિહ સંઘ રલિઆયત કીજે, ખેલા ખેલે રંગ ભરો એ. ૬૧ કુંકુમ ચંદન છડો દેવરાવો, માણક મોતિએ ચોક પૂરાવો, રયણ સિંહાસણ બે-સણું એ; તિહાં બેસી ગુરૂ દેશના દેશે, ભ-વિક જીવનાં કાજ સરીશે, વિજય ભદ્ર સૂરિ ઇમ ભણે એ. ૬૨ ઇતિ ગૌત્તમસ્વામીનો રાસ.

અથ પ્રભાત સ્તવન.

આત્મહિત પ્રભાત સ્તવન. ૧

પ્રાત ભયો સમર દેવ, પુણ્ય કાલ જાતરે,
સુકૃત હે અવસર જો, પિછે પિછતાત રે. પ્રા૦૧
ગાફીલ હોય રહ્યો કહા, દુર્લભ નરભવ મહા;
આલસ યાં દુષ્ટ તેરે, ધર્મકૂં ચૂરાતરે. પ્રા૦૨
ઇષ્ટ મંત્રકુ સંભાર, સંવરકું હિયે ધાર,
જિનકું જયકાર જપીં, સ્વભાવ ગિહ આતરે,
પ્રા૦ ૩ પુત્રાદિક દૂર ટાર, ચિત્તશું ઉતાર
નારહ નિંદડી નિવાર એસે, ધ્યાનકું ભુલાત
રે. પ્રા૦ ૪ કરણ એ કુરંગ જાણ, ચંચલ
મનકુ પિછાણ; ઇનકું તું વશ આણ, તેરો
ફુલ્યો ખેત ખાતરે. પ્રા૦ ૫ લાભ અરૂ અ-
લાભ હોય, મેટ શકે નાહીં કોય; હોનહાર

સોઇ હોય, કાહેકું સઠ પિછાત રે. પ્રા૦ ૬
જગતરામ પ્રભુ નામ, જપો તુમ વિસાર કામ;
સબે સિદ્ધ હોત પૂજ્ય, ગુરૂજી બતાતરે. પ્રા૦ ૭

આત્મહિત પ્રભાત સ્તવન. ૨

પ્રાત ભયો જાગ પ્યારે, ધર્મ માર્ગ લાગરે;
દુષ્ટ બુદ્ધિ કામ ક્રોધ, લોભ મોહ ત્યાગરે.
પ્રા૦ ૧ પાંચશું પ્રપંચ છોડ, પાંચહીશું હેત
જોડ; પાંચહિશું કરો કોડ, પાંચહીકું પાગરે.
પ્રા૦ ૨ પન્નરેશું પ્રીત ખોય, તેરેશું ત્યાગ
હોય; સત્તરેકી બીજ બોય, સાતનશું ભાગરે.
પ્રા૦ ૩ નવશું તુમ નેહ કરો, દ્વાદશ દિલ.
માંહિ ધરો; જીતકે ભંડાર ભરો, પાવો શિવ
માગરે. પ્રા૦ ૪

ઋષભદેવ જિન પ્રભાત સ્તવન.

ઊઠત પ્રભાત નામ, જિનજીકો ગાઇએ.

ઊઠત૦ ટેક, નાભિજીકે નંદકે, ચરણ ચિત્ત લાઇયે. આનંદકે કંદ જાકું, પૂજિત સુરિંદ વૃંદ; એસે જિનરાજ છોડ, ઓરકું ન ધ્યાઇયે. ઊ૦ ૧ નયરી અયોધ્યા ઠામ, માતા મરૂદેવા નામ; લંછન વૃષભ જાકે, ચરણાં સુહાઇયે. ઊ૦ ૨ પાંચસેં ધનુષ્ય માન, દિપત કનક વાન; ચોરાશી પૂરવ લક્ષ. આયુ થિત પાઇયે. ઊ૦ ૩ આદિનાથ આદિદેવ, સુરનર સારે સેવ; દેવનકે દેવ પ્રભુ, સબે સુખ દાઇયે. ઊ૦ ૪ પ્રભુકે પાદારવિંદ, પૂજત હરખચંદ; મિટયા દુઃખદંદ સુખ, સંપદા બઢાઇયે. ઊ૦ ૫

આત્મશિખ શ્રી પાસજિન પ્રભાત સ્તવન.

ઊઠોને મોરા આતમરામ, જિન મુખ જોવા જઇયેરે; ઊઠો૦ ટેક. જિનજીનું દર્શન છે અતિ દોહલું, તે કયમ સોહિલું જાણોરે; વારવાર

માનવ ભવ એવો, જડવો મુશ્કિલ હાંણુંરે. ઊ૦ ૧ ચાર દિવસનો ચટકો મટકો, દેખીને મત રાચોરે; વિણશી જાતાં વાર ન લાગે, કાયા ઘટ છે કાચોરે. ઊ૦ ૨ હીરો હાથ અમૂલક આચો, મૂઢ હુઇ મત ગમજ્યોરે; સહિજ સલૂણા પાસ જિનંદશું, રાજી હુઇ દિલ રમજ્યોરે. ઊ૦ ૩ અનંત ગુણે ભરીયો એ જિનવર, પૂરવ પુણ્યે પાયોરે; એહને દેખી દિલમેં આનંદ, કર તું સદા સવાયોરે. ઊ૦ ૪ મન માનિતા મહારા આતમ, કરજે સુકૃત કમાઇરે; લાભ ઉદય જિનચંદ લહીને, વર તું સિદ્ધ વધાઇ રે. ઊ૦ ૫

અથ છંદાધિકાર પ્રારંભઃ

શ્રી ગૌતમ અષ્ટક છંદ.

વીર જિણેસર કેરો શીષ, ગૌતમ નામ જપો નિસદિસ; જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વીલસે નવે નિધાન. ૧ ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવંછિત હેલાં સંપજે; ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ૨ જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામેં નાવે ઢુંકડા; ભૂત પ્રેત નવી મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ. ૩ ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય; ગૌતમ જિનશાસણ શીણગાર, ગૌતમ નામે જય જયકાર. ૪ સાલ દાલ સુરહા ઘૃત ઘોલ, મન વંછિત કાપડ તંબોલ; ઘરશું ઘરાણી નિ.

र्मल चित्त, गैातम नामे पुत्र विनित. ५ गैातम उदयो अवीचल भाण, गैातम नाम जपो जग जाण; मोटा मंदीर मेरू समान, गैातम नामे सफल विहाण. ६ घर मयगल घोडानी जोड, वारू पोहोंचे वंछित कोड; महियल माने मोटा राय, जो तुठे गैातमना पाय. ७ गैातम प्रणम्यां पातिक टळे, गैातम नरनी संगत मळे; गैातम नामे निर्मल ज्ञान, गैातम नामे वाधे वान. ८ पुन्यवंत अवधारो सहु, गुरू गैातमना गुणछे बहु; कहे लावण्य समय करजोड, गैातम तुठे संपत कोड. ९ इति

अथ नवकारनो छंद.

दुहा—वंछित पुरे विविध परे, श्री जिन शासन सार; निश्चे श्री नवकार नित, जपतां जय जयकार. १ अडसठ अक्षर

અધિક ફલ, નવ.પદ નવે નિધાન; વિતરાગ શ્રી મુખ વદે, પંચ પરમેષ્ટિ પ્રધાન. ૨ એકજ અક્ષર એક ચિત્ત, સમરયાં સંપત્તિ થાય; સંચિત સાગર સાતનાં, પાતિક દૂર પલાય ૩ સકલ મંત્ર સિર મુગટ મણી, સદ્ગુરૂ ભાષિત સાર; સો ભવિયાં મન સુદ્ધશું, નિત્ય જપીએ નવકાર. ૪ છંદ– નવકાર થકી શ્રીપાલ નરેશર, પાંમ્યો રાજ્ય પ્રસિદ્ધ; સમશાન વિષે શીવ નામ કુમરને, સોવન પુરિષો સિદ્ધ; નવલાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર; સોભવિયાં ભત્તે ચોખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર. ૫ બાંધિ વડ શાખા શિંકુ બેસિ, હેઠલ કુંડ હુતાસ; તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડયો તે આકાશ; વિધિ રીતે જપતાં વિષધર વિષ ટાલે, ઢાલે અમૃત ધાર. સો૦ ૬ બીજોરા કારણ રાય મહાબલ,

વ્યંતર દુષ્ટ વિરોધ; જેણે નવકારે હુવ્યા ટા-
ળિ, પામ્યો યક્ષ પ્રતિબોધ; નવલાખ જપતાં
થાએ જિનવર, ઇસ્યો છે અધિકાર. સો૦ ૭
પલ્લિપતિ શિખ્યો મુનિવર પાસે, મહા મંત્ર
મન શુદ્ધ; પરભવ તે રાજસિંહ પ્રથવિપતિ,
પામ્યો પરિઘલ રિદ્ધ; એ મંત્ર થકી અમરાપુર
પોહોતો, ચારૂદત્ત સુવિચાર. સો૦ ૮ સન્યા-
સિ કાસિ તપ સાધંતો, પંચાગ્નિ પરજાલે;
દિઠો તે શ્રી પાસ કુમારે પન્નગ. અધબળતો
તે ટાલે; સંભલાવ્યો શ્રી નવકાર સ્વયં મુખે
ઇંદ્ર ભુવન અવતાર. સો૦ ૯ મન શુધ્ધે જ-
પતાં મયણાં સુંદરી, પામી પ્રિય સંજોગ;
એણે ધ્યાન થકી કુષ્ટ ટલ્યું ઊંબરનું, રગત
પીતનો રોગ; નીશ્ચેશું જપતાં નવ નિધ
થાયે, ધર્મ તણો આધાર. સો૦ ૧૦ ઘટ
માંહે કરેન ભુજંગમ ઘાલ્યો, ઘરાણી કરવા

ધાન; પરમેષ્ઠિ પ્રભાવે હાર ફુલનો, વસુધા માંહિ વીખ્યાત; કલાવતીએ પીંગલ કીધો, પાપ તણો પરીહાર. સો૦ ૧૧ ગયણાંગણ જાતિ રાખી થંભીને, પાડી બાણ પ્રહાર; પદ પંચ સુણંતાં પાંડુપત ઘર, તે થઇ કુંતા નાર; એ મંત્ર અમુલક મહિમા મંદિર; ભવદુખ ભંજણહાર. સો૦ ૧૨ કંબલ સંબલે કાદવ કાડયાં, સકટ પાંચસેં માન; દિધે નવકારે ગયા દેવલોકે, વીલસે અમર વીમાન; એ મંત્ર થકી સંપતી વસુધામાં લહી, વિલસે જૈન વિહાર. સો૦ ૧૩ આગે ચોવિસી હુઇ અંનતિ, હોસે વાર અનંત; નવકાર તણી કોઇ આદ્ય ન જાણે, એમ ભાખે અરિહંત; પુરવ દિસી ચ્યારે આદિ પ્રપંચે, સમરયે સંપતિ થાય. સો૦ ૧૪ પરમેષ્ટી સુરપદ તે પણ પામી, જે કૃત કર્મ કઠોર;

પુંડરગિરિ ઊપર મતક્ષ પેખ્યો, મણિધર એક મોર; સદ્ગુરૂ સન્મુખ વિધે સમરંતાં, સફલ જનમ સંસાર. સો૦ ૧૫ પંચ પરમેષ્ટી જ્ઞાનજ પંચહ, પંચ દાન ચારીત્ર; પંચ સઝાય મહા વ્રત પંચહ, પંચ સુમતિ સમકિત; પંચ પ્રમાદ વિષય તજો પંચહ, પાલો પંચાચાર. સો૦ ૧૬ કલસ–નીત જપીએ નવકાર, સાર સંપતિ સુખ દાયક; સિદ્ધ મંત્ર એ શાસ્વતો, એમ જપે શ્રી જગ નાયક; શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ગણીજે; શ્રી ઊવઝાય સુસાધુ, પંચ પરમેષ્ટી થુણીજે, નવકાર સાર સસાર છે, કુસલ લાભ વાચક કહે, એક ચિત્તે આરાધતાં, વિવિધ રિદ્ધિ વંછિત લહે ૧૭

ગોડી પાર્શ્વનાથનો છંદ

દોહા.

ધવલધિંગ ગોડી ધણી, સેવક જન

સાધારણ પંચમ આરે પેખિયે, સાહિબ જગ
શિરદાર. ૧ (ભુજંગ પ્રયાત વૃત્તં)—તજો
માન માયા ભજો ભાવ આણી; વામા નંદને
સેવિયે સાર જાણી, જુવો નાગ નાગિણી નાથ
ધ્યાને, પામ્યા શક્રની સંપદા બોધિ દાને. ૨
વસ્યા પાટણે કાળ કેતો ધરામાં, પધાર્યા પછે
પ્રેમશું પારકરામાં; થરામાં વળિ વાસ કીધો
વિચારી, પૂરે લોકની આશ ત્રૈલોક્ય ધારી. ૩
ધરી હાથમાં લાલ કબાન રંગે, ભિડી ગાન
તડી રાતડી નીલ અંગે; ચડી નીલડી તેજય
વિઘ્ન વારે, ધ્યાયવા હુરાં પંથ ભૂલા સં
ધારે. ૪ જેણે પાશ ગોડી તણા પાય પૂજ્યા,
શત્રુ સર્વદા તેહના સર્વ ધ્રૂજ્યા; સવે દેવ દેવા
થયાં આજ ખોટાં, પ્રભુ પાર્શ્વનાં એક પ્રાક્રમ
મોહોટાં. ૫ ગોડી આપ જોરે નવે ખંડ ગાજે,
જેહથી શાકિની ડાકિની દૂર ભાજે; પુરે કા

મના પાશ્ર્વ ગોડી પ્રસિધ્ધો, હેલાં મોહુગળા જેણે જોર કીધો. ૬ મહા દુષ્ટ દુર્દંત જે ભૂત ભૂંડા, પ્રભુ નામે પામે સર્વ ત્રાસ ગુંડા; જરા જન્મને રોગનાં મૂળ કાપે, આરાધ્યો સદા સંપદા સુખ આપે. ૭ ઉદય રત્ન ભાખે ન- મો પાશ્ર્વ ગોડી, નાખો નાથજી દુઃખની જાલ ત્રોડી. ૧૫

સાધુ સાધવીની સંખ્યા વર્ણનનો છંદ.

ચોપાઇ.

ચઉવીસે જિનનાં સુખકાર, ચઉદ સયાં બાવન અણધાર; લાખ અઠ્ઠાવીશને અડયાલ, સહિસ સવે જિન મુનિ સંભાલ. ૧ લાખ ચુઆલીસ સહસ છયાલ, ખટ સય ખટ અ- ધિકી સંભાલ; જિન કર દિક્ષિત એ સાહુણી, એ સબ સદ્ગતિની પાહુણી. ૨ સહસ અડયાલ

પૈંચાવન લાખ, વ્રતધારક શ્રાવક ઇમ દાખ; એક કોડી પણ લાખ અડતાલીશ, સહસ શ્રાવિકા જિન ચોવીશ. ૩ રૂષભ આદે અંતે શ્રી વીર, પુંડરીક ગૌતમ ગણધીર; બ્રાહ્મી ચંદનબાલા જાણી, આદિ અંતે મુનિ સાહુણી. ૪ શ્રેયાંસ શ્રાવક શંખ શતક વખાણ, સુંદરી સુલસા શ્રાવિકા જાણ; જ્ઞાન વિમલ પ્રભુની વહે આણ, ચઉવિધ સંઘ કરે કલ્યાણ. ૫

મહાવીરાષ્ટક છંદ.

નમો નિત્ય દેવાધિદેવં ચ વીરં, ગરિષ્ટ ગુણૈર્જ્ઞાનદં ધ્યાન ધીરં; જરા જન્મનાં દુઃખ જાયે તે દૂરે, મનોવાંછિત શ્રી મહાવીર પૂરે. ૧ જસ ધ્યાનથી જુઓ શ્રેણિક રાજા, પદ તીર્થનાથં ચ બંધં સકાજા; ભવ એક માંહે ચદુર્ગતિ ચૂરે, મનો૦ ૨ દુષ્ટ ચંડકોશી

અહી ડંક ડારયો, કૃપાનાથ તેહને કૃપાએજ તારયો; દીઓ દેવ વાસો કીઓ દુઃખ દૂરે. મનો૦ ૩ ગિરા વાદ વાદીઅ ગૌતમ આયો, ગણાધાર પદવી લહી પ્રેમ પાયો; ગ્રહી ત્રીપદી જ્ઞાન અજ્ઞાન ચૂરે. મનો૦ ૪ રચે ત્રિગડો દેવતા દેવ રાયા; મલિ ચતુઃષષ્ટિ સબ ઇંદ્ર આયા, ભવો તાપ નિર્નાશિની ભક્તિ ભૂરે. મનો૦ ૫ અતિશય વળી ત્રીશને ચાર ધારી, ગુણ પંચ ત્રીશં ચ વાણી વિચારી, આઠ પ્રાતિહાર્યં સંઘે સનૂરે. મનો૦ ૬ પ્રભુ ભક્તિથી શુદ્ધ સમકિત પાવે, પ્રભુ ભક્તિથી અષ્ટ સિદ્ધિ જયું આવે; પ્રભુ ભક્તિથી પાપનાં ચક્ર ચુરે. મનો૦ ૭ પ્રભુ નામથી પામિયે મુક્તિમાલા, પ્રભુ ધ્યાનથી જવાલીયે કર્મજ્વાલા; પ્રભુ ધ્યાનથી આપદા દુઃખ દૂરે. મનો૦ ૮ ઇદં અષ્ટકં પ્રાતઃકાલે પઠે જે,

કેતાના દિનાં કર્મ ખાયે કટે તે; મહાનંદ પદવી નહીં તાસ દૂરે. મનો૦ ૯ કલશ. એમ વીર જિનવર સંઘ સુખકર, શાસન નાયક સુરતરૂ ;.સિદ્ધારથ નૃપ કુલે દિનકર, ત્રિશલા નંદન જયકરૂ. મેં પુણ્યે પાયો ગુણ ગાયો, અંતર આતમ ઉલ્લસ્યો; હવે સેવક તારો કર્મ વારો, હર્ષ ધરી મુજ હૈયડે વસો.૧૦

ચૈત્યવંદનાધિકાર.

બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જેણે ઉપદિસ્યો, ચોથા અભિનંદન; બીજે જનમ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન. ૦ દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોય ધ્યાન; એમ પ્રકાસ્યુ સુમતિજિને,

તે ચવીયા બીજ દીન. ૨. દોય બંધન રાગ દ્વેશ; તેહને ભવિ તજીએ; મુજપરે શીતલજિન કહે, બીજ દિન શિવ ભજીએ. ૩ જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ; બીજ દિને વાસુપુજય પરે, લહો કેવળ નાણ. ૪ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંત ન ગ્રહીએ; અરજિન બીજ દિને ચવી, એમ જિન આગળ કહીએ. ૫ વર્તમાન ચોવીશીએં, એમ જિન કલ્યાણ; બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ. ૬ એમ અનંત ચોવીશીએ, હુવા બહુ કલ્યાણ; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ. ૭

જ્ઞાન પંચમાનું ચૈત્યવંદન.

ત્રિગડે બેઠા વીર જિન, ભાખે ભવિ જન આગે; ત્રીકરણશું ત્રીહુ લોકજન, નિસુણો મન રાગે. ૧ આરાહો ભલી ભાતશું, પાંચમ

અજુઆળી; જ્ઞાન આરાધન કારણે, એહુજ તિથિ નિહાળી. ૨ જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર; જ્ઞાન આરાધનથી લહે, સિવપદ સુખ શ્રીકાર. ૩ જ્ઞાન રહિત ક્રિયા કહી, કાસ કુસુમ ઉપમાન; લોકાલોક પ્રકાશ કર, જ્ઞાન એક પરધાન. ૪ જ્ઞાની શ્વાસોશ્વાસમેં, કરે કર્મનો છેહ; પુર્વ ક્રોડી વરસાં લગેં, અજ્ઞાની કરે તેહ. ૫ દેશ આરાધક ક્રીયા કહી, સર્વ આરાધક જ્ઞાન; જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬ પંચ માસ લઘુ પંચમી, જાવ જીવ ઉત્કૃષ્ટી; પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દ્રષ્ટી. ૭ એકાવનહી પંચનો એ, કાઉસગ લોગસ કેરો; ઉજમણું કરો ભાવશું, ટાળે ભવ ફેરો. ૮ ઇણી પરે પંચમી આરાહિએ, આંણી ભાવ અપાર; વરદત ગુણમંજરી પરે, રંગ વિજય લહો સાર. ૯

અષ્ટમીનુ ચૈત્યવંદન.

મહા શુદિ આઠમને દિને, વિજયા સુત જાયો; તેમ ફાગણ શુદિ આઠમે, સંભવ ચવી આવ્યો. ૧ ચૈત્ર વદિની આઠમે, જનમ્યા રૂષભ જીણંદ; દિક્ષા પણ એ દિન લહી; હુઆ પ્રથમ મુનિચંદ. ૨ માધવ શુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર; અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩ એહિજ આઠમ ઉજળી, જનમ્યા સુમતિ જિણંદ; આઠ જાતિ કળશા કરી, ન્હવરાવે સુર ઇંદ. ૪ જનમ્યા જેઠ વદિ આઠમે, મુનીસુવ્રત સ્વામી; નેમ અસાડ શુદિ આઠમે, અષ્ટમિ ગતિ પામી. ૫ શ્રાવણ વદિની આઠમે, નમિ જનમ્યા જગ ભાણ; તેમ શ્રાવણ શુદિ આઠમે, પાસજીનું નિરવાણ. ૬ ભાદ્રવા વદિ આઠમ દીને, ચવિયા સ્વામિ સુપાસ; જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવ વાસ. ૭

એકાદશીનું ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો; સંઘ ચતુરવિધ થાપવા, મહાસેન વન આયો. ૧ માધવ સીત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ; ઇંદ્રભુતી આદે મળ્યા, એકાદશ વિજ્ઞ. ૨ એકાદશસેં ચઉગુણા, તેહનો પરિવાર; વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર. ૩ જીવાદિક સંશય હરી એ, એકાદશ ગણધાર; વીરે સ્થાપ્યા વંદિએ, જિન શાસન જયકાર. ૪ મલ્લી જન્મ અરમલ્લી પાસ, વરચરણ વિલાસી; ઋષભ અજિત સુમતિ નમી, મલ્લી ઘન ઘાતી વિનાસી. ૫ પદ્મ પ્રભુ શીવવાસ પાસ, ભય ભવનાં તોડી; એકાદશી દિન આપણી, રિદ્ધ સઘળી જોડી. ૬ દશ ક્ષેત્રે ત્રિહુ કાળનાં, ત્રણસેં કલ્યાણ; વરસ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ. ૭ અગીઆર

અંગ લખાવીએ, એકાદશ પાઠાં; પુંજણી ઠવણી વિંટણી, મસી કાગળ કાઠાં. ૮ અગી આર અવ્રત છાંડવાએ, વહો પડિમા અગિઆર; ખિમા વિજય જિનશાસને, સફળ કરો અવતાર ૮

રોહિણી તપનું ચૈત્યવંદન.

રોહિણી તપ આરાધિયે, શ્રી શ્રીવાસુ પૂજ્ય; દુઃખ દોહગ દૂરે ટલે, પૂજક હોએ પૂજ્ય. ૧ પહેલા કીજે વાસ ક્ષેપ, પ્રહ ઉઠીને પ્રેમ; મધ્યાન્હે કરી ધોતિયાં, મન વચ કાયા એમ. ૨ અષ્ટ પ્રકારની રચિએ, પૂજા નૃત્ય વાજિત્ર; ભાવે ભાવના ભાવિયે, કીજે જન્મ પવિત્ર. ૩ ત્રિહું કાલે લેઇ ધૂપ દીપ, પ્રભુ આગલ કીજે; જિનવર કેરી ભક્તિશું, અવિચલ સુખ લીજે. ૪ જિનઘર પૂજા જિન સ્તવના, જિનનો કીજે જાપ; જિનવર પદને ધ્યાઇએ,

જમ નાવે સતાપ. ૫ ક્રોડ ક્રોડ ગુણ ફલ દિયે, ઉત્તરોત્તર ભેદ; માન કહે એ વિધ કરો, તો હોએ ભવનો છેદ. ૬

શ્રી વીશસ્થાનક નામ ચૈત્યવંદન.

પહેલે પદ અરિહંત નમું, બીજે સરવ સિદ્ધ; ત્રીજે પ્રવચન મન ધરો, ચોથે આચારજ સિદ્ધ. ૧ નમો થેરાણું પાંચમે, પાઠક ગુણ છઠ્ઠો; નમો લોએ સવ્વ સાહૂણં, જે છે ગુણ ગરિઠે. ૨ નમો નાણસ્સ આઠમે, દરશન મન ભાવો; વિનય કરો ગુણવંતનો, ચારિત્ર પદ ધ્યાવો. ૩ નમો બંભવય ધારિણં, તેરમે કિરિયાણં; નમો તવસ્સ ચોદમે, ગોયમ નમો જિણાણં. ૪ ચારિત્ર જ્ઞાન સુઅસ્સને એ, નમો તિથ્થયસ્સ જાણી; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણી. ૫

સર્વજિનનું ચૈત્યવંદન.

સીમંધર પ્રમુખ નમું, વિહરમાન જિન વીશ; રૂષભાદિક વલી વંદીયે, સંપઇ જિન ચોવીશ. ૧ સિદ્ધાચલ ગિરનાર આબુ, અષ્ટાપદ વલી સાર; સમેતશિખર એ પંચ તીરથ, પંચમગતિ દાતાર. ૨ ઉર્ધ્વલોકે જિનહર નમું, તે ચોરાસી લાખ; સહુસ સત્તાણું ઉપરે, ત્રેવીશ જિનવર ભાંખ. ૩ એકશો બાવન ક્રોડ વલી, લાખ ચોરાણું સાર; સહુસ ચુમાલીશ સાતસેં, શાઠ જિન પડિમા ઉદાર. ૪ અધોલોકે જિન ભવન નમું, સાત ક્રોડ બહોતેર લાખ; તેરસેં ક્રોડ નેવ્યાસી ક્રોડ, સાઠ લાખ ચિત્ત રાખ. ૫ વ્યંતર જ્યોતિષીમાં વલી, એ જિન ભુવન અપાર; તે ભવિ નિત વંદન કરો, જેમ પામો ભવ પાર. ૬ તીર્છા લોકે શાશ્વતાં, શ્રીજિન ભુવન વિ

શાલ; બત્રીસેં ને ઓગણસાઠ, વંદુ થઇ ઉજમાલ. ૭ લાખ ત્રણ્ય એકાણું સહસ, ત્રણસેં વીસ મનોહાર; જિન પડિમા એ શાશ્વતી, નિત્ય નિત્ય કરૂં જુહાર. ૮ ત્રણ ભુવન માંહે વલી એ, નામાદિક જિન સાર; સિદ્ધ અનંતા વંદિએ, મહોદય પદ દાતાર. ૯

પાર્શ્વજિન ચૈત્યવંદન.

પુરિસાદાણી પાસનાહ, નમીયે મન રંગ; નીલ વરણ અશ્વસેન નંદ, નિરમલ નિરસંગ ૧ કામિત દાયક કલ્પ સાખ, વામા સુત સાર; શ્રી ગવડીપુર સ્વામનામ, જપિયે નિરધાર. ૨ ત્રિભુવન પતિ ત્રેવીસમો એ, જાસ અખંડિત આણ; એક મને આરાધતાં, લહિયે કોડ કલ્યાણ. ૩

શ્રી આદિજિન ચૈત્યવંદન.

સવાર્થસિધ્ધે થકી, ચવિયા આદિ

જિનંદ; પ્રથમ રાય વિનિતા વસી, માનવ ગણ સુખકંદ. ૧ જોનિ ન કુલ જિણંદને, હાયન એક હજાર; મૌનાતીતેં કેવલી, વડ હેઠે નિરધાર. ૨ ઉત્તરાષાઢા જન્મ છે એ, ધનરાસી અરિહંત; દશસહસ પરિવારશું, વીર કહે શિવકંત. ૩

સીમંધર જિન ચૈત્યવંદન.

વંદુ જિનવર વિહરમાન, સીમંધર સ્વામી; કેવલ કમલાકાંત દાંત, કરૂણારસ ધામી. ૧ કંચનગિરી સમ દેહ કાંત; વૃષભલાંછન પાયા; ચોરાશી લખ પૂર્વ આય, સેવિત સુર રાય. ૨ છઠ્ઠભત્ત સંયમ લીયો એ, પુંડરિગિણી ઠાણ. પ્રભુ દ્યો દરિસણ સંપદા, કારણ પરમ કલ્યાણ. ૩

શ્રી નેમિજિન ચૈત્યવંદન.

સમુદ્ર વિજય કુલ ચંદ નંદ, શિવા દેવી

જોયા; યાદવ વંશ નભોમણિ, સોરીપુર ડાયા. બાલથકી બ્રહ્મચર્ય ધર, ગતમાર પ્રચાર; ભોકતા નિજ આત્મિક ગુણ, ત્યાગી સંસાર. નિઃકારણ જગ જીવનો એ, આશાનો વિસરામ; દીન દયાલ શિરોમણિ, પૂરણ સુરતરૂ કામ. પશુઆં પુકાર સુણી કરી, છાંડી ગૃહ વાસ; તત્ક્ષણ સંયમ આદરી, કરી કર્મનો નાશ. કેવલ શ્રી પામી કરી એ, પહોતા મુગતિ મોઝાર; જન્મ મરણ ભય ટાલવા, ધ્યાન સદા સુખકાર. ૧

જિન પૂજાનું ચૈત્યવંદન.

જિન રૂપે જિનનાથકે, દ્રવ્યે પણ તિમહિ; નામ થાપના ભેદથી, પ્રગટ જગમાંહિ. ૧ અધ્યાતમથી જોડીયે, નિક્ષેપા ચાર; તો પ્રભુ રૂપ સમાન ભાવ, પામે નિરધાર. ૨ પાવન આતમને કરે એ, જન્મ જરાદિક દૂર; તે પ્રભુ પૂજા ધ્યાનથી, રામ કહે સુખ પૂર. ૩

અથ સ્તવનાધિકાર.

આનંદઘન કૃત ચોવીશી પ્રારભ્યતે.

અથ શ્રી ઋષભ જિન સ્તવન.

રાગ મારૂ-કરમ પરિક્ષા કરણ કુમર ચલ્યો રે. એ દેશી.

ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત; રિઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત. ઋ. ૧ પ્રિત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રિત સગાઇ ન કોય; પ્રિત સગાઇ રે નિરૂપાધિક કહી રે; સોપાધિક ધન ખોય. ઋ૦ ૨ કોઇ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મળશું કંતને ધાય; એ મેળો નવિ કહિયે સંભવે રે, મેળો ઠામ ન

કાથ. રૂ. ૩ કોઇ પતિ રંજન અતિ ઘણો તપ કરે રે, પતિ રંજન તન તાપ; એ પતિ રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ. રૂ. ૪ કોઇ કહે લીલા રે લલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ; દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. રૂ. ૫ ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પુજ અખંડિત એહ; કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ. રૂ. ૬

અથ શ્રી અજિત જિન સ્તવન.

રાગ આશાઉરી—મારૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે. એ દેશી.

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણ ધામ; જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે, પુરૂષ કિશ્યું મુજ ના

મ. પંથ૦ ૧ ચર્મ નયણ કરી મારગ જોવ-તો રે, ભુલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇચે રે, નયણ તે દિવ્ય વિચાર. પંથ૦ ૨ પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય; વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. પંથ૦ ૩ તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય; અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથ૦ ૪ વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડયો નિરધાર; તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથ૦ ૫ કાળ લબ્ધિ લહિ પંથ નિહાળશું રે, એ આશ્યા અવિલંબ; એ જન જિવે રે જિનજી જાણજ્યો રે, આનંદઘન મત અંબ. પંથ૦ ૬

અથ શ્રી સંભવ જિન સ્તવન.

રાગ રામગિરી-રાતડી રમિને ક્યાંથી આવિયારે. એ દેશી.

સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહિ પ્રભુ સેવન ભેદ, સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સં૦ ૧ ભય ચંચળતા જે પરણામની રે, દ્વેષ અરોચક ભાવ; ખેદ પ્રવૃત્તિ કરતાં થાકિયે રે, દોષ અબોધ લખાવ. સં૦ ૨ ચરમાવર્તન ચરમ કરણ તથા રે, ભવ પરિણતિ પરિપાક; દોષ ટળે વળી દૃષ્ટી ખુલે ભલી રે, પ્રાપતિ પ્રવચન વાક. સં૦ ૩ પરિચય પાતિક ઘાતિક સાધુશું રે, અકુશલ અપચય ચેત; ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સંભ૦ ૪ કારણ જોગે કારણ નિપજે રે, એમાં કોઇ ન વાદ; પણ કારણ વિણ કારજ સાધિયે રે

એ નિજ મત ઉનમાદ. સં૦ ૫ મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ; દેજ્યો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ. સં૦ ૬

અથ શ્રી અભિનંદન જિન સ્તવન.

રાગ ધનાશ્રી સિંધુઓ—આજ નીહેજો રે

દીસે નાહુલો. એ દેશી.

અભિનંદન જિન દરશણ તરસિયે, દરશણ દુર્લભ દેવ; મત મત ભેદે રે જો જઈ પૂછીયે, સહુ થાપે અહમેવ. અ૦ ૧ સામાન્યે કરિ દરિશણ દોહલું, નિરણય સકલ વિશેષ; મદમેં ઘેરયો રે અંધો કેમ કરે, રવિ શશિ રૂપ વિલેષ. અ૦ ૨ હેતુ વિવાદે ચિત્ત ધરિ જોઇયે, અતિ દુરગમ નય વાદ; આગમ વાદે ગુરૂગમ કો નહીં, એ સબલો વિખવાદ. અ૦ ૩ ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ

દુરિશણ જગનાથ;. ધિઠાઇ કરી મારગ સં-
ચરૂં, સંગુ કોઇ ન સાથ. અ૦ ૪ દરશણ
દરશણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા અમૃત પાનની, કેમ ભાંજે
વિષપાન. અ૦ ૫ તરસ ન આવે મરણ જી-
વન તણો, સિજે જો દરિશણ કાજ; દરિશણ
દુર્લભ સુલભ કૃપાથકી; આનંદઘન મ-
હારાજ. અ૦ ૬

અથ શ્રી સુમતિ જિન સ્તવન.

રાગ વસંત તથા કેદારો.

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જેમ અવિકાર, સુજ્ઞાની. મતિ તરપણ બહુ સમ્મત જાણીયે, પરિ સરપણ સુવિચાર. સુ૦ સુમ૦ ૧ ત્રિવિધ સકલ તનુ ધર ગત આતમા, બહિરાતમ ધુરી ભેદ. સુ૦ બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિછેદ.

સુ૦ સુમ૦ ૨ આતમ બુદ્ધિ કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘ રૂપ; સુ૦ કાયાદિકનો સાખી-ધર રહ્યો, અંતર આતમ રૂપ. સુ૦ સુમ૦ ૩ જ્ઞાનાનંદ પૂરણ પાવનો, વરજિત સકલ ઉ-પાધિ; સુ૦ અતિંદ્રિય ગુણ ગણ મણિ આ-ગરૂ, એમ પરમાતમ સાધ. સુ૦ સુમ૦ ૪ બહિરાતમ તજ અંતર આતમા, રૂપ થઇ થિર ભાવ; સુ૦ પરમાતમનું આતમ ભાવવું, આ-તમ અરપણ દાવ. સુ૦ સુમ૦ ૫ આતમ અરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ; સુ૦ પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ. સુ૦ સુમ૦ ૬

અથ શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

રાગ મારૂ તથા સિંધુઓ. ચાંદલીયા સંદેશો કહેજે મારા કંતને રે. એ દેશી.

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરૂ રે, કિમ

ભાંજે ભગવંત; કરમ વિપાકે કારણ જોઇને
રે, કોઇ કહે મતિમંત. ૫૦ ૧ પયઇઠિઇ અ-
ણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ,
ઘાતિ અઘાતિ બંધૂદય ઉદિરણા રે, સત્તા કરમ
વિચ્છેદ. ૫૦ ૨ કનકોપલવત પયડિ પુરૂષ
તણી રે, જોડી અનાદિ સ્વભાવ; અન્ય સં-
જોગી જિહાં લગે આતમા રે, સંસારી કહે
વાય. ૫૦ ૩ કારણ જોગે બંધે બંધને રે,
કારણ મુક્તિ મુકાય; આશ્રવ સંવર નામ
અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. ૫૦ ૪
યુંજન કરણે અંતર તુઝ પડ્યો રે, ગુણ
કરણે કરી ભંગ; ગ્રંથ ઉકતે કરી પંડિત
જન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. ૫૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાજશે રે, વાજશે
મંગળ તૂર; જીવ સરોવર અતિશય વાધશે રે,
આનંદઘન રસ પૂર. ૫૦ ૬

અથ શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

રાગ સારંગ મલ્હાર. લલનાની દેશીમાં.

શ્રી સુપાસ જિન વંદિયે, સુખ સંપત્તિને હેતુ; લલના. શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ. લલના શ્રી સુ૦ ૧ સાત મહા ભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લ૦ સાવધાન મનસા કરી, ધારો જિન પદ સેવ. લ૦ શ્રી૦ ૨ શિવશંકર જગદિશ્વરૂ, ચિદાનંદ ભગવાન; લ૦ જિન અરિહા તિર્થંકરૂ, જ્યોતિ સરૂપ અસમાન. લ૦ શ્રી૦ ૩ અલખ નિરંજન વચ્છલુ, સકળ જંતુ વિસરામ; લ૦ અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લ૦ શ્રી૦ ૪ વિતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ; લ૦ નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ. લ૦ શ્રી૦ ૫ પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦ પરમ

પદારથ પરમિષ્ટી, પરમ દેવ પરમાન. લ૦ શ્રી૦ ૬ વિધિ વિરંચિ વિશ્વંભરૂ, રૂષિકેશ જગનાથ; લ૦ અઘ હર અઘ મોચન ધણી, મુક્તિ પરમપદ સાથ. લ૦ શ્રી૦ ૭ એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર; લ૦ જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦ શ્રી૦ ૮

અથ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

રાગ કેદારો તથા ગોડી. કુમરી રોવે આક્રંદ કરે મુને કોઇ મુકાવે. એ દેશી.

દેખણ દે રે સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ સખી મુને દેખણ દે. ઉપશમરસનો કંદ સખી૦ ગત કલિમલ દુખ દંદ. સખી૦ ૧ સુક્ષ્મનિગોદ ન દેખીયો, સખી દેખણ દે. બાદર અતિહિ વિશેષ સખી મુને૦ પુઢવી આઉ ન લેખિયો. સ૦ તેઉ વાઉ ન લેશ.

સખી મુ૦ ૨ વનસપતિ અતિ ઘણુ દિહા, સ૦ દીઠો નહિં દિદાર; સખી મુ૦ બિં તિં ચઉરિંદી જલલિહા, સ૦ ગતિ સન્નિ પણ ધાર. સખી મુ૦ ૩ સુર તિરિ નિરય નિવાસમાં, સ૦ મનુજ અનારજ સાથ; સખી મુ૦ અપજજતા પ્રતિભાસમાં, સ૦ ચતુર ન ચઢીયો હાથ. સખી મુ૦ ૪ એમ અનેક થલ જાણિયે, સ૦ દરિશણ વિણુ જિણદેવ; સખી મુ૦ આગમથી મત જાણિયે, સ૦ કીજે નિરમળ સેવ. સખી મુ૦ ૫ નિરમળ સાધુ ભક્તિ લહિ, સ૦ યોગ અવંચક હોય; સખી મુ૦ કિરિયા અવંચક તિમ સહી, સ૦ ફલ અવંચક જોય. સખી મુ૦ ૬ પ્રેરક અવસર જિનવરૂ, સ૦ મોહનિય ક્ષય જાય; સખી મુ૦ કામિત પૂરણ સુરતરૂ, સ૦ આનંદઘન પ્રભુ પાય. સખી મુ૦ ૭

અથ શ્રી સુવિધિ જિન સ્તવન.

રાગ કેદારો. એમ ધન્નો ધણને પરચાવે. એ દેશી.

સુવિધિ જિનેસર પાય નમિને, શુભ કરણી એમ કીજે રે; અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજીજે રે સુ૦ ૧ દ્રવ્ય ભાવ સુચિ ભાવ ધરિને, હરખે દેહરે જઇયે રે; દહ તિગ પણ અહિગમ સાચવતાં, એક મના ધુરિ થઇયે રે. સુ૦ ૨ કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે; અંગ પૂજા પણ ભેદ સુણી એમ, ગુરૂ મુખ આગમ ભાખી રે. સુ૦ ૩ એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે, આણા પાલણ ચિત પ્રસન્નો, મુગતિ સુગતિ સુર મંદિર રે. સુ૦ ૪ ફુલ અક્ષત વર ધૂપ પઇવો, ગંધ નૈવેદ ફળ જળ ભરી રે; અંગ અગ્ર

પૂજા મળિ અડ વિધ, ભાવેં ભવિક સુભગતિ વરી રે. સુ૦ ૫ સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠોતર સત ભેદરે; ભાવ પૂજા બહુ વિધિ નિરધારી, દોહગ દુરગતિ છેદરે. સુ૦ ૬ તુરિય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગી રે; ચઉહા પૂજા એમ ઉતરઝુયણે, ભાખી કેવળ ભોગી રે. સુ૦ ૭ એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખ દાયક શુભ કરણીરે; ભાવિક જીવ કરશે તે લેશે, આનંદઘન પદ ધરણી રે. સુ૦ ૮

અથ શ્રી શીતળ જિન સ્તવન.

રાગ ધનાશ્રી ગોડી. મંગલિક માલા ગુણહ વિશાલા. એ દેશી.

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે; કરૂણા કોમલતા તિક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શી૦ ૧ સર્વ જંતુ

ઙ્ભિકરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણરે, જ્ઞાનાદાન રહિત પરણામિ, ઉદાશિનતા વિક્ષણરે. શી૦ ૨ પરદુખ છેદન ઇચ્છા કરૂણા, તિક્ષણ પર દુખં રીઝે રે; ઉદાશિનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શી૦ ૩ અભય દાન તેમ લક્ષણ કરૂણા, તિક્ષણતા ગુણ ભાવે રે; પ્રેરણ વિણ કૃત ઉદાશીનતા' ઇમ વિરોધ મતિ નાવે રે. શી૦ ૪ શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિગ્રંથતા સંયોગે રે; યોગી ભોગી વકતા મૌની, અનુપયોગિ ઉપયોગે રે. શી૦ ૫ ઇત્યાદિક બહુ ભંગ ત્રિભંગી, ચમતકાર ચિત્ત દેતી રે; અચરિજ કારી ચિત્ર વિચિત્રા, આનદ ઘન પદ લેતી રે. શી૦ ૬

અથ શ્રી શ્રેયાંસ જિન સ્તવન.

રાગ ગોડી. અહો મતવાલે સાજના. એ દેશી.

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામીરે; અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામીરે. શ્રી૦ ૧ સયલ સંસારી ઇંદ્રિયરામી, મુની ગુણ આતમરામી રે; મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામી રે. શ્રી૦ ૨ નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે; જે કિરિયા કરિ ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી૦ ૩ નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે; ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી ૪ શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિ.વિકલ્પ આદરજ્યો રે; શબ્દ અધ્યાતમ

આજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજ્યો રે. શ્રી૦ ૫ અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે; વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી૦ ૬

અથ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

રાગ ગોડી તથા પરજીઓ. તુંગીઆ ગિરિ સિખર સોહે. એ દેશી

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે; નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામી રે. વા૦ ૧ નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે; દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વા૦ ૨ કર્ત્તા પરિણામ પરિણામો, કર્મ જે જીવે કરિયે રે; એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરિયે રે. વા૦ ૩ દુખ સુખ રૂપ કરમ ફળ જાણો, નિશ્ચય

એક આનંદા રે; ચેતનતા પરિણામ ન ચૂકે ચેતન કહે જિન ચંદા રે. વા૦ ૪ પરિણામિ- ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભ.વી. ગ્ર જ્ઞાન કરમ ફળ ચેતન કહિયે, લેજ્યો તેહ મનાવી રે. વા૦ ૫ આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગીરે. વા૦ ૬

અથ શ્રી વિમલ જિન સ્તવન.

રાગ મલ્હાર. ઇડર આંબા આંબલીરે. એ દેશી.

દુખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદ શું ભેટ; ધિંગ ધણી માથે કિયારે, કુણ ગંજે નર ખેટ. વિમલ જિન, દીઠાં લોયણ આજ; મારા સિધ્યાં વંછિત કાજ. વિ૦ દી૦ ૧ ચરણ કમલ કમલા વસે રે, નિરમલ થિર

પદ દેખ; સમલ અથિર પદ પરિહરીરે, પંકજ પામર પેખ. વિ૦ દી૦ ૨ મુઝ મન તુઝ પદ પંકજે રે, લીણા ગુણ મકરંદરે રંક ગણે મંદિર ધરા રે, ઇંદ ચંદ નાગિંદ. વિ૦ દી૦ ૩ સાહિબ સમરથ તું ધણી રે. પામ્યો પરમ ઉદાર; મન વિસરામી વાલહો રે, આતમનો આધાર. વિ૦ દી૦ ૪ દરિશણ દીઠે જિન તણોરે, સંશય ન રહે વેધ; દિનકર કર ભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ, વિ૦ દી૦ ૫ અમિય ભરી મૂરતી રચી રે, ઓપમ ન ઘટે કોય; શાંત સુધારસ ઝીલતી રે, નિરખિત તૃપતિ ન હોય. વિ૦ દી૦ ૬ એક અરજ સેવક તણી રે, અવધારો જિન દેવ; કૃપા કરી મુઝ દીજીયે રે, આનંદઘન પદ સેવ. વિ૦ દી૦ ૭

અથ શ્રી અનંત જિન સ્તવન.

રાગ રામગિરિ. કડખાની દેશી.

ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા
જિન તણી ચરણ સેવા; ધાર પર નાચતા
દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.
ધા૦ ૧ એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે; ફળ અને
કાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ
માંહિ લેખે. ધા૦ ૨ ગચ્છના ભેદ બહુ નયણ
નિહાલતાં, તત્વની વાત કરતાં ન લાજે; ઉદર
ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડિયા
કળિકાળ રાજે. ધા૦ ૩ વચન નિરપેક્ષ વ્યવ
હાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સા
ચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર
ફળ, સાંભળી આદરી કાંઇ રાચો. ધા૦ ૪
દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ

રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો, શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયાં કરી, છાર પર લીંપણો તેહ જાણો. ધા૦ ૫ પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિશો, ધર્મ નહિં કોઇ જગ સૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ધા૦ ૬ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે, તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે ધા૦ ૭

અથ શ્રી ધર્મ જિન સ્તવન.

રાગ ગોડી સારંગ. રસીયાની દેશીમાં.

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રિત; જિનેસર૦ બીજો મન મંદિર આણું નહિં, એ અમ કુળવટ રીત. જિ૦ ધ્૦ ૧ ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,

ધર્મ ન જાણે હો મર્મ; જિ૦ ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જિ૦ ધ૦ ૨ પ્રવચન અંજન જો સદ્ગુરૂ કરે, દેખે પરમ નિધાન; જિ૦ હૃદય નયણ નિહાળે જગ ધણી, મહિમા મેરૂ સમાન જિ૦ ધ૦ ૩ દોડત દોડત દોડત દોડીયો, જેતી મનની રે દોડ; જિ૦ પ્રેમ પતિત વિચારો ઢૂંકડી, ગુરૂગમ લેજ્યો રે જોડ. જિ૦ ધ૦ ૪ એક પખી કેમ પ્રીતી વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ; જિ૦ હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ. જિ૦ ધ૦ ૫ પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલંઘી હો જાય; જિ૦ જ્યોતિ વિના જુઓ જગદિશની, અંધોઅંધ પૂલાય. જિ૦ ધ૦ ૬ નિરમળ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિ૦ ધન્ય તે નગરી ધન્ય

વેળા ઘડી, માતા પિતા કુળ વંશ. જિ૦ ધ૦
૭ મન મધુકર વર કર જોડી કહે, પદ કજ
નિકટ નીવાસ; જિ૦ ઘનનામી આનંદઘન
સાંભળો, એ સેવક અરદાસ. જિ૦ ધ૦ ૮

અથ શ્રી શાંતિ જિન સ્તવન.

રાગ મલ્હાર. ચતુર ચોમાસો પડિકમી. એ દેશી

શાંતિ જિન એક મુજ વીનતી, સુણો ત્રિભુવન રાય રે; શાંતિ સરૂપ કેમ જાણિયે, કહો મન કેમ પરખાય રે, શાં૦ ૧ ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાસ રે; ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાં૦ ૨ ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે; તે તેમ અતથ્ય સદહે, પ્રથમ એ શાંતિ પદ સેવ રે. શાં૦ ૩ આગમધર ગુરૂ સમકિતી, કિરિયા સંવર સાર રે; સંપ્રદાયી અવંચક સદા, સુચી અનુભવાધાર રે. શાં૦ ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે; તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી સાલ રે. શાં૦ ૫ ફળ વિસંવાદ જેમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધિરે; સકલ નય વાદ વ્યાપી રહ્યા, તે સિવ સાધન સંધિ રે. શાં૦ ૬ વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરો ધ રે; ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઇશ્યો આગમે બોધ રે. શાં૦ ૭ દુષ્ટ જન સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાન રે; જોગ સામ– ર્થ્યે ચિત્ત ભાવજે, ધરે મુગતિ નિદાન રે. શાં૦ ૮ માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે; વંદક નિંદક સમ ગણે, ઇશ્યો હોય તું જાણ રે. શાં૦ ૯ સર્વ જગ જંતુને સમ ગણે, ગણે તૃણ મણિ ભાવ રે; મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવ જળનિધિ નાવ રે. શાં૦ ૧૦ આપણો આતમ ભાવજે,

એક ચેતનાધાર રે, અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાં૦ ૧૧ પ્રભુ-મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે; તા હરે દરિશણે નિસ્તરચો, મુઝ સિદ્ધાં સવિ કામ રે. શાં૦ ૧૨ અહો અહો હું મુઝને કહું નમો મુઝ નમો મુઝ રે; અમિત ફળ દાન દાતારની. જેહની ભેટ થઇ તુઝ રે. શાં૦ ૧૩ શાંતિ સરૂપ સંક્ષિપથી, કહ્યો નિજ પર રૂપરે આગમ માંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે. શાં૦ ૧૪ શાંતિ સરૂપ એમ ભાવસે ધરી શુદ્ધ પ્રણિધાન રે; આનંદઘન પદ પામશે, તે લેશે બહુ માન રે. શાં૦ ૧૫

અથ શ્રી કુંથુજિન સ્તવન.

રાગ ગુર્જરી તથા રામકલી.

અંબર દે હો મુરારી હમારો. એ દશી.

કુંથુ જિન મનડું કિમહી ન બાજે, મનડુ

કિમહી ન બાજે હો; કુંથુ૦ જેમ જેમ જતનં
કરીને રાખું, તેમ તેમ અલગું ભાજે હો
કું૦ ૧ રજની વાસર વસતી ઉજડ, ગયણ
પાયાલે જાય; સાપ ખાએ ને મુખડું થોથું,
એડ઼ ઉખાણો ન્યાય હો. કું૦ ૨ મુગતિ તણા
અભિલાષી તપીયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઇ એહવું ચિંતે, નાંખે અલવે
પાસે હો. કું૦ ૩ આગમ આગમધરને હા
થ, નાવે કિણ વિધ આંકું; કિહાં કણે જો
હઠ કરી હટકું, તો, વ્યાળ તણી પરે વાંકું
હો. કું૦ ૪ જો ઠગ કહું તો ઠગ નવિ દે
ખું, શાહુકાર પણ નાંહિં; સર્વ માંહે ને સર્વ
થી અલગું, એ અચરિજ મન માંહી હો.
કું૦ ૫ જે જે કહું તે કાન ન ધારે, આપ
મતે રહે કાળો; સુરનર પંડિત જન સમજાવે,
સમજે ન મ્હારો સાળો હો. કું૦ ૬ મે જા

ણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે. બીજી વાતે સમરથ છે નર, એહને કોઇ ન જેલે હો. કું૦ ૭ મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી; એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહિ વાત છે મોટી હો. કું૦ ૮ મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું; આનંદઘન પ્રભુ મ્હારૂં આણો, તો સાચું કરી જાણું હો. કું૦ ૯

અથ શ્રી અરજિન સ્તવન.

રાગ મારૂ તથા પરજ.

ઋષભનો વંશ રયણાયરૂ. એ દેશી.

ધર્મ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે; સ્વપર સમય સમજાવીયે, મહિમાવંત મહંત રે, ધ૦ ૧ શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે; પરબડી છાંહડી

જેહ પડે, તે પર સમય નિવાસ રે ધ૦ ૨ તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ મો ઝાર રે; દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિ જાતમ ધાર રે. ધ૦ ૩ ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે; પર્યાય દ્રષ્ટી ન દીજીયે, એકજ કનક અભંગ રે. ધ૦ ૪ દરશન જ્ઞાન ચરણથકી, અલખ સરૂપ અનેક રે; નિરવિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે. ધ૦ ૫ પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે; વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધ૦ ૬ વ્યવહારે લખે દોહિલા, કાંઇ ન આવે હાથ રે; શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધ૦ ૭ એક પખી લખિ પ્રીતની, તુમ સાથે જગનાથ રે; કૃપા કરીને રાખજ્યો, ચરણ તળે ગ્રહી હાથ રે. ધ૦ ૮ ચક્રિ ધર્મ તીરથ તણો, તીરથફળ તત સાર રે;

તાંરિષ્ટ સેવે તે લહું. આનંદઘન નિરધાર રે. ધ૦ ૮

અથ શ્રી મલ્લિ જિન સ્તવન.

રાગ કાફી. સેવક કિમ અવગણિયે હો. એ દેશી.

સેવક કિમ અવગણિયે હો, મલ્લિજિન. એહ અબ સોભાઃ સારી; એ ટેક. અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂળ નિવારી હો. મ૦ ૧ જ્ઞાન સરૂપ અનાદિ તુમારૂં, તે લીધું તુમે તાણી; જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં ક્રાણ ન આણી હો. મ૦ ૨ નિદ્રા સુપનઃ જાગર ઉજાગરતા, તુરિય અવસ્થા આવી; નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો. મ૦ ૩ સમકિત સાથે સગાઇ કિધી, સપરિવારશું ગાઢી; મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો. મ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંચ્છા, ભય પામર કરસાલી; નોકષાય શ્રેણી ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી હો. મ૦ ૫ રાગ દ્વેષ અવિરતિની પરિણતી, એ ચરણ મોહના યોદ્ધા, વિતરાગ પરિણતી પરિણમતા, ઉઠી નાઠા બોદ્ધા હો. મ૦ ૬ વેદોદય કામા પરિણામા, કામ્યકર સહુ ત્યાગી; નિઃકામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો મ૦ ૭

દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતા; લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા હો. મ૦ ૮ વિર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી; ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો. મ૦ ૯ એ અઢાર દૂષણ વરજિત તનું, મુનિજન વૃંદે ગાયા; અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન ભાયા હો

મં૦ ૧૦ ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે; દિનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે હો. મ૦ ૧૧

અથ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

રાગ કાફી. આઘા આમ પધારો પૂજ્ય. એ દેશી

મુનિસુવ્રત જિનરાય એક મુઝ વિનતી નિસુણો, એ ટેક. આતમ તત્વ કયું જાણ્યું જગત ગુરૂ, એહ વિચાર મુઝ કહિયો; આતમ તત્વ જાણ્યા વિણ નિરમળ, ચિત્ત સમાધિ નવિ લહિયો. મુ૦ ૧ કોઇ અબંધ આતમ તત માને, કિરિયા કરતો દીસે; ક્રિયા તણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦ ૨ જડ ચેતન એ આતમ એકજ, થાવર જંગમ સરિખો; દુઃખ સુખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો. મુ૦ ૩ એક કહે નિત્યજ આતમ તત, આતમ દરશણ લીણો;

કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મંત હીણો. મુ૦ ૪ સુગતિ મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો; બંધ મોક્ષ સુખ દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુ૦ ૫ ભૂત ચતુષ્ક વરજિત આતમ તત, સત્તા અળગી ન ઘટે; અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે. મુ૦ ૬ એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે; ચિત્ત સમાધ તે માટે પુછું, તુમ વિણ તત કોઇ ન કહે. મુ૦ ૭ વળતું જગગુરૂ ઇણિ પરે ભાખે, પક્ષપાત સબ છંડી; રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડિ. મુ૦ ૮ આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે; વાગજાલ બીજુ સહુ જાણો, એહ તત્વ ચિત્ત ચાવે. મુ૦ ૯ જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયે, તે તત જ્ઞાની કહિયે;

શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, આનંદઘન પદ લહિયે. મુ૦ ૧૦

અથ શ્રી નમિ જિન સ્તવન.

રાગ આશાઊરી. ધન ધન સંપ્રતિ સાચો રાજા. એ દેશી.

ષટ દરશણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે; નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ દરશણ આરાધે રે. ષ૦ ૧ જિમ સુર પાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે; આતમ સત્તા વિવરણ કરતા લહો દુગ અગ અખેદે રે. ષ૦ ૨ ભેદ અભેદ સુગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે લોકાલોક અવલંબન ભજિયે, ગુરૂગમથી અવધારી રે. ષ૦ ૩ લોકાયાતક કૂખિ જિનવરની, અંશ વિચારી જો કીજે રે, તત્વ, વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કેમ

બીજે રે. ૫૦ ૪ જૈન જિનેશ્વર વર ઊત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે; અક્ષર ન્યાસ ધરા આધારક, આરાધે ધરી સંગે. રે. ૫. ૫ જિનવરમાં સઘળાં દરિશણ છે, દર્શને જિનવર ભજના રે; સાગરમાં સઘળી તટની સહી, તટનીમાં સાગર ભજના રે. ૫૦ ૬ જિન સ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે; ભૃંગી ઇલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ૫૦ ૭ ચુરણ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે; સમય પુરૂષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુરભવ રે. ૫૦ ૮ મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિન યોગેરે; જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે. ૫, ૮ શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલે રે; ક્રિયા કરી નવિ સાધી શકીયે.

એ વિષવાદ ચિત્ત સઘળે રે. પ૦ ૧૦ તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહીયે રે; સમય ચરણ સેવા શુદ્ધ દેજ્યો, જેમ આનંદઘન લહિયે રે. પ૦ ૧૧

અથ શ્રી નેમનાથ જિન સ્તવન.

રાગ મારૂણી. ધણુરા ઢોલા. એ દેશી.

અષ્ટ ભવંતર વાલહી રે, તું મુઝ આતમરામ; મનરા વાલા. મુગતિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઇ ન કામ. મ૦ ૧ ઘર આવો હો વાલિમ ઘર આવો, મારી આશાના વિશરામ; મ૦ રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મ૦ ૨ નારી પખો શો નેહલો રે, સાચ કહે જગનાથ; મ૦ ઇશ્વર અર્ધંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩ પશુજનની કરૂણા કરીરે, આણી રૂદય વિચાર; મ૦ માણસનાં

કરણા નહીં રે, એ કુણ ઘર આચાર. મ૦
૪ પ્રેમ કલ્પતરૂ છેદીયા રે, ધરિયા જોગ
ધતૂર; મ૦ ચતુરાઇરો કુણ કહો રે, ગુરૂ મિલિ-
યા જગ સૂર. મ૦ ૫ મારૂં તો એમાં કછું-
હિ નહીં રે, આપ વિચારો રાજ; મ૦ રાજ
સભામેં બેસતાં રે, કિસડી બધસી લાજ.
મ૦ ૬ પ્રેમ કરે જગ જન સહુ રે, નિરવાહે
તે ઓર; મ૦ પ્રિત કરીને છોડિ દે રે, તેશું
ન ચાલે જોર. મ૦ ૭ જો મનમાં એહવું
હતું રે, નિસપતિ કરત ન જાણ; મ૦ નિસ
પતિ કરીને છાંડતાં રે, માણસ સહુએ નુક-
શાણ. મ૦ ૮ દેતાં દાન સંવત્સરી રે, સહુ
લહે વંછિત પોષ; મ૦ સેવક વાંછિત નવિ
લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯ સખી
કહે એ શામળો રે. હું કહું લક્ષણ સેત;
મ૦ ઇણ લક્ષણ સાચી સખી રે, આપ

મિથ્યારે હેત. મ૦ ૧૦ રાગી શું રાગી સહુ રે, વૈરાગી શો રાગ; મ૦ રાગ વિના કેમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ. મ૦ ૧૧ એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળોઇ જાણે લોગ; મ૦ અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦ ૧૨ જિણ જોણી તુમને જોઊં રે, તિણ જોણી જોવો રાજ; મ૦ એક વાર મુઝને જુઓ રે, તો સીઝે મુઝ કાજ. મ૦ ૧૩ મોહ દશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્વ વિચાર; મ૦ વિતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪ સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ, મ૦ આશય સાથે ચાલીયે રે; એહિજ રૂડું કામ. મ૦ ૧૫ ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરતાર; મ૦ ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતાહાર. મ૦ ૧૬

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ૦ કૃપા કરી મુજ દીજીયે રે, આનંદઘન પદ રાજ. મ૦ ૧૭

અથ શ્રી પાર્શ્વ જિન સ્તવન.

રાગ સારંગ. રશીઆની દેશી.

ધ્રુવ પદ રામી હો સ્વામી માહરા, નિઃકામી ગુણ રાય; સુગ્યાની. નિજ ગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુ૦ ધ્રુ૦ ૧ સર્વવ્યાપિ કહે સર્વ જાણગપણે, પર પરિણમન સ્વરૂપ; સુ૦ પર રૂપે કરી તત્વપણું નહી, સ્વસત્તા ચિદરૂપ. સુ૦ ધ્રુ૦ ૨ જ્ઞેય અનેક હો જ્ઞાન અનેકતા, જળ ભાજન રવિ જેમ; સુ૦ દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજ પદ રમતા હો એમ. સુ૦ ધ્રુ ૩ પરક્ષેત્ર ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્ર થયું જ્ઞાન; સુ૦ અસ્તિપણું

નિજ ક્ષેત્ર તુમે કહ્યો, નિર્મળતા ગુણ માન સુ૦ ધ્રુ૦ ૪ જ્ઞેય વિનાસે હો જ્ઞાન વિનિશ્વર, કાળ પ્રમાણે રે થાય; સુ૦ સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫ પર ભાવે કરી પરતા પામતાં, સ્વસત્તા થિર ઠાણ; સુ૦ આત્મ ચતુષ્કમયી પરમાં નહી, તો કિમ સહુનો રે જાણ સુ૦ ધ્રુ૦ ૬ અગુરૂ લઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત; સુ૦ સાધારણ ગુણની સાધર્મ્યતા; દર્પણ જળને દ્રષ્ટાંત. સુ૦ ધ્રુ૦ ૭ શ્રી પારસ જિન પારસરસ સમો, પણ ઇહાં પારસ નાહિં; સુ૦ પૂરણ રસીઓ હો નિજ ગુણ પરસનો, આનંદઘન મુઝ માંહિ. સુ૦ ધ્રુ૦ ૮

અથ શ્રી મહાવીર જિન સ્તવન.

રાગ ધનાશ્રી.

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું

રે; મિથ્યાત્વ મોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારૂં વાગ્યું રે. વી૦ ૧ છઉમથ્થ વિરય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરો સૂક્ષમ સ્થુલ ક્રિયાને રંગે, યોગી થયો ઊમંગેરે. વી૦ ૨ અસંખ્ય પ્રદેશ વિર્ય અસંખે. યોગ અસંખિત કંખેરે; પુદ્‌ગલ ગણુ તેણુ સુવિશેષે; યથાશક્તિ મતિ લેખે .રે. વી૦ ૩ ઉત્કૃષ્ટે વિરયને વેસે, યોગ ક્રિયા નવિ પેસે રો યોગ તણી ધ્રુવતાને લેસે, આતમ શક્તિ ન ખેસે રે. વી૦ ૪ કામ વીર્ય વશ જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે; સુરપણું આતમ ઉપયોગી, થાય તેહને અયોગી રે. વી૦ ૫ વીરપણુ તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે; ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવ પદ પહિચાણે રે. વી૦ ૬ આલંબન સાધન જે ત્યાગે, પર પારણુતિને ભાગેરે

અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે વી૦ ૭ ઇતિ આનંદઘન કૃત ચોવીશી સંપૂર્ણા:

અથ આનંદઘન કૃત પદો.

પદ ૧ લું

ઝીંઝોટીની ઠુમરી.

જોબના જોર ભયો, એસે પ્રભુ શરણે ચિત્ત લાવ, ભલાજી તમે વિષયકી સંગ મત જાઓ. જો૦ એ ટેક. ઉદર ભરણકું કારણે રે, કાંઇ ગૈઆં વનમેં જાય. જો૦ ૧ ચારો ચરે ચઉદિશ ફરે રે, વાકો ચિત વાછરવા માંહ્ય. જો૦ ૨ પાંચ સાત સાહેલડી રે, કાંઇ [illegible] મિલ પાણીડાં જાય. જો૦ ૩ રાન રેન ફિકર કરે રે, વાકો ચિત ગાગર [illegible] માંહ્ય [illegible] નટવો તે નાચ ચોકમાં રે, કાંઇ લોક [illegible]

ફાડ. જો૦ ૫ વાંસ ગ્રહી વરતે ચડ્યો રે, વાંકો ચિત્ત રહ્યો એક ઠોર. જો૦ ૬ જુગારીને મન જુગટું રે, કાંઇ કામીને મન કામ. જો૦ ૭ આનંદઘન પ્રભુ એમ કહેરે, તુમે ભવિ સેવોને ભગવાન. જો૦ ૮

પદ ૨ જું.

અહેર અહેર નહીં આવે, અવસર અહેર અહેર નહીં આવે; જ્યું જાણું ત્યું કરલે ભલાઇ, જન્મ જન્મ સુખ પાવે. અ૦ ૧ તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમેં જાવે. અ૦ ૨ તન છુટે ધન કોણ કામકો, કાયકું કૃપાણ કહાવે. અ૦ ૪ જાકે દીલમેં સાચ બસત હે, તાકું જુઠ ન ભાવે. અ૦ ૪ આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમર સમર ગુણ ગાવે. અ૦ ૫

પદ ૩ જું.

રાગ મેઘ મલ્હાર.

રે તુ લગજા મનવા મેરા, રે તું લગજા મનવા મેરા. ટેક. વિષય સંગ મત લાગ બાવરે, પ્રભુ વિન જગ નહિં તેરા. રે તું૦ ૧ ભવ ભવમેં કછુ ચેન ન પાયો, ભવ જળ તટ હે વેરા. રે તું૦ ૨ રાગાદિક દોષ નિવારણ કારણ, ગુરૂ બચન ચેત સબેરા. રે તું૦ ૨ આનંદઘન પ્રભુ પાસ સંખેશ્વર, તુમ સાહિબ હો મેરા. રે તું૦ ૪

પદ ૪ થું

રાગ કલ્યાણ.

યા પુદગલકા કયા વિસવાસા, યા પુદગલ કયા વિસવાસા, સુપનેકા સારે. યા૦ ટેક. ચમતકાર વિજલી દે જૈસા, પાની બિચ પતાસા. યા૦ ૧ યા દેહિકા ગર્વ ન કરના, જંગલ હોયગા

વાસા. યા૦ ૨ જુઠે તન-ધન જુઠે જોબન, જુઠા હે ઘર વાસા. યા૦ ૩ આનંદઘન કહે સબહી જુઠે, સાચા શિવપુર વાસા. યા૦ ૪

પદ ૫ મું.

રાગ કેરબો.

દેખો રી જિનંદા પ્યારા. જિનંદા પ્યારા, જિનંદા ભજો ભગવાન. દે૦ એ આંકણી. સુંદર રૂપ સ્વરૂપ બિરાજે, જગ નાયક ભગવાન. દે૦ ૧ દરશ સરસ નિરખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાન. દે૦ ૨ શોક સંતાપ મિટયો અબ મેરો, પાયો અવિચળ ભાણ. દે૦ ૩ સફળ ભઇ મોરી આજકી ઘડીયાં, સફળ ભયે નૈનું માણ. દે૦ ૪ દરિશન દેખ મિટયો દુઃખ મેરો, આનંદઘન ઉપકાર. દે૦ ૫

પદ ૬ ઠું.

બલિહારી જાઊં વારી મહાવીર તારી, સુ-

ાવસગઢકી. મ૦ એ ટેક. ત્રણ ગઢ ઉપર તખત બિરાજે, બેઠી છે પરખદા ભારી. મ૦ ૧. વાણી જોજન સહુ કોઇ સાંભળે, તારયાં છે નર ને નારી. મ૦ ૨ આનંદઘન પ્રભુ એણી પરે બોલે, આવા તે ગમન નિવારી. મ૦ ૩

પદ ૭ મું

એ જિનકુ પાયે લાગ રે, તુને કહિયે કેતા, એ જિનકુ૦ ટેક. આઠોઇ જામ ફિરે મદ માતા, મોહ મદિરીયાશું જાગ રે. તુ૦ ૧ પ્રભુજી પ્રિતમ બિન નહિ કોઇ પ્રિતમ, પ્રભુજી પૂજાનો ઘણો ભાવરે. તુ૦ ૨ ભવકા ફેરા વારી કરો જિનચંદા, આનંદઘન પાયે લાગ રે. તુ૦ ૩

અથ બીજનું સ્તવનં.

ફતમલ પાણીડાને જાય. એ દેશી.

પ્રણમી શારદ માય, શાસન વીર સુહંકરૂ જી; બીજ તિથિ ગુણ ગેહ, આદરો ભવિયણ સુંદર જી ૧ એહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણોજી, માહા શુદિ બીજે જાણ, જન્મ અભિનંદન તણોજી. ૨ શ્રાવણ શુદિની હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથી જી; તારક ભવોદધિ તેહ, તસ પદ સેવે સુર થોકથી જી. ૩ સમેતશિખર શુભ ઠાણ, દશમા શિતલ જિન ગણું જી; ચૈત્ર વદિની હો બીજ વરયા મુક્તિ તસ સુખ ઘણું જી. ૪ ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્વલ માસની જી; અરનાથ તસ ચ્યવન, કર્મ ક્ષયે તવ પાસની જી. ૫ ઊત્તમ માધજ માસ, શુદિ બીજે વાસુપૂજ્યનો જી; એહિજ દિને કેવલનાણ, શરણ

કેસ જિનરાજનો જી. ૬ કરણી રૂપ કરો ખેત, સમકિત રૂપ રોપો તિહાં જી, ખાતર કિરિયા હો જાણ, ખેડ સમતા કરી જિહાં જી. ૭ ઉપશમ તદ્રૂપ નીર, સમકિત છોડ પ્રગટ હોવે જી; સંતોષ કેરી અહો વાડ, પચ્ચખાણ વ્રત ચોકી સોહે જી. ૮ નાસે કર્મ રિપુ ચોર, સમકિત વૃક્ષ ફૂળ્યો તિહાં જી; માંજર અનુભવ રૂપ, ઉતરે ચારિત્ર ફળ જિહાં જી. ૯ શાંતિ સુધારસ વારિ, પાન કરી સુખ લીજીયે જી; તંબોલ સમ લ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કિજીએ જી. ૧૦ બીજ કરો બાવીશ માસ, ઉત્કૃષ્ટી બાવીશ માસની જી; ચોવીહાર ઉપવાસ, પાળિયે સીલ વસુધાસની જી. ૧૧ આવશ્યક દોય વાર, પડિલેહણ દોય લિજીયે જી; દેવ વંદન ત્રણ કાળ, મન વચ કાયાએ કીજીયે જી. ૧૨ ઉજમણું શુભ

ચિત્ત, ફરી ધરીયે સંયોગથી જી; જિન વાણી રસ એમ, પીજીયે શ્રુત ઉપયોગથી જી. ૧૩ એણિ બિધ કરીયે બીજ, રાગ ને દ્વેષ દુરે કરી જી; કેવલ પદ લહિ તાસ, વરે મુક્તિ ઉલટ ધરી જી. ૧૪ જિન પૂજા ગુરૂ ભક્તિ, વિનય કરી સેવો સદા જી; પદ્મવિજયનો શિષ્ય, ભક્તિ પામે સુખ સંપદા જી. ૧૫

અથ પંચમોનું લઘુ સ્તવન.

પંચમી તપ તમે કરો રે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાન રે; પહેલું જ્ઞાન ને પછી ક્રિરિયા, નહીં કોઇ જ્ઞાન સમાનરે. પં૦ ૧ નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકાર રે; મતિ શ્રુત અવધિ ને મનઃપર્યવ, કેવલ એક ઉદાર રે. પં૦ ૨ મતિ અઠાવીશ શ્રુતિ ચઉદહ વીશ, અવધિ છે અસંખ્ય પ્રકાર રે; દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવલ એક ઉદાર

રે. પં૦ ૩ ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એક થી એક અપાર રે; કેવલજ્ઞાન સમું નહિ કોઇ. લોકાલોક પ્રકાશ રે. પં૦ ૪ પારસનાથ પ્રસાદ કરીને, મારી પૂરો ઉમેદ રે; સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદ રે. પં૦ ૫

અથ જ્ઞાન પંચમીનું સ્તવન (ઢાલ ૬)

ઢાલ ૧ લી.

પુણ્ય પ્રશંસીયે. એ દેશી.

સુત સિદ્ધારથ ભૂપનો રે, સિદ્ધારથ ભગવાન; બારહ પરખદા આગળે રે, ભાખે શ્રી વર્ધ્ધમાન રે. ૧ ભવિયણ ચિત્ત ધરો. મન વચ કાય અમાયો રે, જ્ઞાન ભગતિ કરો. એ આંકણી. ગુણ અનત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય; તેમાં પણ

જ્ઞાનજ વડું રે, જેહથી દંસણ હોય રે. ભ૦ ૨ જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય; જ્ઞાને થિવિરપણું લહે રે, આચારજ ઊવઝાય રે. ભ૦ ૩ જ્ઞાની · શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ; વન્હિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશો રે. ભ૦ ૪ પ્રથમ જ્ઞાન પછે દયા રે, સંવર મોહ વિનાશ; ગુણ ઠાણંગ પગથાલિયે રે, જેમ ચઢે મોક્ષ આવાસો રે. ભ૦ ૫ મઇ સુઅ ઓહિ મણ-પજ્જવા રે, પંચમ કેવલ જ્ઞાન; ચઉ મુંગા શ્રુત એક છે રે, સ્વ પર પ્રકાશ નિદાન રે. ભ૦ ૬ તેહના સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદિ; લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદી રે. ભ૦ ૭ ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય; અંધા બહેરા બોબડા રે, મુંગા પાંગુલા થાય રે.

ભ૦ ૮ ભણતાં ગુણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ; ગુણમંજરી વરદત્ત પરે રે, જ્ઞાન વિરાધન બીજ રે. ભ૦ ૯ પ્રેમે પૂછે પરખદા રે, પ્રણમી જગગુરૂ પાય; ગુણમંજરી વરદત્તનો રે, કહો અધિકાર પસાય રે. ભ૦ ૧૦ ઇતિ.

ઢાલ બીજી.

કપૂર હોયે અતિ ઉજલો રે. એ દેશી

જંબુ દ્વીપના ભરતમાં રે, નયર પદમપુર ખાસ; અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતિ તાસ રે. ૧ પ્રાણી આરાધો વર જ્ઞાન, એહજ મુક્તિ નિદાન રે; પ્રાણી૦ એ આંકણી. વરદત્ત કુંવર તેહનો રે, વિનયાદિક ગુણવંત. પિતરે ભણવા મૂકિયો રે, આઠ વરસ જબ હુંત રે. પ્રા૦ ૨ પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત; અક્ષર એક ન આવડે રે, ગ્રંથ

તણી શી ચેત રે. મા૦ ૩ કોઢે વ્યાપી દેહ
ડી રે, રાજા રાણી સચિંત, શ્રેષ્ઠી તેહીજ ન
ચરમાં રે, સિંહદાસ ધનવંત રે મા૦ ૪ કપૂર-
તિલકા ગેહિની રે, શીલે શોભિત અંગ; ગુણ
મંજરી તસ બેટડી રે, મુંગી રોગે વ્યંગ રે.
મા૦ ૫ શોલ વરસની સા થઇ રે, પામી યૌવન
વેશ; દુર્ભગ પણ પરણે નહીં રે, માત પિતા
ધરે ખેદ રે. મા૦ ૬ તેણે અવસરે ઉદ્યાનમાં રે,
વિજયસેન ગણધાર; જ્ઞાન રયણ રયણાયરૂ રે,
ચરણ કરણ વ્રતધાર રે. મા૦ ૭ વનપાલક
ભૂપાલને રે, દીધ વધાઇ જામ; ચતુરંગી
સેન્યા સજી રે, વંદન જાવે તામ રે. મા૦ ૮
ધર્મ દેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ;
વિકસિત નયણ વદન મુદા રે, નહિં પ્રમાદ પ્ર-
વેશ રે. મા૦ ૯ જ્ઞાન વિરાધન પરભવે રે,
મૂરખ પર આધીન; રોગે પીડયા ટળવળે રે,

દીસે દુઃખીયા દીન રે. મા૦ ૧૦ જ્ઞાન સાર સંસારમાંહે, જ્ઞાન પરમ સુખ હેત; જ્ઞાન વિના જગ જીવડા રે, ન લહે તત્ત્વ સંકેત રે. મા૦ ૧૧ શ્રેષ્ઠી પૂછે મુણિંદને રે, ભાંખો કરૂણાવંતા ગુણમંજરી મુજ અંગજા રે, કવણ કર્મે વિરતંત રે. મા૦ ૧૨

ઢાલ ત્રીજી

સુરતી મહીનાની દેશીમાં.

ધાતકીખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ; વ્યવહારી જિનદેવ છે, ઘરણી સુંદરી નામ. ૧ અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચ્યાર; પંડિત પાસે શીખવા, તાતે મૂકયા કુમાર. ૨ બાલ સ્વભાવે રામતે, કરતાં દહાડા જાય; પંડિત મારે ત્યારે, મા આગળ કહે આય. ૩ સુંદરી સુખિણી શીખવે, ભણવાનું શું કામ; પંડયે આવે તડવા, તો તસ હણજ્યો ઠામ. ૪ પાટી

ખડીયા લેખણ્ણા, બાળી કીધાં રાખ; આઠમે
વિધા નવિ રૂચે, જેમ કરહાને દ્રાખ. ૫ પાડા
મરે મોહોટા થયા, કન્યા ન દીયે કોય, શેઠ
કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ૬
ઝટકી ભાંખે ભામિની, બેટા બાપના હોય;
પુત્રી હોયે માતની, જાણે છે સહુ કોય. ૭
રે રે પાપિણી સાપિણી, સામા બોલ મ બોલ;
રીસાલી કહે તાહરો, પાપી બાપ નિટોલ. ૮
શેઠે મારી સુંદરી, કાળ કરી તતખેવ; એ
તુજ બેટી ઊપની, જ્ઞાન વિરાધન હેવ. ૯
મૂર્છાગત ગુણમંજરી, જાતીસમરણ પામિ;
જ્ઞાન દીવાકર આવ્યો. ગુરૂને કહે શીર નામિ.
૧૦ શેઠ કહે સુણો સ્વામી, કેમ જાયે એ
રોગ; ગુરૂ કહે જ્ઞાન આરાધો, સાધો વંછિત
યોગ. ૧૧ ઊજ્જવલ પંચમી સેવો, પંચ વરષ પ
ચ માસ; નમો નાણસ્સ ગણણું ગણો, ચોવિહાર

ઊપવાસ. ૧૨ પૂરવ ઊત્તર સન્મુખ, જપિયે દોય હજાર; પુસ્તક આગલ ઢોઇયે, ધાન્ય ફલાદિ ઊદાર. ૧૩ દીવો પંચ દીવટ તણો, સાથીઓ મંગલ ગેહ; પોસહમાં ન કરી શકે, તેણ વિધિ પારણ એહ. ૧૪ અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જલ કાર્તિ માસ; જાવજ્જીવ લગે સેવીયે, ઉજમણા વિધિ ખાસ. ૧૫

ઢાલ ચોથી.

એકવીશાની દેશીમાં.

પાંચ પોથી રે, ઠવણી પાઠાં વિટાંગણા; આખખી દોરા રે, પાટી પાટલા વરતણાં; મસી કાગળ રે, કાંબી ખડિઆ લેખિણી; કવલી ડાબલી રે, ચંદુઆ ઝરમર પુંજણી. ૧ ત્રટક• માસાદ પ્રતિમા તાસ ભૂષણ, કેસર ચંદન ડાબલી; વાસકૂંપિ વાલાકૂંચી, અંગલુહણાં છાબડી• કલશ થાળી મંગલદીવો, આરતિને ધૂપણાં;

અરવલા મુહપતી સામીવચ્છલ, નોકરવાલી થાપના. ૨ ઢાલ. જ્ઞાન દરિસણ રે, ચરણના સાધન જે કહ્યાં; તપ સંયુત રે, ગુણમંગરીએ સદ્દહ્યાં. નૃપ પુછે રે, વરદત્ત કુંઅરને. અંગ રે; રોગ ઉપન્યોરે, કવણ કરમના ભંગ રે. ૩ ત્રુટક. મુનિરાજ ભાષે જંબુદ્વીપે, ભરત સિંહપુર ગામ એ; વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ, વનમાંહે રમતાં દોય બંધવ, પુણ્ય યોગે ગુરૂ મલ્યા. વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામિ સંવરયા. ૪ ઢાલ. લઘુ બાંધવ રે, ગુણવંત ગુરૂ પદવી લહે; પણસય મુનિની રે, સારણ વારણ નિતુ દિએ. કર્મ યોગે રે, અશુભ ઉદય થયો અન્યદા; સંથારે રે, પોરિસી ભણી પોઢયો યદા. ૫ ત્રુટક. સર્વ ઘાતિ નિંદ વ્યાપિ, સાધુ માગે વાયણાં; ઊંઘમાં અંતરાય થાતાં, સૂરિ હૂઆ દૂમણાં. જ્ઞાન

ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યા ભૂતડો; પુણ્ય અમૃત ઢોળી નાખ્યું, ભરયો પાપ તણો ઘડો. ૬ ઢાલ. મન ચિંતવેરે, કાં મુજ લાગું પાપ ગે શ્રુત અભ્યાસો રે, તો એવડો સંતાપ રે. મુજ બાંધવ રે, ભોયણ સયણ સુખે કરે; મૂરખના રે આઠ ગુણ મુખ ઉચ્ચરે. ૭ ત્રુટક. બાર વાસર કોઇ મુનિને, વાયણા દીધી નહીં; અશુભ ધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી. જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદન લહી; ઈહ બાંધવ માનસરવર, હંસ ગતિ પામ્યો સહી. ૮ ઢાલ. વરદત્તને રે, જાતિસમરણ ઊપન્યો; ભવ દીઠો રે, ગુરૂ પ્રણમી કહે શુભ મનો. ધન્ય ગુરૂજી રે, જ્ઞાન જગત્ત્રય દીવડો; ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો. ૯ ત્રુટક. જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે; ગુરૂ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ

ધન તાવડે. ભૂપ પભણે પુત્રને પ્રભુ, તપની શકિત ન એવડો; ગુરૂ કહે પંચમી તપ આ-રાધો, સંપદા લ્યો એવડી. ૧૦

ઢાલ પાંચમી

મેંદી રંગ લાગ્યો. એ દેશી.

સદ્ગુરૂ વયણ સુધારસે રે, ભેદી સાતે ધાત; તપશું રંગ લાગ્યો, ગુણમંજરી વરદત્ત નો રે, નાઠો રોગ મિથ્યાત્વ. ત૦ ૧ પંચમી તપ મહિમા ઘણો રે, પસરયો મહીયલ માંહી; ત૦ કન્યા સહસ સ્વયંવરા રે, વરદત્ત પરણ્યો ત્યાંહી. ત૦ ૨ ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિ ભૂપ; ત૦ ભીમ કાંતિ ગુણે કરી રે, વરદત્ત રવિ શશિ રૂપ. ત૦ ૩ રાજ ર-મા રમણી તણા રે, ભોગવે ભોગ અખંડ; ત૦ વરષે વરષે ઊજવે રે, પંચમી તેજ પ્રચંડ. ત૦ ૪ ભુક્ત ભોગી થયો સંજમી રે,

પાળે વ્રત ષટ કાય; ત૦ ગુણમંજરી જિનઃ ચંદ્રને રે, પરણાવે નિજ તાય. ત૦ ૫ સુખ વિલસી થઇ સાધ્વી રે, વૈજયંતે હોય દેવ; ત૦ વરદત્ત પણ. ઊપન્યો રે, જિહાં સીમંધર દેવ. ત૦ ૬ અમરસેન રાજા ઘરે રે, ગુણ વંત નારી પેટ; ત૦ લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ. ત૦ ૭ શૂરસેન રાજા થયો રે, સો કન્યા ભરતાર; ત૦ સીમંધર સ્વામી કને રે, શુણિ પંચમી અધિકાર. ત૦ ૮ તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભૂપાલ; ત૦ દશ હજાર વરષાં લગે રે, પાળે રાજ્ય ઉદાર. ત. ૯ ચાર માહાવ્રત આંપશું રે, શ્રી જિનવરને પાસ; ત૦ કેવલ ધર મુક્તિ ગયો રે, સાદિ અનંત નિવાસ. ત૦ ૧૦ રમણી વિજય શુભાપુરી રે, જંબુ વિદેહ મઝાર; ત૦ અમરસિંહ મહીપાલને રે.

અમરાવતી ધરનાર. ત૦ ૧૧ વૈજયંત થકી ચવી રે, ગુણમંજરીનો જીવ; ત૦ માનસ સર જેમ હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ. ત૦ ૧૨ વીશ વરષે રાજવી રે, સહસ ચોરાંશી પુત્ર; ત૦ લાખ પૂરવ સમતા ધરે રે, કેવલ જ્ઞાન પવિત્ર. ત૦ ૧૩ પંચમી તપ મહિમા વિષેરે, ભાંખે નિજ અધિકાર; ત૦ જેણે જે હથી શિવપદ લહ્યું રે, તેને તસ ઉપકાર. ત૦ ૧૪ ઇતિ.

ઢાલ છઠ્ઠી.

કરકંડુને કરૂં વંદણા. એ દેશી.

ચોવીશ દંડક વારવા, હું વારી; ચોંવીશમો જિન ચંદ રે, હું વારી લાલ. પ્રગટયો પ્રાણત સ્વર્ગથી, હું૦ ત્રિશલા ઉર સુખકંદરે. હું૦ ૧ મહાવીરને કરૂં વંદના. હું૦ એ આંકણી. પંચમી ગતિને સાધવા હું૦ પંચમ

નાણ વિલાસરે. હું૦ મહાનીશીથ સિદ્ધાંતમાં હું૦ પંચમી તપ પ્રકાશરે. હું૦ મ૦ ૨ અપરાધી પણ ઉદ્ધરયો, હું૦ ચંડકોશિઓ સાપરે. હું૦ યજ્ઞ કરતા બાંભણા, હું૦ સરખા કીધા આપરે. હું૦ મ૦ ૩ દેવાનંદા બ્રાહ્મણી, હું૦ રિખભદત્ત વળી તિમરે હું૦ બ્યાશી દિવસ સંબંધથી, હું૦ કામિત પૂરયો ક્ષિમરે હું૦ મ૦ ૪ કર્મ રોગને ટાળવા. હું૦ સનિ ઔષધનો જાણ રે. હું૦ આદરયો મેં આશા ધરી, હું૦ મુજ ઉપર હિત આણરે. હું૦ મ૦ ૫ શ્રી વિજયસિંહ સૂરી સનો, હું૦ સત્યવિજય પન્યાસરે. હું૦ શિષ્ય કપૂરવિજય કવિ, હું૦ ચંદકિરણ જસ જાસરે. હું૦ મ૦ ૬ પાસ પંચાસરા સાન્નિધ્યે, હું૦ ખિમાવિજય ગુરૂ નામરે. હું૦ જિનવિજય કહે મુજ હજો. હું૦ પંચમી તપ પરિણામરે. હું૦ મહાવીર૦ ૭

કલસ.

ઇય વીર લાયક વિશ્વનાયક, સિદ્ધિ દાયક સંસ્તવ્યો; પંચમી તપ સંસ્તવન ટોડર, ગુંથી જિન કંઠે ઠવ્યો. પુણ્ય પાટણ ક્ષેત્ર માંહે, સત્તર ત્રાણું સંવત્સરે; શ્રી પાર્શ્વ જન્મ કલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલ કરે. ૮

અથ અષ્ટમીનું સ્તવન. (ઢાલ ૨)

ઢાલ ૧ લી.

હાંરેમારે ઠામ ધરમના સાડી પચવીશ દેશ જો, દીપે રે ત્યાં દેશ મગધ સહુમાં શિરે રે લો; હાંરેમારે નગરી તેહમાં રાજગ્રહી સુવિશેષ જો, રાજે રે ત્યાં શ્રેણિક ગાજે ગજ પરે રે લો. ૧ હાં૦ ગામ નગર પુર પાવન કરતા નાથ જો, વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લો; હાં૦ ચઊદ સહસ્સ મુનિવરના સાથે સાથ જો, સુધા રે તપ સંયમ શિયલે અલંકૃ-

યા રે લો. ૨ હાં૦ ફુલ્યા રસભર ઝુલ્યા અં-
બ કદંબ જો, જાણું રે ગુણ શીલ વન હસિ
ગેમંચીઓ રે લો; હાં૦ વાયા વાય સુવાય
તિહાં અવિલંબ જો, વાસે રે પરિમલ ચિહું
પાસે સંચિયો રે લો. ૩ હાં૦ દેવ ચતુર્વિધ
આવે કોડાકોડ જો, ત્રિગડું રે મણિ હેમ
રજતનું તે રચ્યે રે લો; હાં૦ ચોસઠ સુરપતિ
સેવે હોડાહોડ જો, આગે રે રસ લાગે ઇં-
દ્રાણી નચ્ચે રે લો. ૪ હાં૦ મણિમય હેમ સિંહાસન
બેઠા આપ જો, ઢાલે રે સુર ચામર મણિ
રત્ને જડયાં રે લો; હાં૦ સુણતાં દુંદુભિ નાદ
ટળે સવિ તાપ જો, વરસે રે સુર ફુલ સરસ
જાનુ અડયાં રે લો. ૫ હાં૦ તાજે તેજે ગાજે
ઘન જેમ લુંબ જો, રાજે રે જિનરાજ સમાજે
ધર્મને રે લો; હાં૦ નિરખી હરખી આવે
જન મન લુંબ જો, પીપે રે રસ ન પડે ધે.પે

ભર્મમાં રે લો. ૬ હાં૦ આગમન જાણી જિનનો શ્રેણિક રાય જો, આવ્યો રે પરિવરિયો હય ગય રથ પાયગે રે લો; હાં૦ દેઇ પ્રદક્ષિણા વંદિ બેઠો ઠાય જો, સુણવા રે જિન વાણિ મોટે ભાયગે રે લો. ૭ હાં૦ ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો, આણી રે જન કરૂણા ધર્મ કથા કહે રે લો; હાં૦ સહજ વિરોધ વિસારી જગના જંત જો, સુણવા રે જિન વાણી મનમાં ગહગહે રે લો. ૮

ઢાલ ૨૭.

વાલિમ વહેલા રે આવજો એ દેશી.

વીર જિનવર એમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે; મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મનાં ઠાણ રે. ૧ વિરતી એ સુમતિ ધરી આદરો, (એ આંકણી.) પરિહરો વિષય કષાય રે; બાપડા પંચ પરમાદથી, કાં પડો

કુગતિમાં ધાય રે. વિ૦ ૨ કરી શકો ધર્મ કર ણી સદા, તો કરો એ ઉપદેશ રે, સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે. વિ૦ ૩ જૂજૂઆ પર્વ ષટના કહ્યાં, ફળ ઘણાં આગમે જોય રે; વચન અનુસારે આરાધતાં સર્વથા સિદ્ધિ ફળ હોય. વિ૦ ૪ જીવને, આયુ પરભવતણું, તિથિ દિને બંધ હોય પ્રાય રે; તેહ ભણી એહ આરાધતાં, પ્રાણિયો સદ્ગતિ જાય રે. વિ૦ ૫ તેહવે અષ્ટમી ફળ તિહાં, પૂછે ગૌતમ સ્વામ રે; ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામ રે. વિ૦ ૬ અષ્ટ મહા સિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે; બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી આઠ ગુણ સિદ્ધિ રે. વિ૦ ૭ લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોય રે; નાશ આઠ કર્મનો મૂળથી, અષ્ટમીનું

કુળ જોય રે. વિ૦ ૮ આદિ જિન જન્મ દીક્ષાતણો, અજિતનો જન્મ કલ્યાણ રે; ચ્યવન સંભવતણો એહ તિથે, અભિનંદન નિરવાણ રે. વિ૦ ૯ સુમતિ સુવ્રત નમિ જનમિયા, નેમનો મુક્તિ દિન જાણ રે; પાર્શ્વ જિન એહ તિથે સિદ્ધલા, સાતમા જિન ચ્યવન માણરે. વિ૦ ૧૦ એહ તિથિ સાધતો રાજિયો, દંડવીરજ લહ્યો મુક્તિ રે; કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે. વિ૦ ૧૧ અતિત અનાગત કાળના, જિનતણાં કેઈ કલ્યાણ રે; એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિરવાણ રે. વિ૦ ૧૨ ધર્મ વાસિત પશુ પંખિયા, એહ તિથે કરે ઉપવાસ રે; વ્રતધારી જીવ પોસો કરે, જેહને ધર્મ અભ્યાસ રે. વિ૦ ૧૩ ભાખિયો વીરે આઠમતણો, ભવિક હિત એહ અધિકાર રે;

જિન મુખે ઉચરે ભાખિયા, પામશો ભવતણો પાર રે. વિ૦ ૧૪ એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડ રે; સેવજ્યો શિષ્ય બુધ પ્રેમનો, કહે કાન્તિ કર જોડ રે. વિ૦ ૧૫

કલસ.

એમ ત્રિજગ ભાસણ અચલ શાસન, વર્ધ્ધમાન જિનેશ્વરૂ; બુધ પ્રેમ ગુરૂ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરૂ. જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમ તણો; જે ભવિક ભાવે સુણે ગાવે, કાન્તિ સુખ પાવે ઘણો. ૨

અથ એકાદશીનું સ્તવન. (ઢાલ ૪)

ઢાલ ૧ લી.

જગપતિ નાયક નેમ જિણંદ, દ્વારિકા નગરી સમોસરયા; જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવરયા. ૧

ધી ગુણ ફુલ અમૂલ, ભકિત ગુણે માળા રચી; જ૦ પૂજી પૂછે ફળગુ. ક્ષાયિક સમકિત શાન રૂચી. ૨ જ૦ ચારિત્ર ધર્મ આશક્ત, રક્ત આરંભ પરિગ્રહે; જ૦ મુજ આ-તમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે. ૩ જ૦ તુમ સરિખો મુજ નાથ, માથે ગાજે ગુણ નિલો; જ૦ કોય ઉપાય બતાવ, જેમ કરે શિવવધૂ કંતલો. ૪ નરપતિ ઉજ્વલ માગશિર માસ, આરાધો એકા-દશી; નરપતિ એકસો ને પંચાસ, કલ્યાણકાં તિથિ ઉલ્લસી. ૫ ન૦ દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીશી ત્રીશે મળી; ન૦ નેવું જિનન કલ્યાણ, વિવરી કહું આગળ વળી. ૬ ન૦ અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવ-ળી; ન૦ વર્તમાન ચોવિશિ, માંહે કલ્યાણ કહ્યાં વળી. ૭ ન૦ મૌનપણે ઉપવાસ, દોઢ-

સો જપમાળા ગણો, ન૦ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રત તણો. ૮ ન૦ દક્ષિણ ધાતકીખંડ, પશ્ચિમ દિશિ ઇક્ષુકારથી; ન૦ વિજયપાટણ અભિધાન, સાચો નૃપ પ્રજા પાળથી. ૯ ન૦ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્ર-મુખી ગજગામિની; ન૦ શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શીયળ સલીલા કામિની. ૧૦ ન૦ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ આવર ધરી; ન૦ જાયે નિત્ય જિન ગેહ, નમન સ્તવન પૂજા કરે. ૧૧ ન૦ પોખે પાત્ર સુપાત્ર, સામાયિક પોષધ વરે ન૦ દેવ વંદન આવશ્યક, કાળ વેળાયે અ-નુસરે. ૧૨

ઢાલ બીજી.

એક દિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણા રી,
વિનયે વિનવે શેઠ, મુનીવર કરી કરૂણા રી. ૧
દાખો મુજ દિન એક, થોડો પુણ્ય કીયો રી;

વાવ્યું જિમ વડબીજ, શુભ અનુબંધી થયો રી. ૨ મુનિ ભાખે મહાભાગ્ય, પાવન પર્વ ઘણા રી; એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુમના રી. ૩ સિત એકાદશી સેવ, માસ અગ્યાર લગે રી; અથવા વરસ ઇગ્યાર, ઉજવી તપ સુવગે રી. ૪ સાંભળી સદ્દગુરુ વેણ, આનંદ અતિ ઉલ્લસ્યો રી; તપ સેવી ઉજવિય, આરણ સ્વર્ગ વસ્યો રી. ૫ એકવીશ સાગર આય, પાળી પુણ્ય વશે રી; સાંભળ કેશવ રાય, આગળ જેહ થશે રી. ૬ સોરીપુરમાં શેઠ, સમૃદ્ધદત્ત વડો રી; પ્રીતિમતિ પ્રિયા તાસ, પુણ્યે જોગ જડ્યો રી. ૭ તસ કુખે અવતાર સુચિત શુભ સ્વપ્ને રી; જન્મ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શકુને રી. ૮ નાલ નિક્ષેપ નિધાન, ભૂમિથી પ્રગટ હવો રી; ગર્ભ દોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યો રી. ૯ બુદ્ધિ ઉદ્યમ ગુરુ

જોગ, શાસ્ત્ર અનેક ભણ્યો રી; ચાવન વર્ષ અગીઆર, રૂપવતી પરણ્યો રી. ૧૦ જિન પૂજન મુનિ દાન, સુવ્રત પચખાણ ધરે રી, અગીઆર કંચન ક્રોડ, નાયક પુણ્ય ભરે રી. ૧૧ ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહે રી; સાંભળી સુવ્રત શેઠ, જાતિસ્મરણ લહે રી. ૧૨ જિન પ્રત્યય મુનિ શાખ, ભકતે તપ ઉચ્ચરે રી; એકાદશી દિન આઠ, પોહોરો પોસો ધરે રી. ૧૩

ઢાલ ૩ જી

પત્ની સંયુત પોસહ લીધો, સુવ્રત શેઠે અન્યદા જી; અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ધન્ય લુટે તદા જી ૧ શાસન ભકત દેવી શકતે, થંભાણા તે બાપડા જી; કોલાહલ સુણિ કોટવાળ આવ્યો, ભૂપ આગળ ધર્યા રાંકડા જી. ૨ પોસહ પારી દેવ જુહારી,

દયાવંત લેઇ ભેટણાં જી; રાયને પ્રણમી ચોર મુકાવી, શેઠે કીધાં પારણા જી. ૩ અન્ય દિવસ વિશ્વાનલ લાગ્યો, સોરીપુરમાં આકરો જી; શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરો જી. ૪ પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રશંસા કરે જી; હરખે શેઠજી તપ ઉજમણું, પ્રેમદા સાથે આદરે જી, ૫ પુત્રને ઘરનો ભાર ભળાવી, સંવેગી શિર સેહરો જી; ચઉનાણી વિજય શેખર સૂરિ, પાસે તપ વ્રત આદરે જી ૬ એક ખટ માસી ચાર ચોમાસી, દો સય છઠ સો અઠમ કરે જી; બીજા તપ પણ બહુશ્રુત સુવ્રત, મૌન એકાદશી વ્રત ધરે જી. ૭ એક અધમ સુર મિથ્યા દૃષ્ટિ, દેવતા સુવ્રત સાધુને જી; પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે તથા રે વ્યાધિને જી. ૮ કર્મે નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ

ઔષધ ભાગી જી; સાધુ ન જાયે રોષ મરાયે, પાટુ મ્હારે હણ્યા મુનિજી. ૯ મુનિ મન વચ કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મને જી; કેવલ પામી જિતપદ રામી, સુવ્રત નેમ કહે શ્યામને જી. ૧૦

ઢાલ ૪ થી.

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવ વંશ; જિહાં પ્રભુ અવતરયા એ, મુજ મન માનસ હંસ. જયો જિન નેમને એ. ૧ ધન્ય શિવાદેવી માવડી એ, સમુદ્રવિજય ધન્ય તાત; સુજાત જગત ગુરૂ એ, રત્નત્રયી અવદાત. જ૦ ૨ ચરણ વિરાધ્યાં ઉપન્યો એ, હું નવ મો વાસુદેવ; જ૦ તેણે મન નવિ ઉલ્લસે એ, ચરણ ધરમની સેવ. જ૦ ૩ હાથી જેમ કાદવ ગળ્યો એ, જાણું ઉપાદેય હેય; જ૦ તોપણ હું ન કરી શકું એ, દુષ્ટ કરમનો

મેય. જ૦ ૪ પાણુ સરણો બળિયાતણો એ, કીજે સીજે કાજ; જ૦ એહનાં વચનને સાંભ‑ળી એ, બાંકે પ્રભાની લાજ. જ૦ ૫ નેમ કહે એકાદશો એ, સમકિત યુત આરાધ્ય; જ૦ થાઇશ જિનવર બારમો એ, ભાવિ ચોવીશિ‑યે લદ્ધ. જ૦ ૬

કલસ.

ઇય નેમિ જિનવર, નિત્ય પુરંદર, રૈવતાચળ મંડણો; બાણ નવ મુનિ, ચંદ વરષે, રાજ નગરે સંથુણ્યો; સંવેગ રંગ, તરંગ જળનિધિ, સત્યવિજય ગુરૂ અનુસરી; કપુરવિજય કવિ, ક્ષમા વિજય ગણિ,, જિન જય જયસિરિ વરી. ૧

અથ આંબેલની ઓળીનું સ્તવન.

એ ભવિ પ્રાણી રે સેવો. સિદ્ધચક્ર

ધ્યાન સમો નહીં મેવો. એ ભવિ૦ એ. આંકણી. જે સિદ્ધચક્રને આરાધે, તેની કીર્તિ જગમાં વાધે એ૦ ૧ પહેલે પદ રે અરિહંત, બીજે સિદ્ધ બુધ ધ્યાન મહંત, ત્રીજે પદ રે સૂરીસર, ચોથે ઉવઝાય ને પાંચમે મુનિસર. એ૦ ૨ છઠ્ઠે દરશન કીજે, સાતમે જ્ઞાનથી શિવ સુખ લીજે; આઠમે ચારિત્ર પાવો, નવમે તપથી મુક્તે જાવો. એ૦ ૩ ઓળી આંબિલની કીજે, નાકોરવાળી વીશ ગણીજે; ત્રણે ટંકના રે દેવ, પલેવણ પડિકમણાં આંબેલ. એ૦ ૪ ગુરૂ મુખ કિરિયા રે કીજે, દેવ ગુરૂ ભક્તિ ચિત્તમાં ધરીજે; એમ કહે રામનો શિષ્ય, ઓળી ઉજવજ્યો જગદીશ: એ૦ ૫

અથ આંબીલ તપ શ્રી સિદ્ધ ચક્રજીનું સ્તવન (ઢાલ ૪)

ઢાલ ૧ લી

જીહો કુંઅર બેઠા ગોખડે. એ દેશી.

જીહો પણમું દિન પ્રત્યે જિન પતી. લાલા, શિખ સુખકારી અશેષ. જીહો આસોઇ ચૈત્રી ભણી, લાલા, અઠ્ઠાઇ સુવિશેષ. ૧ ભવિક જન, જિનવર જગ જયકાર, જીહો જિહાં નવ પદ આધાર. ભ૦ એ આંકણી. જીહો તેહ દિવસ આરાધવા, લાલા, નંદીસર સુર જાય; જીહો જીવાભિગમ માંહે કહ્યું, લાલા, કરે અડ દિન મહિમાય. ભ૦ ૨ જીહો નવ-પદ કેરા યંત્રની; લાલા, પૂજા કીજે રે જાપ; જીહો રોગ શોક સવિ આપદા, લાલા, નાસે પાપનો વ્યાપ. ભ૦ ૩ જીહો અરિહંત સિદ્ધ આચારજા, લાલા, ઊવઝાય સાધુ એ પાંચ;

૮ હો દંસણ નાણ ચરિત્ર તવો, લાલા, એ
બહુ ગુણનો મપંચ. ભ૦ ૪ જીહો એ નવપદ
આરાધતાં, લાલા, ચંપાવતિ વિખ્યાત; જીહો
રૂપ શ્રીપાળ સુખીયો થયો, લાલા, તે સુણ-
જ્યો અવદાત. ભ૦ ૫

ઢાલ ૨ જી

કોઇલો પર્વત ધૂંધલો રે લો. એ દેશી.

માલવધુર ઉજેણીયે રે લો, રાજ્ય કરે
પ્રજાપાળ રે; સુગુણ નર, સુરસુંદરી મયણાં
સુંદરી રે લો, બે પુત્રી તસ બાળ રે. સુગુણ
નર, શ્રી સિદ્ધચક્ર આરાધીયે રે લો, જેમ
હોય સુખની માળ રે. સુ૦ શ્રી૦ ૧ એ
આંકણી. પહેલી મિથ્યા શ્રુત ભણી રે લો,
બીજી જિન સિદ્ધાંત રે; સુ૦ બુદ્ધિ પરીક્ષા
અવસરે રે લો, પૂછી સમસ્યા તુરંત રે. સુ૦
શ્રી૦ ૨ તુઠયો રૂપ વર આપવા રે લો,

પહેલી કરે તે પ્રમાણ રે; સુ૦ બીજી કર્મ પ્રમાણથી રે લો, કોપ્યો તવ નૃપ ભાણ રે. સુ૦ શ્રી૦ ૩ દૃષ્ટી વર પરણાવિયો રે લો, મયણાં વરે ધરી નેહ રે; સુ૦ રામા હૃદય વિચારીય રે લો, સુંદિર વિણસે તુજ દેહ રે. સુ૦ શ્રી૦ ૪ શ્રી સિદ્ધચક્ર પ્રભાવથી રે લો, નિરોગી થયો જેહ રે; સુ૦ પુણ્ય પસાયે કમલા લહી રે લો, વાધ્યો ઘણો સસનેહ રે. સુ૦ શ્રી૦ ૫ માઉલે વાત જસ લહી રે લો, વંદવા આવ્યો ગુરૂ પાસ રે; સુ૦ નિજ ઘર તેડી આવિયો રે લો, આપે નિજ આવાસ રે. સુ૦ શ્રી૦ ૬ શ્રીપાલ કહે કામિની સુણો રે લો, મેં જાવું પરદેશ રે; સુ૦ માલ મતા બહુ લાવશું રે લો, પૂરશું તુમતણી ખાંત રે. સુ૦ શ્રી૦ ૭ અવધિ કરી એક વર્ષની રે લો, ચાલ્યો નૃપ પરદેશ રે;

સુ૦ શેઠ ધવલ સાથે ચલ્યો રે લો, જળ પંથે સુવિશેષ રે. સુ૦ શ્રી૦ ૮

ઢાલ ત્રીજી

ઇડર· આંબા આંબલી રે. એ દેશી.

પરણી બબ્બરપતિ સુતા રે, ધવલ મુકાવ્યો જ્યાંહ; જિનહર બાર ઉઘાડતે રે, કનકકેતુ બીજી ત્યાંહ; ચતુરનર શ્રી શ્રીપાલ ચરિત્ર. ૧ એ આંકણી. પરણી વસ્તુ પાલની રે, સમુદ્ર તટે આવંત; મકરકેતુ નૃપ સુતા રે, વિણા વાદે રીઝંત. ચ૦ ૨ પાંચમી ત્રૈલોક્ય સુંદરી રે, પરણી કુબ્જા રૂપ; છઠ્ઠી સમશ્યા પૂરતી રે. પંચ સખીશું અનુપ. ચ૦ ૩ રાધાવેધી સાતમી રે, આઠમી વિષ ઉતાર; પરણી આવ્યો નિજ ઘરે રે, સાથે બહુ પરિવાર. ચ૦ ૪ પ્રજાપાળે સાંભળી રે, પર દળ કેરી વાત; ખંધે કુહાડો લેઇ કરી રે.

મયણાં હુઇ વિખ્યાત. ચ૦ ૫ ચંપા રાજ્ય લેઇ ફરી રે, ભોગવી કામિત ભોગ; ધર્મ આરાધી અવતરયો રે, પોહોતો નવમેં સુરલોગ. ચ૦ ૬

ઢાલ ૪ થી.

કંત તમાકુ પરિહરો. એ દેશી.

એમ મહિમા સિદ્ધચક્રનો, સુણિ આરાધે સુવિવેક; મોરે લાલ, શ્રી સિદ્ધચક્ર આરાધિયે. ૧ એ આંકણી. અડદલ કમલની થાપના, મધ્યે અરિહંત ઉદાર; મો૦ ચિહું દિશે સિદ્ધાદિક ચઉ, ચઉ દિશે તું ગુણ ધાર. મો૦ શ્રી૦ ૨ બે પડિક્કમણાં જંત્રની પૂજા, દેવ વંદન ત્રિકાળ, મો૦ નવમે દિન સવિશેષથી, પંચામૃત કીજે પખાળ. મો૦ શ્રી૦ ૩ ભૂમિ શયન બ્રહ્મવિધ ધારણા, રૂંધી રાખો ત્રણ જોગ; મો૦ ગુરૂ વૈયાવચ્ચ કીજીયે, ધરો સ-

દહણા ભોગ. મો૦ શ્રી૦ ૪ ગુરૂ પડિલાભી પારીય, સામીવત્સલ પણ હોય; મો૦ ઉજમણાં પાણ નવ નવાં, ફળ ધાન્ય રયણાદિક હોય. મો૦ શ્રી૦ ૫ ઇહ ભવ સવિ સખ સંપદા, પરભવે સવિ સુખ થાય; મો૦ પંડિત શાંતિવિજય તણો, કહે માનવિજય ઉવઝાય. મો૦ શ્રી૦ ૬

અથ રોહિણી તપનું સ્તવન (ઢાલ ૬)

ઢાલ પહેલી.

હાંરે મારે, વાસુપૂજયનો નંદન મઘવા નામ જો, રાણી તેહની કમલા પંકજ લોયણિ રે લો; હાંરે મારે, આઠ પુત્ર ને ઉપર પુત્રી એક જો, માત પિતાને વહાલી નામે રોહિણી રે લો. ૧
હા૦ દેખી યૌવન વય નિજ પુત્રી ભૂપ જો, સ્વયંવર મંડપ માંડિ નૃપ તેડાવિયા રે લો; હાં૦ અંગ વંગ ને મરૂધર કુંગ રાય જો;

ચતુરંગી ફોજથી ચંપાએ આવિયા રે લો.
૨ હાં૦ પૂરવ ભવના રાગે રોહિણી તામ જો,
ભૂપ અશોકને કંઠે વરમાળા ધરે રે લો; હાં૦
ગજ રથ ઘોડા દાન અને બહુ માન જો,
દઇ વોળાવી બેટી બહુ આડંબરે રે લો. ૩
હાં૦ રોહિણી રાણી ભોગવતાં સુખ ભોગ જો,
આઠ પુત્ર ને પુત્રી ચાર સોહામણી રે લો;
હાં૦ આઠમા પુત્રનું લોકપાલ છે નામ જો,
તે ખોળે લેઇ બેઠી ગોખે ભામની રે લો.
૪ હાં૦ એવે કોઇએક નગર વણિકનો પુત્ર
જો, આયુ ક્ષયેથી બાળક મરણ દશા લહે રે
લો; હાં૦ માત પિતાદિક સહુ તેનો પરિવાર
જો, રડતો પડતો ગોખ તળે થઇને વહેરે
લો. ૫ હાં૦ તે દેખી અતિ હરખી રોહિણી
તામ જો, પિઉને ભાખે એ નાટક કોણ ભાં-
તનું રે લો; હાં૦ દીપ કહે એ પૂરવ પુણ્યપ

સંકેત જો, જન્મથકી નવિ દીઠું દુઃખ કાંઈ જાતનું રે લો. ૬

ઢાલ ૨ જી.

પિઉ કહે જોબન મદ માતી, સહુને સરખાં આશા; એ બાળકના દુઃખથી રોવે, તુજને હોવે તમાશા. બોલો બોલ વિચારી રાજ, એમ કુમ કીજે હાંશી. ૧ એ આંકણી. રાયે રીશ કરી ખોળેથી, પુત્રને ખુંચી લીધો; રોહિણી રાણી નજરે જોતાં, ગોખથી નાંખી દીધો. બો૦ ૨ તે દેખી સહુ અંતેઉરમાં, સજ્જને પોકાર તે કીધો; રોહિણી એમ જાણે જે બાળક, કાઈકે રમવા લીધો. બો૦ ૩ નગર તણી રખવાળ દેવે, અધર ગ્રહ્યો તિહાં આવી, સોનાને સિંહાસણ થાપ્યો, આભૂષણ પહેરાવી. બો૦ ૪ નગર લોક સહુ ભાગ્ય વખાણે, રાજા વિસ્મય થાવે; દીપ કહે જસ પુન્ય સખાઈ, તિહાં સહુ નવનિધ થાવે. બો૦ ૫

ढाल त्रीजी.

रुडो मास वसंत. ए देशी.

एक दिन वासुपूज्य जिनवरना, अंतेवा-
सी मुनिराय वाला; रूपकुंभ नें सुवर्णकुंभजी,
चउ ज्ञानी भव जहाज वाला. रोहिणी तप
फळ जग जयवंतु. १ ए आंकणी. पाउधारया
प्रभु नयर समीपे, हरख्यो रोहिणी कंत
वाला; सहु परिवारशुं पद युग वंदे, निसुण्यो
धर्म एकंत वाला. रो० २ कर जोडी नृप
पुछे गुरुने, रोहिणी पुण्य प्रबंध वाला; शुं
कीधुं प्रभु सुकृत एणे, भांखो ते सयल सं-
बंध वाला. रो० ३ गुरु कहे पूरव भवमां
कीधुं, रोहिणी तप गुण खाण वाला; तेथी
जन्मथकी नवि दीठुं, सुख दुःख जाण अ-
जाण वाला. रो० ४ भाखशे गुरु हवे पूर्व
भवनो, रोहिणीना अधिकार वाला; दीप

કહે સુણજ્યો એક ચિતે, કર્મ પ્રપંચ વિચાર વાલા. રા० ૫

ઢાલ ચોથી.

ગુરૂ કહે જંબુ ખેત્ર ભરતમાં, સિદ્ધપુર નગર મોઝાર રે; પૃથ્વિપાળ નરેસર રાજા, સિદ્ધમતિ તસ નાર. રાજન સુણજ્યો રે, કાંઇ પૂરવ ભવ અધિકાર, દીલમાં ધરજ્યો રે. ૧ એ આંકણી એક દિન આવ્યા ચંદ્ર ઉદ્યાને, રાણી ને વળી રાય રે, ખેલે ક્રિડા નવ નવ ભાતે, જોજ્યો કર્મ નિદાન. રા० ૨ એવે કોઇએક મુનિ તિહાં આવ્યો, ગુણસાગર તસ નામ રે; રાજા તે મુનિવરને દેખી, રાણીને કહે તામ. રા० ૩ ઉઠો એ મુનિને વહોરાવો, જે હોય સુજતો આહાર રે; નિસુણી રાણીને મુનિ ઉપર, ઉપન્યો ક્રોધ અપાર. રા० ૪ વિષય થકી અંતરાય થયો તે, મનમાં બહુ દુઃખ લાવે રે;

મોશે બળતી કડવું તુંબડું, તે મુનિને વહો-
રાવે. રા૦ ૫ મુનિને આહારથકી વિષ વ્યાપ્યું,
કાળધર્મ તિહાં કીધો રે; રાજાયે રાણીને તત-
ક્ષણ, દેશનિકાલો દીધો. રા૦ ૬ સાતમે દિન
મુનિ હત્યા પાપે, ગલત કોઢ થયો અંગે રે,
કાળ કરીને છઠ્ઠી નરકે, ઉપની પાપ પ્રસંગે.
રા૦ ૭ નારકી ને તિર્યંચતણા ભવ, ભટકી
કાળ અનંતરે; દીપ કહે હવે ધર્મ જોગનો,
કહીશું સરસ વૃત્તાંત.

ઢાલ પાંચમી.

તે રાણી મુનિ પાપથી, કેશરીયા; ફરતી ભવ
ચક્કર રે, કેશરીયા લાલ; તારા નયરમાં ઉપની,
કેશરીયા; વનમિત્ર શેઠને ઘેર રે, કેશરીયા લાલ;
જુઓ જુઓ કર્મ વિટંબના કેશરીયા. ૧ એ
આંકણી. ધનવતા કુખે ઉપની, કે૦ દુર્ગંધા
તસ નામ રે; કે૦ લા૦ નગર વણિકના પુત્ર.

ને, કે૦ પરણાવી બહુ માન રે. કે૦ લા૦ જુ૦ ૨ સુખ સજ્યાની ઉપરે, કે૦ આવી કંતની પાસ રે; કે૦ લા૦ બહુ દુર્ગંધતા ઊછળી, કે૦ સ્વામી પામ્યો ત્રાસ રે. કે૦ લા૦ જુ૦ ૩ મૂકી પરદેશે ગયો, કે૦ જુઓ જુઓ કર્મ સ્વભાવ રે, કે૦ લા૦ એક દિન કન્યાનો પિતા, કે૦ જ્ઞાનીને પૂછે ભાવ રે. કે૦ લા૦ જુ૦ ૪ જ્ઞાનીયે પૂરવ ભવ કહ્યો; કે૦ ભાખ્યો સહુ અવદાત રે; કે૦ લા૦ ફરી પૂછે ગુરૂરાયને, કે૦ કેમ હોવે સુખ શાત રે. કે૦ લા૦ જુ૦ ૫ ગુરૂ કહે રોહિણી તપ કરો, કે૦ સાત વર્ષ સાત માસ રે, કે૦ લા૦ રોહિણી નક્ષત્રને દિને, કે૦ ચોવિહારો ઉપવાસ, રે. કે૦ લા૦ જુ૦ ૬ વાસુપૂજ્ય ભગવતની કે૦ પૂજા કરો શુદ્ધ ભાવ રે; કે૦ લા૦ એમ તપ આરાધતાં, કે૦ પ્રગટે શુદ્ધ સ્વભાવ

રે. કે૦ લા૦ જુ૦ ૭ કરજ્યો તપ પૂરણ થયે, કે૦ ઉજમણું ભલી ભાત રે; કે૦ લા૦ તેથી એક ભવ આંતરે, કે૦, લેશા જ્યોતિ મહંત રે. કે૦ લા૦ જુ૦ ૮ એમ મુનિ મુખથી સાંભળી, કે૦ આરાધ્યો તે સાર રે; કે૦ લા૦ એ તારી રાણી થઇ, કે૦ રોહિણી નામે નાર રે. કે૦ લા૦ જુ ૯ એમ નિ- સુણી હરખ્યાં સહુ, કે૦ રોહિણી ને વળી રાય રે; કે૦ લા૦ દીપ કહે મુનિ કુંભને, કે૦ મણુમી થાનક જાય રે. કે૦ લા૦ જુ૦ ૧૦

ઢાલ છઠી.

એક દિન વાસુપૂજ્યજી એ, સમોસરણા જિન રાજ; નમો જિન રાજને એ. રાયને રોહિણી હરખીયાં એ, સિધ્યાં સઘળાં કાજ. નમો જિન રાજને એ. ૧ એ આંકણી. બહુ પરિવારશું આવીયા એ, વંદે પ્રભુના પાય;

ન૦ પ્રભુ મુખથી વાણી સુણી એ, આનંદ
અંગ ન માય. ન૦ ૨ રાય ને રોહિણી બેહુ
જણાં એ, લીધો સંજમ ખાસ; ન૦ ધન્ય
ધન્ય સંજમધર મુનિ એ, સુરનર જેના દાસ.
ન૦ ૩ તપ તપી કેવલ લહી એ, તાર્યાં
બહુ નર નાર; ન૦ શિવપદ અવિચળ પદ
લહ્યું એ, પામ્યા ભવનો પાર. ન૦ ૪ એમ
જે રોહિણી તપ કરે એ, રોહિણીની પરે તેહ
ન૦ મંગળમાળા તે લહે એ, વળી અજરામર
ગેહ. ન૦ ૫ ધન્ય વાસુપૂજ્યના તીર્થને એ
ધન્ય ધન્ય રોહિણી નાર; ન૦ એ તપ જે
ભાવે કરે એ, પામે તે જય જયકાર. ન૦ ૬
સંવત અઢાર ઓગણસાઠનો એ, ઉજ્વળ
ભાદ્રવ માસ; ન૦ દીપવિજયે તસ ગાઇયો એ,
કરી ખંભાત ચોમાસ. ન૦ ૭

કળસ.

વાસુપૂજ્ય જગનાથ સાહેબ, તાસ તીર્થે એ થયાં, આઠ પુત્ર ને ચાર પુત્રિથી, દંપતી મુગતે ગયાં. તપ ગચ્છ વિજયાણંદ પટધર, વિજય દેવેંદ્ર સૂરિસરૂ; તાસ રાજ્યે તવન કીધુ, સકલ સંઘ સોહંકરૂ. સકલ પંડિત પ્રવર ભુષણ, પ્રેમરત્ન ગુરૂ ધ્યાઇયા, કવિ દીપવિજયે પુણ્ય હેતે, રોહિણી ગુણ ગાઇયા. ૧

અથ શાંતિનાથ જિન સ્તવન.

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો તુમ ગુણ રાગી; તુમે નિરાગી ભગવંત, જોતાં કેમ પડશે તંત. ૧ હું તો ક્રોધ કષાયે ભરિયો, તું તો સમતારસનો દરિયો; હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવળ કમળા વરિયો. ૨ હું તો વિષયા સુખનો આશી, તેં

તો વિષય કીધ નિરાશી; હું તો કર્મને ભારે જ ભાર્યો, તુમે કર્મનો ભાર નિવાર્યો. ૩ હું તો મોહ તણે વશ પડિયો, તું તો સબળ મોહને નડિયો; હું તો ભવ સમુદ્રમાં ખુતો, તું તો શિવ મંદિરમાં પોહોતો. ૪ મ્હારે જન્મ મરણનો જોરો, તેં તો તોડયો તેહનો દોરો; મ્હારો પાસો ન મેલે રાગ, પ્રભુ તું તો થયો વિતરાગ. ૫ મુને માયાએ મેલી ફાંસી, તુમે નિરબંધન અવિનાસી; હું તો સમકિતથી રે અધુરો, તું તો સકળ પદાર્થે પુરો. ૬ મ્હારે તો મન તુંહિજ એક, તારે મુજ સરિખા અનેક; હુ તો મનથી ન મેલુ માન, તુમે માન રહિત ભગવાન. ૭ મારૂં કીધું તે શું થાય, તું તો રાંકને કરે રાય; તુમે એક કગે મહેરબાની. મ્હારો મુજગ ભેજયો માની. ૮ એક વાર જો નજરે નિર-

ઓ, તો હું થાઉ તુમ ગુણ સરખો; જે સેવક તુમ ગુણ ગાશે, તે તુમ સરિખો ગુણિ થાશે. ૯ ભવો ભવ તુમારી સેવા, હું તો માગું છું દેવાધિદેવા, સામું જુવોને સેવક જાણી, એમ ઉદયરતનની વાણી. ૧૦

અથ શ્રી સિદ્ધાચલનું સ્તવન. ૧

સ્વામિજી મુજને સિદ્ધાચલ લેઇ ચાલ, લેઇ ચાલ લેઇ ચાલરે; સ્વામીજી મુ૦ ટેક. હવે વિલંબ ન કશી કરો રે વાલમા, કોણે દીઠી છે કાલ રે. સ્વા૦ ૧ ઘોઘા બંદર જઇ ચઢી રે વાલમા, મળિયો સૈયર કેરો સાથ રે. સ્વા૦ ૨ પાલિટાણે નગરે જઇ કરી રે વાલમા, સફળ થઇ મુજ આશ રે. સ્વા૦ ૩ ગિરિ દેખી લોચન ઠરયાં રે વાલમા, સફળ થયો અવતાર રે. સ્વા૦ ૪ ઊંચાં દેરાં આદીનાથનાં રે વાલમા, ઉગમણે દરબાર રે સ્વા૦

૫ સુરજકુંડમાં નાહિ કરી રે વાલમા, પહેરવા જાદવ ચીર રે. સ્વા૦ ૬ કેશર ચંદન ઘસી ઘણાં રે વાલમા,. પૂજવા આદિ જિણંદરે. સ્વા૦ ૭ સુરનર જન સેવા કરે રે વાલમા, અમર ઢાળે ઈંદ્ર રે સ્વા૦ ૮ કંઠે કંટ્ઠારા હીમના રે વાલમા, કંઠે નવસર હાર રે. સ્વા૦ ૯ બાંહે બાજુબંધ બેરખારે વાલમા, લિલા-વટ તિલક જડાવ રે. સ્વા૦ ૧૦ મસ્તક મુગટ હીરે જડયો રે વાલમા, કાને કુંડળ સાર રે. સ્વા૦ ૧૧ કીર્તિ વિજય ઉવઝાયનો રે વાલમા, હોજ્યો મંગળ માળ રે. સ્વા૦ ૧૨

અથ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન. ૨

આંખડીયે રે મેં આજ, શત્રુંજય દીઠો રે, સવા લાખ ટકાનો દાહાડો રે, લાગે મુને મીઠો રે; સફલ થયો રે માહારા મનનો ઊમાહો, વહાલા મારા ભવનો સંશય ભાંગ્યો

રે; નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે
પ્રભુજીને લાગ્યો રે શત્રુજય દીઠો રે. ૧ એ
આંકણી. માનવ ભવનો લાહો લીજે, વા૦
દેહડી પાવન કીજે રે; સોના રૂપાને ફુલડે
વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દિજે રે. શત્રું૦ ૨
દુધડે પખાલી ને કેશર ઘોલી; વા૦ શ્રી
આદીશ્વર પૂજ્યા રે, શ્રી સિદ્ધાચલ નયણે
જોતાં, પાપ મેવાસી ધ્રૂજ્યા રે. શત્રું૦ ૩
શ્રી મુખ સૌધર્મા સુરપતિ આગે; વા૦ વીર
જિનંદ એમ બોલે રે, ત્રણ્ય ભુવનમાં તીરથ
મ્હોટું, નહિં કોઇ શત્રુંજય તોલે રે. શત્રું૦
૪ ઇંદ્ર સરીખા એ તીરથની, વા૦ ચાકરી
ચિત્તમાં ચાહે રે, કાયાની તો કાશ્મર કાઢી,
સૂરજ કુંડમાં નાહે રે. ૫ કાંકરે કાંકરે શ્રી
સિદ્ધ ક્ષેત્રે, વા૦ સાધુ અનંતા સિદ્ધા રે;
તે માટે એ તીરથ મ્હોટું, ઉદ્ધાર અનંતા

કીધાં રે. શત્રું૦ ૬ નાભિ રાયા સુત નયણે જોતાં, વા૦ મેહુ અમીરસ વૂઠયા રે; ઉદય રત્ન કહે આજ મ્હારે પોતે, શ્રી આદેસર તૂઠયા રે. શત્રું૦ ૭ ઇતિ.

અથ સમેતશિખર ગિરિ સ્તવન.

આજ સફલ દિન ઉગ્યો હો, શ્રી સમેતશિખર ગિરિ ભેટીયા, કાંઇ જાગ્યા પુણ્ય અંકૂર; ભૂલ અનાદિની ભાગી હો, અબ જાગી સમકિત વાસના, કાંઇ પ્રગટયો આનંદ પૂર. આજ૦ ૧ વિષમ પહાડની ઝાડી હો નદી આડી ઓલંઘી ઘણી, કાંઇ ઓલંગ્યા બહુ દેશ; શ્રી ગિરિરાજને નિરખી હો મન હરખી દુઃખડાં વીસરયાં, મુજ પ્રગટયો ભાવ વિશેષ. આજ૦ ૨ વીશે ટુંકે ભકતે હો ભલી જુકતે વીશે જિન પતિ, મેં ભેટયા ધરી બહુ ભાવ; શામળા

पासજી પૂજ્યા હો તવ ધ્રુજ્યા મોહાદિક રિપુ, એ તીરથ ભવ જલ નાવ. આજ૦ ૩ તીરથ સેવા મેવા હો મુજ હેવા લેવાને ઘણું, તે પામ્યો પૂરણ આજ; તીન ભુવન ઠકુરાઈ હો મુજ આઈ સઘળી હાથમેં, મુજ સીધ્યાં સઘળાં કાજ. આજ૦ ૪ પાસ આશા મુજ પૂરે હો દુઃખ ચૂરે શામળિયો સદા ત્રેવીશમો મહારાજ, એ પ્રભુના પદ પદ્મ હો સુખ સદ્મ મુજ મન મોહિયું, કવિ રૂપવિજય કહે આજ. આ૦જ૦ ૫ ઇતિ

અથ વિશે વિહરમાનનું સ્તવન.

રાગ રામકલી.

સીમંધર યુગમંધર બાહુ, ચોથા સ્વામી સુબાહુ; જંબુદ્વીપ વિદેહે વિચરે, કેવલ કમલા નાહુરે. ૧ ભવિકા વિહરમાન જિનવંદો, આતમ પાપ નિકંદોરે; ભ૦ એ આંકણી.

સુજાત સ્વયંપ્રભ, ઋષભાનન, અનંત વીરજ ચિત્ત ધરીયે; સુરપ્રભ શ્રી વિશાલ વજ્રધર, ચંદ્રાનન ધાતકીએરે; ભવિ૦ ૨ ચંદ્રબાહુ ભુજંગને ઇશ્વર, નેમિનાથ વીરસેન; દેવજશા ચંદ્રજશા અજીતવિર્ય, પુષ્ખર દ્વીપ પ્રસન્નરે. ભ૦ ૩ આઠમી નવમી ચોવીશ પચવીશમી વિદેહે વિજય જયવંતા; દશ લાખ કેવલી સો કોડ સાધુ, પરિવારે ગહગહતારે. ભ૦ ૪ ધનુષ પાંચસેં ઊંચી સોહે, સોવન વરણી કાયા. દોષ રહિત સુર મહિમા મહીતલ, વિચરે પાવંન પાયારે. ભ૦ ૫ ચોરાશી લાખ પૂરવ જિન જીવિત, ચોત્રીશ અતિશય ધારી; સમ- વસરણ બેઠા પરમેશ્વર, પડિબોહે નર નારીરે. ભ૦ ૬ ખીમા વિજય જિન કરૂણાસાગર. આપ તરયા પર તારે; ધર્મ નાયક, શિવ મારગ દાયક, જન્મ જરા દુઃખ વારેરે. ભ૦ ૭

અથ શ્રી વીર જિન સ્તવન.

રાગ ધન્યાશ્રી. તેતરીયાની દેશી.

વંદો વીર જિનેશ્વરં રાયા, ત્રિશલા દેવી જાયા રે; હરી લંછન કંચનવાન કાયા; અમર વધૂ હુલરાયા રે. વં૦ ૧ બાલપણે સુરગિરિ ડોલાયા, અહિ વેતાલ હરાયા રે; ઇંદ્ર કહણ વ્યાકરણ નીપાયા, પંડિત વિસ્મય પાયા રે. વં૦ ૨ ત્રીસ વરસ ઘરવાસ રહાયા, સંજમસ્યું લય લાયા રે; બાર વરસ તપ કર્મ ખપાયા. કેવલ નાણ ઉપાયા રે. વં૦ ૩ ખાયક રિદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે; ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયા રે. વં૦ ૪ તીન ભુવનમેં આણ મનાયા, શિર દોય છત્ર ધરાયા રે; રૂપ કનક મણિ ગઢ વિરચાયા નિગ્રંથ નામ ધરાયા રે. વં૦ ૫ રયણ

સિંહાસન બેસન ઠાયા, દુંદુભિ નાદ વજાયા રે; દાનવ માનવ વાસ વસાયા, ભકતે શિશ નમાયા રે. વં૦ ૬ પ્રભુ ગુણ ગાણ ગંગાજલ નાહ્યા, પાવન તેહની કાયા રે; પંડિત ક્ષમા વિજય સુપસાયા, સેવક જન સુખદાયા રે. વંદો૦ ૭

અથ શ્રી નેમ જિન સ્તવન.

શ્રાવણ વરસેર સ્વામી. એ દેશી.

પર ઉપગારી રે વાહાલા, રહો રહો શિવા દેવીના લાલા; જાણ્યું જે વાહાલા સજ્જન મળિયા તોરણ આવી પાછા વળિયા પર૦ ૧ જાઓરે સહિયર નેમ મનાવો, જિમ તિમ કરીને પાછા લાવો; કારણ એહનું કહેતાં જાય, એવડા રસીયા શ્યાને થાય. પર૦ ૨ મંદિર માહરે રે નાવ્યા, કોઇયે દીસે છે ભરમાવ્યા; રાજા હોયે કાનના કાચા, એ ઉ

બાણા જગના સાચા. પ૨૦ ૩ એક વાર આવો રે સ્વામી, ઘણું શું કહીયે અંતર જામી; કુણ પતીજે રે તાહારો, શ્યો દીઠો તેં વાંક અમારો. પ૨૦ ૪ મેં નવિ જાણ્યું રે એહવું, તેં તો કીધું ન ઘટે તેહવું; છોડીશ નહીં હું સાથ તમારો, જાણો જિમ તિમ પાર ઉતારો. પ૨૦ ૫ આઠ આઠ ભવની રે નારી, નવમેં ભવ માં મેલ્હો વિસારી; રાજુલ બાળી ત્યાં સંચરિયાં, પ્રભુ પાસે ગિરનારે ચઢિયાં. પ૨૦ ૬ હરખે સંજમ રે લીધાં, મન માન્યાં તે કારજ કીધાં; દીપવિજય બેહુ દંપતિ વંદો, જે પામ્યા છે પરમાનંદો. પ૨૦ ૭

પાર્શ્વનાથ જિન સ્તવન.

આવો રે આવો પાસજી મુજ મળીયા રે, મારા મનના મનોરથ ફળીયા; આ૦

એ આંકણી. તારી મુરત મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે; તમને મોહી રહ્યા સુર નર નારી. આ૦ ૧ અલબેલી મુરત પ્રભુ.તારી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે; નાગ નાગણિની જોડ ઉગારી. આ૦ ૨ ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે છે સેવા રે; હમને આપોને શિવપૂર મેવા. આ૦ ૩ તમે શિવ રમણીના રસિયા રે, જઇ મોક્ષપુરીમાં વસિયા રે, મારા હૃદય કમળમાં વસિયા. આ૦ ૪ જે કોઇ પાસ તણા ગુણ ગાશે રે, ભવ ભવનાં તે પાતિક જાશે રે; તેનાં સમકિત નિર્મળ થાશે. આ૦ ૫ પ્રભુ ત્રેવીશમા જિન રાયા રે, માતા વામાદેવીના જાયા રે; હમને દરિશન ધોને દયાળા. આ૦ ૬ હું તો લળી લળી લાગુંજ પાયા રે, મારા ઊરમાં તે હરખ ન માયા

રે; એમ માણેક વિજય ગુણ ગાયા. આવે રે આવો. ૭

અથ શિતલ જિન સ્તવન

વારિ પ્રભુ દશમા શિતલ નાથ કે, સુણો એક વિનતિ રે લાલ; વારી પ્રભુ માહારે તુમથું પ્રીત કે, અવરશું આખડી રે લાલ. ૧ વારી પ્રભુ ભદિલપુર અવતાર કે, દઢરથ રાજિયો રે લાલ; વારી પ્રભુ નંદા માત મલ્હાર કે, કુળમાં ગાજીયો રે લાલ. ૨ વારી પ્રભુ શ્રી વચ્છ લંછન પાય કે, પ્રભુજીને દીપતુ રે લોલ; વારી પ્રભુ ચંદ કહે કરજોડ કે, આવ. હડ ઝીપતું રે લાલ. ૩ ઈતિ શિતળ જિન સ્તવન.

(રાગ રાગણી-નાટકનાં રાહના સ્તવનો)

ઋષભ દેવ જિન સ્તવન. ૧

(મેરા ગમકા તરાના સુનીએ ફીસાના—એ રાહ)

રીખભ જીણંદા મરૂદેવિ નંદા, સુણોને શ્રીમહારાજ; પરમ આણંદા, શિવ સુખ કંદા, જય જય નંદા. સુ૦ ૧ ટેક નાભીરાયા કુલ દિન માણી, આદીશ્વર અરિહંત; ઇક્ષાંકુ કુલ દીપતા, હરો બુદ્ધિ મમ મંદ; જાણીને બંદા, કાપોને ફંદા, જય જય નંદા. સુ૦ ૨ ગોમુખને ચક્રશ્વરી છે, સેવક આપ હજૂર; હમારૂં પ્રભુ તેમ ગણીને, કર્મ કરો ચકચૂર; જેમ ચકોરને ચંદા, પ્યારા જીણંદા, જય જય નદા. સુ૦ ૩

ઋષભ દેવ જિન સ્તવન. ૨

(જબ કે કલંદર બન બન ફીરકર) એ દેશી.

ચલકે રીષભ જિન દરસન મનકર જિનકે ગુનકો ગાતે હુએ; પુજા કરના નીસ દીન પલછીણ ચરણો મેં નીત રહેતે હુએ. તોરે સુરત સુ લો ભાએં મેં તો કરૂં નિત્ય સેવ, જેસેં તસે કરકે મેં કરૂં તોરા સેવ; સેવકપર મેહેર કરકે પુરો વંછિત દેવ. તોરી સુરતસેં અખંતો અરજધર મનકર મુજપર તુમસે મેં બરપાતે હુએ, દોખી હરના નીસ દીન વંછિત જૈન પ્રકાશક ગાતે હે; મોહે મનસે તો દીખલાવો નિજ મન્દીરવાકા મેહેલ તોરી ચેરી બનકે મેં કરૂં નિત્ય સહેલ. સંઘકીતો આસ પુરો આવે નહી એલ' મોહે મનસેતા દીખલાએ નિજમંદરવાકા મેહેલ'

ઋષભ દેવ જિન સ્તવન. ૩

પ્રભુ આદીજીણુંદા રે, સુનો સુનો પ્રભુ મોરી અરજી જરા ધ્યાન લગા. પ્રભુ૦ દીલસે કર પહેછાંન, મેરી ભુલ ચુક ના બીચાર, સરણ તુમારી આયા સરણ તુમારી. સુનો૦ ૧ મુજપે રહીએ આસાન, કહે જૈન પ્રકાશ જોડી હાથ, લાજ હમારી રહે લાજ હમારી. સુનો સુનો૦ ૨

અજિતનાથ જિન સ્તવન ૧

(રામ મેંતો પનીઆકું ગઈ બડી દુર. એ દેશી)

ગુણવંત અજીત નાથ માહારાજ. ટેક લાગે મુજકું બહોત પીયારો રે, વંદુ વાર હજાર. ગુણ૦ ૧ બહોત જીવ ભવજળસે તારે રે, ગુણ ગાએ નરને નાર. ગુણ૦ ૨ ભાવ ધરી જે વંદે પ્રભુજી રે, ઈચ્છા પાવ

પાર. ગુણ૦ ૩ નમે તુજકું સુબોધક મંડળી રે, વંદે વારંવાર. ગુણવંત૦ ૪

સભવનાથ જિન સ્તવન. ૧

(મીયા રાઠોડ નરવરસુર. એ રાહ.)

સંભવજીન સોહજાનંદ, સેવકને નહીં છટક છટક છટક; અવગુણી હું અવગુણ ગણું તુંજ, હતો સલામી હું લટક; અજ્ઞાનથી હું નીસદીન ભમાંમ્બા, આવ્યો હું શરણે ભટક ભટક ભટક. સંભવજીન૦ ૧ ચોરાસી લક્ષે ભમી હું આવ્યો, મોહે દીધો મુને પટક; મુખક મદીરા કરી મલકાયો, તેમ જુગ ચાલ્યો હું ચટક ચટક ચટક. સંભવ૦ ૨ નટ દોરીપર નૃત્ય કરે છે, ચાલે ચુંપેથી ચટક; સીધી રસીથી સરત ન ચુકે, ચાલ્યો લં આવે અટક અટક અટક. સંભવ૦ ૩ તેમ ગુણ તારા દીલ ધરી હું, રહ્યો ગુણ તારા

રટત; સીધી રસી શ્રી જિનનો મારગ, ચારે મંડળ ખાળ સટક સટક સટક. સંભ૧૦ ૪

અભિનંદન જિન સ્તવન.

(રાગ ચતુરંગ.)

વર પુન્યે પાયે મેં શ્રી અભિનંદન. એ આંકણી. સુભસેવનમેં જે કરે જગમેં, તે ફુલ્યા આજ અમંદ. વ૨૦ ૧ સબ દેવનમે દેવ નગીને, સેવે જાસ સુરિંદ. વ૨૦ ૨ હર ધાતા શિવ બ્રહ્મ મહેશા, વિષ્ણુ જન ગોવીંદ. વ૨૦ ૩ ગુણથી જીનમેં નિર ઉપચારે, પંદ સોહે સુખ કંદ. વ૨૦ ૪ વૃદ્ધિ ગંભીર એ પ્રભુ સેવી, પામું પરમાનંદ. વ૨૦ ૫

સુપાર્શ્વ જિન સ્તવન.

(નમું પદ ગિરજા પતિને. એ રાગ.)

નમું સુપાર્શ્વ પ્રભુ તમને. સેવક જાણી દિલમાં આણી, મેહેર કરી મહારાજ; એવું

જાણી, દયા આણી, આપો શુભ વાણીને. નમું૦ ૧ એ ટેક. આજ અનોપમ અવસર આવ્યો, પ્રભુ ભજું હું ભાવે; દયા ધારી, કરૂં વારી, આપો શુભ જાણીને. નમું૦ ૨ અરજ કરૂં એવી પ્રભુ આજે, આવી શરણ તમારે; સુખકારી, પ્રેમ ધારી, તારો સવિ પ્રાણીને. નમું૦ ૩ હંસ એમ સેવે પ્રભુ આજે, ચરણ વિજય સુપસાએ, કૃપા ધરી, મેર કરી, આપો સુખ અમને. નમું૦ ૪

શાંતિનાથ જિન સ્તવન. ૧

(અઐસે ધોકા દેને વાલે. એ રાહ)

અઐસે મોક્ષ દેનેવાલે મઐને પ્રભુ દેખે ભાલે, અઐસે૦ અઐસે પ્રભુજીકો ધ્યાને વાલે; કરમકંતો હરનેવાલે, સંકટકું હઠાને-વાલે, સંપદાકે દેનેવાલે. મોક્ષદેને૦ ૧ તુમસે અરજી અપના જત લાનેકુ આતે હે જો

આતેહેવો તેરે કૃપાસે વંછીત ફલ વો પાતે હે વો પાતે હે, જાનો જાનો મેરી બાતે, ક રતા હું મે તે રે આગે, મેએ હું ચિરી તેરે આગે, તોસે કહુ મેં મેરી બાતે. મોક્ષ૦ ૨

અએસે કરમ કેતો ફંદ મેંસે મતલબ મેરી નહી જાનેથા, અબકે તુમરે સરણુ આએ ગુણ ગાતે હુએ ગુણગાતે હુએ, સુનો સુનો મેરી બાત, મેરી સરમ તેરે હાથ, ગુણ પદમ જોડી હાથ, કહે મેરી રહે બાત, અચરા દેવી કેહા નન્દ તુજે સેવતે હેએ ઇન્દ મુખ-સોહે. પુનમચન્દ દેખ પામતે આનન્દ, જૈન પ્રકાશક કહે મેતો તુમરે સરણુ રહેને વાલે. મોક્ષ૦ ૩

શ્રી શાંતિનાથ જિન સ્તવન. ૨

(હીજરે સનમમેં જિંદગી ફુશાવાર હો ગઇ. એ દેશી.)

મહારાજ આજ હે સખી મેં પુજું તો

સહિ, બાગ જાકે ફુલ લાકે પુજુ તો સહી. મહા૦ ટેક. ચંપા ચંબેલી ગુલ તુરરા, જાહી જાુહી ગુલાબ; સેવતિ માલતિ મરૂવા, વિધસે હાર બનાય; ચુન ચુન કલિયાં મોગરે, કીચાંહુ તો સહી. મહા૦ ૧ જીનદાસ ઇમ કહેરે, પુજું શાંતિનાથ; પ્રભુ પુજા કરો સંકા છોડી જોડો સહુ હાથ; જૈન વિદ્યોતેજ મંડલી, ગુણ ગાવે તો સહી. મહા૦ ૨

મલ્લિનાથ જિન સ્તવન.

નિર્બળ શત્રુ સબળ રાજ્યપર એ રાહ.

મલ્લી જીનંદા છો સુખકંદા, કષ્ટ અમારાં કાપોને; મહેર કરી મા'રાજ અમોને, સ્હાય તમારી આપોને. છો અતી દયાવાન, પ્રભુ ભારી કૃપાવાન (૨) નથી નથી નથી કોઇ આપની સમાન. હરનીશ હોંશ ધરી ધરૂં તમ ધ્યાન; છો૦ મ૦ હું કેસર ચંદને પૂજા

ફરૂં ધરી પ્રીત (૨) અસાર સંસારમાંથી કાઢી નાંખી આ ચિત્ત, નાનો નેહ ધરી નિત્ય ગાય આપ ગીત. હું૦ મ૦

નેમનાથ જિન સ્તવન. ૧

(સ્વારી કરી ચાલાક અશ્વપર. એ દેશી.)

આઇ સવણ માસ સખીરી પવન બાજતા સનનનનન, ચીહુ તરફસે ગટા જો ઉમટી ઇંદ્ર ગાજતા ગનનનનન; બડી બુંદ બરખાકી બરસે વિજલી કડકે કનનનનન' પીયુ પીયુ કરપપૈયા બોલે, ઝરના ઝરે અબ ઝનનનનન. નેમ પીયા ગિરનાર સીધાએ ચેન નહીં અબ તનનનનન, તજુ હાર સાણગાર સખીમેં લેવું સંજમ પનનનનન; પીયુ પેલીજા મોક્ષ મંદરમે સંપતી પાઇ બનનનનન; જૈન પ્રકાશક ગાયન મંડલી ગુણ ગાવે અબ ગનનનનન.

નેમનાથ જિન સ્તવન ૨

(બતાદે સખી કૌન ગલી ગયો શામ.
એ રાગ.)

સખીરી મેરો નેમ ગયો ગિરનાર, નેમ ગયો ગિરનાર. સખી૦ ટેક. કોઇ સખીરી પીયાકો મનાવો, દેઉ નવસર હાર. સખી૦ ૧ મોહે બિસારી ગએ ગિરનારી, પરણી સંજમ નાર. સખી૦ ૨ સહસાબનમે નેમ વંદનકું, ચલી રાજુલ નાર. સખી૦ ૩ કુશરીચંદ ચરણ કમલકું, વંદે વારંવાર. સખી૦ ૪

પાશ્ર્વનાથ જિન સ્તવન. ૧

(મેરા ગમકા તરાના સુનીએ ફીસાના.
એ દેશી)

મેરી અરજી લેનાં ચીતમેં દેના સુનીએ શ્રી મહારાજ, દયા દીલમેં ધરના

ભવ દુખ હરના ચિતમેં દેના, સુનીએ શ્રી મહારાજ. મેરી૦ કાલઅનાદિ નિદ મેરે, બહોત ભયે ખેજાર, ખાંનપાનમેં મગન હોકે કીયા કછુન વિચાર; લોભ દિખાકર કરમ ફસાના ચિતમે દેના. સુ૦ મે૦ ૧ સુમતિ વચન માન કરે, આયે તેરે દ્વાર, અધમ ઉધારણ, અંતર જામી, મેરી કરના વિચાર; મોહ પ્રવલ બલતીનકું હરના ચિતમે દેના. સુ૦ મેરી૦ ૨ શ્રી ચિંતામણ સાહબારે, ચિંતા દુર નિવાર, કેસરી ચંદ કહે લાજ મેરી, રખીએ કરી વિચાર; જૈન પ્રકાશક તોરે સરણે, ચિત્તમે દેના. સુ૦ મે૦ ૩

પાર્શ્વનાથ જિન સ્તવન ૨

(દશા આ શી થઇ મારી. એ દેશી.)

શુનો શામી દયા ધારી, તુમારી શોભાહે ન્યારી. સુનો૦ બાલપને મે ગ્યાના

પ્રભુ, જ્ઞાન જ્ઞાન આધાર. દયાસે નાગ કુદી એ, ધર નીંદ નાગ કુમાર, એસી શોભા સુની તારી, આવી અરજી ગુજારી. સુનો૦ ૧
શ્રી ચિંતામણ ચીતની, ચિંતા ચુર આવાર; મન વંછિત ફલ દીજીએ, જાની દાસ આભાર; ગુણ પદ્મ કહે મારી, રહે લાજ સરણ તારી. શુનો૦ ૨

પાર્શ્વનાથ જિન સ્તવન ૩

(નમુ પદે ગીરજા પતિને. એ દેશી.)

નમું પ્રભુ શ્રી ચિંતામણીને, પારસનાથ સદા મન સમરૂ આવ્યો સરણ તુમારે; દયા કરી મુજ મતિ આપ દાસ જાણીને. નમું૦ દીલમેં ધરી સુખકંદ સાએ કરજો આનંદ, ગાવું ગુણ તારા પ્રેમદા બાજે મૃદંગ સુછંદ, આપો મુજને આનંદ, રૂમ ઝુમ રૂમ ઝુમ ઘુઘર બાજે, નાચ કરૂં સુછંદે. દયા૦

સાનોની સારી સાનીસા નીનીસા ધની ધધની પધ પપધ મપ મમપ ગમ ગગમ રીગ સા સારી નીસા; જૈન પ્રકાશક સરગમ સજકર ગાવે મન ઉમંગ. દયા

પાર્શ્વનાથ જિન સ્તવન ૪

(છે જન પાલક ટાલક દુઃખનો. એ રાગ.)

શ્રી અરિહંત તું છે દયાલું, અરજ સુણીજે કૃપાલું; પ્રણામ કરિયેં વારંવાર. સેવકના છો તુમે આધાર; સાહ્ય થાએ શ્રી માહારાજ, ગુણ ગાઇયેં તમારા આજ. શ્રી અ૦ ૧ જગ તારક પ્રભુ નામ તુમારો, ભવજલ પાર ઉતારો; અશ્વશેનકે કુલમેં ચંદ, વામા દેવી કે હૈ નંદ; નાગકું તારયો સારયો કાજ, સુર પદવી દીધી માહારાજ. શ્રી અ૦ ૨ શ્રી ચિંતામણિ ચિંતા ચૂરે, મન વંછિત સવિ પૂરે; અષ્ટ દ્રવ્યસેં પૂજા કરાવે, રોગ

શોક સહુ સંકટ જાવે; હુવે જયજયકાર, વદે સહુ નર નાર શ્રી અ૦ ૩ ચંદ કેશરા પ્રભુ ગુન ગાવે, રિદ્ધ સિદ્ધ જસ પાવે; જૈન પ્રકાશક મંડલી દાસ, શ્રી સંઘની તુમ પૂરો આશ; શિવપુર દીજે શ્રી માહારાજ, બની રહે પ્રભુ મેરી લાજ. શ્રી અ૦ ૪

શ્રી પાશ્ર્વનાથ જિન સ્તવન. ૫

(કયા સોહાએ રંગેજો મેરા રંગ. એ રાહ.)

કેવો શોભેછે અજબ આંગીનો રંગ, આહા ! એ તો મન કરે છે મારૂં ડંગ. કે૦ ૧ મુગટ માંહી મોતી પૂર્યાં છે, રંગી બેરંગી ચળકે છે ગોરા નંગ. કે૦ ૨ કાને કુંડળ હાથે શ્રીફળ, જોઇ જીગરમાં આવે ઉમંગ રંગ. કે૦ ૩ ચિંતા ચૂરે આશા પૂરે, ઠરે ચિંતામણી દર્શથી મારૂં મન. કે૦ ૪

શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન. ૬

(આહા કેવી જોવા જેવી. એ રાહ.)

મનહર કેવી જોવા જેવી આંગી અજબ બનાવેછે! શ્રીચિંતામણી પાર્શ્વ જિનેશ્વર હૃદય કમળ શોભાવેછે!! નાચું રાચું થેઇ થેઇ થનનન એમજ મનમાં આવે છે!!!

નીરખતાં મનપર, કરે અજબ અસર;
વીસરાવા મોહ મદ, રાખતા નહીં કસર;
પડું પડું પાયપર, નમું નમું જીનવર;
ભજું ભજું ભાવ ભર, દયા કંઇ દીલધર;
જીન બીંબ સુખકર હૃદય હરખ ભર;
નાનો સઘની નજર, રહે પાસજીથી તર. મન૦ ૧

શ્રી પાર્શ્વ જિન સ્તવન. ૭

દાંડીઆરસનો નાચ

(જબકે કલંધર બનબન ફીરકર. એ રાહ)

રીમઝીમ છીમ [illegible] નાચી રાચી ચિંતામણી

શરણે આવીં,
મનહર, સુખકર, ભ્રમહર, મુરતો દેખીને
ખુશી થાવીં;
ધપ, ધપ મપ ધપ મપ ધપ મપ ધપ,
કીડ કીડ કીડ કીડ કીડ કડધા સનનન સપ.
ઝણણણ ઝણણણ ઝાંઝર ઝમ ઝમ ઝપ. ધપ૦ ૭

શ્રી મહાવીર જિન સ્તવન.

આનંદ આનંદ આજે અધિક છે, મહાવીર સ્હાયે પછી શી બીક છે. પ્રથમ જ્ઞાન ને દયા પછી એમ, ભાખે શ્રી ભગવાન; જય જયકાર થશે જગ માંહિં, દીધે નવિન જ્ઞાન દાન અધિક છે. મહા૦ ૧ વૃક્ષ વૃક્ષ આ વાયુ પ્રયાસે, વૃષ્ટિ વિના કરમાય; સજ્જન આપ સહાયે અહર્નિશ, પૂર્ણ પ્રફુલિત થાયે અધિક છે. મહા૦ ૨

અરિહંત જિન સ્તવન.

(હમ આશક બુલબુલ ઉસ ગુલપર મરતે.
એ દેશી)

જીન મંદીરમેં હમ દરસન ખાતર આતે હે સદા, પ્રભુ દેદે દરસન હોકે પરસન હમપે સદાઃ તેરી પુજા કરને ખાતર આવું ફજરમેં સદા, પ્રભુ કરજે માફ મેરા પાપ જે કરૂં સદા. જીન૦ તેરી સુરત લાગે પ્યારી, તેરી સુરત લાગે પ્યારી; તેરે હાથે બીજોરૂં કાને કુંડળ મસ્તકે મુગટ ભારી. જીન૦ શુરત ધી જૈન જોહાન્ડ કલબ, તુમ ગાવે ગુણ સબ; પ્રભુ પાપ હમારા નીવારણ કરકે દીજીએ દરસન અબ. જીન૦

અથ શ્રી નેમનાથજીનો નવરસો પ્રારભ્યતે

ઢાલ ૧ લી. ગરબાની દેશીમાં.

સમુદ્રવિજય કુળ ચંદલો, શામળીયાજી. શિવાદેવી માત મલાર; વર પાતળીયાજી. એક દિન રમવા નીસરયા, શા૦ આવ્યા આયુધ-શાળા માંહ. વ૦ ૧ શારંગ ધનુષ ચઢાવિયો, શા૦ તેણે ડોલ્યા આકાશે ઇંદ્ર; વ૦ ચક્ર ઉપાડીને ફેરવ્યું, શા૦ ગદા લીધી કર માંહ. વ૦ ૨ નેમે શંખ વજાડીઓ, શા૦ તેણે ડોલ્યા મહિના મેરૂ; વ૦ શેષનાગ તિહાં શા-ળશળ્યા, શા૦ ખળભળીયા સાયર સર્વ. વ૦ ૩ ગિરિવર ટુંક ત્રુટી પડયા, શા૦ થરહર કંપે લોક; વ૦ કોઇક વૈરી ઉપન્યો, શા૦ એમ કરતા કૃષ્ણ વિચાર. વ૦ ૪ આવ્યા

ત્યાં ઉતાવળા, શા૦ જ્યાં છે નેમ કુમાર; ૧૦ રૂપચંદ રંગે મળ્યા, શા૦ તારૂં બળ જોવાની ખાંત. ૧૦ ૫

ઢાલ ૨ જી. દેશી ચાલતી

કૃષ્ણે કર લંબાવીઓ, હસી બોલોજી. તુમે વાળો નેમ કુમાર; અંતર ખોલોજી. કમળના ળ પેરે વાળીયો, હ૦ ક્ષણ નવિ લાગી વાર. અં૦ ૧ નેમે કર લંબાવીયો, હ૦ કૃષ્ણે નવિ વાળ્યો જાય. અં૦ ૨ હાથે કૃષ્ણ હિંચોળીયા, હ૦ ત્યાં હરિ મન જંખો થાય; અં૦ ૩ નારી જો પરણાવીયે, હ૦ તો બળ ઓછેરૂં થાય. અં૦ ૩ વિવાહ નેમ મનાવવા, હ૦ સજ્જ થાઓ સઘળી નાર; અં૦ રૂપચંદ રંગે મળ્યા, હ૦ તારૂં અતુલી બળ અરિહંત અં૦ ૪

ઢાલ ૩ જી. દેશી ચાલતી.

રાધાજી ને રૂક્મિણી, મોરા ગિરધારી. સત્યભામા જાંબુવતિ નાર; મુકુટ પર હું વારી. ચંદ્રાવતિ સિણગારિયે, મો૦ ગોપી મળી બત્રીશ હજાર. મુ૦ ૧ વિવાહ માનો નેમજી, દેવર મોરાજી, મને કરવાના બહુ કોડ; એ ગુણ તોરાજી. નારી વિનાનું આંગણું, દે૦ જેમ અલુણો ધાન. એ૦ ૨ નારી જો ઘરમાં વસે, દે૦ પામે પરોણો માન; એ૦ નારિ વિના નર હાલી જિસા, દે૦ વળી વાંઢા કહેશે લોક. એ૦ ૩ છોકરવાદ ન કિજયે, દે૦ તમે મ કરો તાણાતાણ, એ૦ રૂપચંદ રંગે મળ્યા, દે૦ હવે ઉત્તર આપે નેમ. એ૦ ૪

ઢાલ ૪ થી. દેશી ચાલતી.

નેમ કહે તમે સાંભળો, મોરી ભાભીજી. એ શ્યો કામ વિકાર; મેં ગત પામીજી. ના-

રી મે.હે જે પડ્યા, મો૦ રડવડિયા ગતિ ચાર. મેં૦ ૧ રાવણ સરિખો રોળવ્યો, મો૦ જે લઇ ગયો સીતા નાર; મેં૦ નારી વિષની કૂપલી, મો૦ માંયાની મોહનવેલ. મેં૦ ૨ છપન્ન કોડ જાદવ મિલ્યા, મો૦ એમ કહે તે વારોવાર; મેં૦ રૂપચંદ રંગે મળ્યા, મો૦ નેમ નહિં પરણે નિરધાર. મેં૦ ૩

ઢાલ ૫ મી. દેશી ચાલતી.

અવળા બોલ ન બોલીયે, વ૨ રાજાજી. તમે પરણો નેમ કુમાર; મ કરો દવાજાજી. એકવીશ તિર્થંકર થયા, વ૦ તે તો સર્વે પરણ્યા નાર. મ૦ ૧ નારી ખાણ રતન તણી, વ૨૦ તેનું મુલ કેણે નવિ થાય, મ૦ નારિ માંહેથી નર નિપન્યા, વ૦ તુમ સરિખા શ્રી ભગવાન. મ૦ ૨ નેમ ન બોલે મુખ થકી, વ૦ માંડયો વીવાનો મંડાણ; મ૦ ઉગ્રસેન

ઘર બેટડી, ૧૦ નામે રાજુલ નાર. મ૦ ૩ લીધો લગન ઉતાવળો, ૧૦ આપ્યાં શ્રીફળ હાથ; સબળ દીવાજા જી; જમણ લાડુ લાપસી, ૧૦ વળી સેવઇઓ કંસાર. સ૦ ૪ આછી જલેબી પાતળી, ૧૦ માંહે ઘેવરનો ભાગ; સ૦ ખારીપૂરી ને દહીંથરાં, ૧૦ વળી ખાજાં ને મગદળ. સ૦ ૫ લાખણસાઇ રેશમી, ૧૦ માંહે મોતીચુરનો સ્વાદ; સ૦ કુર રાંધ્યો કમોદનો, ૧૦ માંહે મસૂરની દાળ. સ૦ ૬ ખારેક ખજુર ને ટોપરાં, ૧૦ વળી ચારોલી ને દ્રાખ. સ૦ લવિંગ સોપારી એલચી, ૧૦ વળી પાનનાં બીડાં ચાર. સ૦ ૭ સજજન કુટુંબ સંતોષીયા, ૧૦ બહુ કીધી પેરામણી સાર; સ૦ જાન લેઇ યાદવ ચઢયા, ૧૦ વળી પાખરીયા કેકાણ. સ૦ ૮ હાથી રથ શણગારિયા, ૧૦ વળી કેશરીયા અસ-

વાર; સ૦ ઇંદ્ર જોવાને આવિયા, ૧૦ ઇંદ્રા-
ણી ગાવે ગીત. સ૦ ૯ તોરણ આવ્યા ને-
મજી, ૧૦ નિરખે રાજુલ નાર, સ૦ રૂપચંદ
રંગે મળ્યા, ૧૦ એ જોવા સરખી જાન૦
સ૦ ૧૦

ઢાલ ૬ ઠી. દેશી ચાલતી.

સખી કહે વર શામળો, એ દીસેજી. તે
નિરખે રાજુલ નાર, હઇયડું હીસેજી. કાળા
ગયવર હાથીયા, એ૦ વળી કાળો મેઘ મલાર.
હ૦ ૧ કાળી અંજન આંખડી, એ૦ તેનુ,
મૂલ કિણુ નવિ થાય; હ૦ કાળી કસ્તુરી કહી
એ૦ કાળા કૃષ્ણાગરૂ કેશ. હ૦ ૨ કાળા માંહે
ગુણ ઘણા. એ૦ એમ કહેતી રાજુલ નાર;
હ૦ રૂપચંદ રંગે મળ્યા, એ૦ સખી શામ-
ળીયો ભરતાર. હ૦ ૩

ઢાલ ૭ મી. દેશી ચાલતી.

પશુઅ પોકાર શુણી કરી, શુદ્ધ લીધીજી. વિચારે શ્રી વિતરાગ; તેણે દયા કીધીજી. જો પરણું તો પશુ મરે, શુ૦ મૂકી અનુકંપા જાલ. તે૦ ૧ એમ જાણી રથ વાળીયો, શુ૦ ફેરવતા દીન દયાળ; તે૦ પશુ બંધન સર્વે તોડીઆ, શુ૦ તે સહુ ગયા વનમાંહે. તે૦ ૨ લોકાંતિક સૂર આવીયા, શુ૦ ધર્મ વર્તાવો ભગવાન; તે૦ રૂપચંદ રંગે મળ્યા, શુ૦ પ્રભુ દીધું વરસીદાન. તે૦ ૩

ઢાલ ૮ મી. દેશી ચાલતી.

રાજીમતી ધરણી ઢળ્યાં, મોરા વાહાલાજી. અવગુણ વિણ દિનાનાથ; હાથ ન ઝાલોજી. આંગણ આવી પાછા વળ્યા, મો૦ ક્ષત્રિ કુળમાં લગાવી લાજ. હા૦ ૧ તમે પશુ તણી કરૂણા કરી, મો૦ તમને માણસની નહીં મે-

હેર; હા૦ આઠ ભવ રહ્યાં એકઠાં, મો૦ કી
યાં તુમશું રંગરોળ. હા૦ ૨ નવમેં ભવ તમે
નેમજી. મો૦ મુજને કાં મેલી જાઓ; હા૦
મારી આશા અંબર જેવડી, મો૦ તમે કેમ
ઉપાડી કત. હા૦ ૩ મેં કુડાં કલંક ચઢાવિયાં,
મો૦ નાખ્યાં અણ દીઠાં આળ; હા૦ મે
પંખી ઘાલ્યા પાંજરે, મો૦ વળી જળમાં
નાખી જાળ. હા૦ ૪ મેં સાધુને સંતાપીયા,
મો૦ મેં માય વિછોડયાં બાળ; હા૦ મે
કીડી દર ઉધાડીયાં, મો૦ વળી બોલ્યા મર-
મના બોલ. હા૦ ૫ આગગળ પાણી મેં
ભરયાં, મો૦ મેં ગુરૂને દીધી ગાળ; હા૦ મેં
કઠણ કરમ કીધાં હશે, મો૦ તે આવી
લાગ્યાં પાપ. હા૦ ૬ એમ કરતાં રાજુલ
આવીયાં, મો૦ શ્રી નેમીસરની. પાસ; હા૦
રૂપચંદ રંગે મળ્યા, મો૦ રાજુલ લિયો
સંજમ ભાર. હા૦ ૭.

ઢાલ ૯ મો. દેશી ચાલતી.

નેમ રાજીમતી એકઠાં, સાહેલડીયાં. જઇ ચઢિયા ગઢ ગિરનાર. જિન ગુણ વેલડીયાં. પુંઠેથી રાજુલ આવિયાં, સા૦ સંજમવતી રાજકુમાર. જિ૦ ૧ આજ્ઞા લેઇ રાજુલ એકલી, સા૦ ગિરનાર ઉપર ગુફા માંહ્ય જિ૦ વાટે જાતાં વર્ષા થયો, સા૦ ભીંજાણાં રાજુલનાં ચીર. જિ૦ ૨ ગુફા માંહે જઇ મુકયાં, સા૦ લાગ્યું તે કાચું નીર; જિ૦ અતિ સુકુમાલ સોહામણું, સા૦ રાણી રાજીમતીનું શરીર. જિ૦ ૩ રહનેમી તપશ્યા કરે સા રાજીમતી નીચોવે ચીર; જિ૦ પ્રગટ થઇ તે બોલીયો, સા૦ ભાભી મ કરો મન ઉદાસ. જિ૦ ૪ નેમ ગયો તો ભલું થયું, સા૦ આપણે કરશું ભોગ વિલાસ; જિ૦ ઉત્તમ કુળનો ઉપન્યો, સા૦ તું બોલ

વિચારી બોલ. જિ૦ ૫ સંયમ રત્નને હારીયો, સા૦ વળી કીધી વ્રતની ઘાત; જિ૦ રહનેમિ તવ બોલીયા, સાં૦ માતા રાજીમતી ઉગાર. જિ૦ ૬ નેમિસર કને મેકલ્યા, સા૦ ફેરી લીધો સંયમ ભાર; જિ૦ નેમ રાજુલ કેવળ લહી, સા૦ પોહોતા મુક્તિ મોઝાર. જિ૦ ૭ પિઉ પહેલાં મુક્તે ગયાં, સા૦ રાજીમતી તેણી વાર; જિ૦ રૂપચંદ રંગે મળ્યા, સા૦ પ્રભુ ઉતારો ભવ પાર. જિ૦ ૮ ઇતિ શ્રી નેમનાથજીનો નવરસો સંપૂર્ણ.

નેમ જિનનું સાતવારનું સ્તવન.

નમીયે તે નેમ જિનરાજ, ગઢ ગિરનારે રે; રાણી રાજુલ જુએ વાટ, સાતે વારે રે. ૧ આદિત્યે અરિહંત, અમ ઘર આવો રે, મારા શ્યામ સલુણા નેમ, દીલમાં ભાવો રે. ૨ સોમે તે શુભ સિણગાર, સજિયે અંગે

રે; મારા જગજીવન જિનરાજ, રમીયે રંગે રે. ૩ મંગળ શુભ દિન આજ, મંગળ ચારો રે; મારો નવ ભવ કેરો સ્નેહ, સ્વામી સંભાભારો રે. ૪ બુધે ઘેર આવો નાથ, બુદ્ધિના દરિયા રે; તમે એક સહસ્ત્રને આઠ લક્ષણે ભરિયા રે. ૫ ગુરૂ સિરવા ગુણવંત, શિવા દેવીના રે; તમે સમુદ્રવિજય કુળ ચંદ, નેમ નગીના રે. ૬ શુક્રે સહસાવન, ચાલો સજ્જની રે; મારે પ્રગટ થયો રે પ્રભાત, વીતી રજનીરે. ૭ શનીચે તે સંયમ લીધ, પ્રીત વધારી રે; બેહુ પોહોત્યા મુક્તિ મઝાર, નર ને નારી રે. ૮ કહે મુળચંદ મન રંગ, આશ્યા ફળશે રે; જે ઉજ્વળ પાળે શીલ, ભવોદધી તરશે રે. ૯ (લલકારીને ગાવા માટે દરેક ગાથાના પ્રથમ ચરણમાં સખી શબ્દ લેવાય છે.)

નેમ જિનનું પંદર તિથીનું સ્તવન.

વાલાજીની વાટડી અમે જોતાં રે. એ દેશી

જે જિન મુખ કમળને રાજે રે, સરસ્વતિને નમું શુભ સાજે રે; નેમ ગુણ ગાવાને કાજે, વાહાલો મારો નેમજી ક્યારે મળશે રે. ૧ એ આંકણી. જેણે તોરણથી રથ વાળ્યો રે, જેણે પશુઓનો ભય ટાળ્યો રે; જેણે જાદવ કુળ અજુવાળ્યો. વા૦ ૨ રાજુલ પ્રભુ રંગે રાતી રે, પિઉ વિરહે તપે જેની છાતીરે; પંદરે તિથી એણિ પેરે ગાતિ. વા૦ ૩ પડવે તિથિ પહેલી વખાણું રે, પિઉ મળશે મને એમ જાણું રે; એને ઉપશમ રસનું ટાણું. વા૦ ૪ બિજે દુવિધ ધર્મના રાગી રે, પણ કરૂણા કરી મને ત્યાગી રે; જાણું શિવ રમાણી. અનુરાગી. વા૦ ૫ ત્રીજે ત્રણ જોગને સાધે રે, જૈન મારગ શુદ્ધ આરાધે રે; દયા દાન ધરમ મન

પાવે. વા૦ ૬ ચોથે ચોથું વ્રત ચિત્ત ધારી રે, ગયા તોરણથી તજી નારી રે; વાલમજી એ વાત ન સારી. વા૦ ૭ પાંચમે વ્રત પાંચને પાળી રે, જીવનું દોષ સવિ તમે ટાળી રે; નિજ નારિને કેમ ન સંભાળી. ૮ છઠે છ કાયને રાખી રે, આ અબળાને દુઃખમાં નાખી રે; તમે કોણ આગળ કર્યો સાખી. વા૦ ૯ સાતમે શુભ ચિત્ત તે કીજે રે, જગ જીવના ભય વારીજે રે; તો મુજને કેમ દુઃખ દીજે. વા૦ ૧૦ આઠમે આઠ કર્મને તોડી રે, સિવ નારી સાથે પ્રિત જોડી રે; મુજથી ન કરી એ થોડી. વા૦ ૧૧ નોમે નવ ભવનો નેહ ટાળી રે, મન મોહ દશાથી વાળી રે; મુને વળવળતી ન સંભાળી. વા૦ ૧૨ દશમે દશ વિધ યતી ધર્મ રે, આદર્યો ચિત જાણ્યો મર્મ રે; મુને એમ પડે છે ભર્મ. વા૦ ૧૩

અગિઆરશે રસના ધામી રે, એમ સિદ્ધ હોવે કિણ કામી રે; વિણ અવગુણે તજીએ, ન વામી. વા૦ ૧૪ બારશે બુદ્ધિવંત મિત્ત રે નવિ જાણી રૂપીની રીત રે; એવી ખોટી કરો છો અનિત. વા૦ ૧૫ તેરશે તે રસમે. આહી રે, પછી જાજ્યો મુજને વાહી રે; રા ખિશ પિઉડા કર સાહી. વા૦ ૧૬ ચૌદશે ચતુરા ચિંતે ચંત રે, મને મેલી ગયા નિજ કંત રે; હું તો અવગુણિ ગુણિ ભગવંત. વા૦ ૧૭ પુનમે પખવાડું થાય રે, કંથ ના. વ્યા રાજુલ તિહાં જાય રે; પ્રેમે વંધા પ્રભુજી. ના પાય. વા૦ ૧૮ તમે અનંત ગુણી ભગ વાન રે, વ્રત આપી વધારો વાન રે; મુને દીજીયે વંછીત દાન. વા૦ ૧૯ સંજમ દેઇ તારી નારી રે, એહ દંપતિની બલિહારી રે; શિવ મ્હોલ્યાં સરવ દુઃખ વારી. વા૦ ૨૦

જંગ ગુરૂ જિન ચિતમાં લાવે રે, અનુભવ રંગે ગુણ ગાવે રે; તે તો મન વંછિત સુખ પાવે. ૨૧ સુરતમાં સંખેશ્વર પાસ રે, પ્રણમ્યાં પૂરે મન આશ રે; કહે કૃષ્ણ વિજયનો દાસ. વા૦ ૨૨ પન્નર તિથિ ગાઇ ઊમંગે રે, રહી જીણેંદ્ર સૂરીની સંગે રે; રંગ વિજયે ચડતે રંગે. વા૦ ૨૩

અથ નેમ જિન બાર માસી સ્તવન.

પડવેની પડ પ્રિત, ગતિ રુતિ ભુલી રે.

એ દેશી.

શ્રાવણ માસે સ્વામિ, મેલી ચાલ્યા રે; આ લાલ રંગીલા નેમ, નવિ રહે ઝાલ્યા રે; ધાવો સહીયર સાથ, નાથ મનાવો રે; આ જિમ તિમ કરીને પ્યાર, પ્રીતમ લાવો રે. ૧ આવશે ભાદ્રવ માસ, મેહુલા માતા રે; આંસુડે માંડયો વાદ, વિરહે રાતા રે; વિરહાનલ તિહાં

વીજ, ખીજ કરાવે રે; આ એ દુઃખ સહુ મટી જાય, જો પિઉ આવે રે. ૨ આસોએ આશા મોય, પ્રીતમ મળશે રે; આ દીવાળી-ની રાત, સુખમાં ભળશે રે; હાંશ રહી મન માંહ્ય, કેહને કહીયે રે; આ દાજે કેહને હાથ, લહેણું લહીયે રે. ૩ કાર્તિક કાતી જેમ, કાળજાં કાપે રે; આ કંત વિહુણી નાર, વિ-રહ વ્યાપે રે; ઓછા જળમાં મીન, તે જેમ જલ્પે રે; આ રાજુલ સુની સેજ, તે તેમ વલખે રે. ૪ માગશર માસે મુજ, નિંદ ન આવે રે; આ કામિનીને એકંત, કામ સતાવે રે; અમ અબળા અવતાર, તે કેમ જાવે રે; આ તેનો દાય ઉપાય, કોણ બતાવે રે. ૫ પોષે છાંડી રોષ, કાયા પોષો રે; આ રંગે રમીયે નાહ, મ કરો ધોસો રે; દિવસ તો જેમ તેમ જાય, વિરહ સહીયે રે; આ રયાણી

કેમ બિહાય, કુંહને કહીયે રે. ૬ આવ્યો માહજ માસ, નેમ ન આવ્યા રે; કોઇ દુતી લાગી કાન, તેણે ભરમાવ્યા રે; વિરહ અંગીઠી ઝાળ, હિયડું બાળે રે; કાંઇ તજવું વિણ અપરાધ, તે મુજ સાલે રે. ૭ ફાગણ માસે ફાગ, રાગ ન જાગે રે; આ સંગે હોય જો નાહ, તો દુઃખ ભાગે રે; મારા હૈડાની ઝાળ, કેમ ઓલાયે રે; જો નયણે દેખું નેમ, તો સુખ થાયે રે. ૮ ચૈત્રજ માસે અંબ, મોરયા ગંજે રે, આ કોકિલ કરે કલ્લોલ, મધુકર ગુંજે રે; ફુલી નવ નવ રંગ, સહુ વનરાજી રે; આ કંત વિના ન સુહાય, વિરહે દાઝી રે. ૯ વૈશાખે પાકી શાખ, દ્રાખજ નીલી રે; હું તંબોળીના પાન, સમ થઇ પીળી રે; શુડલા કહેજે જાઇ, સહસા વનમાં રે; મારી દેહ તણી ગતિ એહ, ધારો મનમાં રે. ૧૦

જોઇ તડકા લુહ, ઉન્હાં વાજે રે, મારી ચંપક વરણી દેહ, અતિહી દાઝે રે; કાંઇ કરૂણા નાવી કેમ, તુમને વાલા રે; કાંઇ અમને છોડી નિરાશ, થયા મતવાલા રે. ૧૧ આવ્યો માસ અષાઢ. ચઢત દીવાજે રે; આ ધરતીનો ભરતાર મેહુલો ગાજે રે; પણ નાવ્યો મુજ નાહ, નેમ નિરાગી રે; આ મુક્તિ ધૂતારી જેણ, ભોળવ્યો રાગી રે. ૧૨ એમ બોલ્યા બારહ માસ, એણી પેરે સારા રે; આ નેમ રાજુલ મળી સિદ્ધ, પોહોત્યા પ્યારા રે; કહે કવિયણ કર જોડ, નમું શિર નામી રે, આ ભણતાં ગુણતાં એહ, નવ નિધિ પામી રે. ૧૩

અથ સઝાયાધિકાર પ્રારભ્યતે.

સતર ભેદી પૂજા ફળની સઝાય

સત્તરભેદ પૂજા ફળ સાંભળી, શું કુમતિ જગ ધંધે રે; શુદ્ધ પરંપર સૂત્ર ન માને, ચાલે અંધો અંધે રે. સત૦ ૧ જિનપ્રાસાદ કરાવ્યાનું ફલ, મહાનિશીથે વખાણ્યું રે; દાન શિયલ તપ ભાવના સરિખું, તે શું તેં નવિ જાણ્યું રે. સત૦ ૨ જિનદાઢા જિન સરખી પૂજે, નિજ હિતકારણ ભાખી રે; સૂરિયાભ સુરને ઇહાં જોજ્યો, રાયપસેણી સાખી રે. સત૦ ૩ મોક્ષ તણું કારણ જિન પૂજા, બહુ વિધ ભગતે કીધી રે; સમકિત દૃષ્ટિ સુર નર વંદે, આગમ વાત પ્રસિદ્ધિ રે. સત૦ ૪ પુષ્પારોહણાદિક વિધિ સૂત્રે, દેખી પણ કાં ભુલે રે; હિંસા દાખે સૂત્ર ઉથાપે, ફળ પામીશ કોણ મુલે રે. સત૦ ૫ જિન-

મુજામાં દુષણ ન દાખ્યું, આધાકર્મિક ભ્રાંતે રે; જિન આણા વિણ કુમતિ પડયો તું, કુગુરૂ તણી શું વાતે રે. સત૦ ૬ નાગ ભૂત યક્ષાદિક હેતુયે, પૂજે હિંસા લહીયે રે; સુયગડાંગમાંહે નવિ જિન હેતેં, તે કેમ હિસાં કહીયે રે. સત૦ ૭ મિથ્યાદૃષ્ટિ હરિ હર પૂજે, જન જિનેશ્વર પૂજે રે; તું તો એમાં એક ન પૂજે, કુમતે પડયો કાં ધ્રુજે રે. સત૦ ૮ સાર સુત્રનુ સમજી જિનની, પૂજા તે મન ધારો રે; કવિ જસવિજય કહે છે ગિરૂઆ, તે તરીયાને તારે રે.. સત૦ ૯

સંતોષની સઝાય.

સજજા ભલી રે સંતોષની, કીજીએ ધર્મ રસાલ રે; એ ટેક. મુગતી મંદીર માંહ્ય પોઢીયા, સુતાં સુખ અપાર રે. સ૦ ૧ સંજમ તલઇ ભલી પાથરી, વિનય ઓશીસાં

સાર રે; સમતાએ ગાલ મસુરીયાં, વેંજાણીઓ વ્રત ધાર રે. સ૦ ૨ ઉપસમ ખાટ પછેવડી, સોલડીએ વૈરાગ રે; ધર્મ શીખ ભલી આ-ઢાણી, ઓઢે તે ધર્મને જાણે રે. સ૦ ૩ એ સજ્જાએ કોણ પોઢશે, પોઢશે શીયળવંતી નારી રે; કવીયણ મુખ ઇમ ઉચરે, પોઢશે પુરૂષ વ્રતધારી રે. સ૦ ૪ ધર્મ કરો તુમે પ્રાણીયા, આતમને હિતકારી રે; વિનય વિજય ઉવઝાયનો, ત્યો કેવળ સુખકારી રે. સજ્જા૦ ૫

ઢંઢણ રૂષીની સઝાય.

ઢંઢણ રૂષિજીને વંદણા હું વારી, ઉત-કૃષ્ટો અણગાર રે; હું વારી લાલ, અભિગ્રહ લીધો આકરો. હું૦ લબ્ધે લેશું આહાર રે. હું૦ ઢં૦ ૧ દિનપ્રતિ જાવે ગોચરી, હું૦ ન મિલે શુદ્ધ આહાર રે; હું૦ ન લિયો મુલ

અસુઝતો, હું૦ પિંજર હુવો ગાત રે. હું૦ ઢં૦ ૨ હરિ પુછે શ્રી નેમને, હું૦ મુનિવર સહસ અઠાર રે; હું૦ ઉતકૃષ્ટો કુણ એહમે, હું૦ મુઝને કહો કૃપાલ રે. હું૦ ઢં૦ ૩ ઢઢણ અધિકો દાખીયો, હું૦ શ્રી મુખ નેમજિણંદ રે; હું૦ કૃશ્ન ઉમાહ્યો વાંદવા, હું૦ ધન જાદવ કુલ ચંદ રે. હું૦ ઢં૦ ૪ ગલિયા રે મુનિવર મિલ્યા, હું૦ વાંદે કૃશ્ન નરેસ રે; હું૦ કિણહી મિથ્યાત્વી દેખને, હું૦ આવ્યો ભાવ વિશેષ રે. હું૦ ઢં૦ ૫ આવો મુજ ઘર સાધુજી, હું૦ લ્યો મોદિક છે શુદ્ધ રે; હું૦ રૂષિજી લેહ આવિયા, હું૦ પ્રભુજી પાસ વિસુદ્ધ રે. હું૦ ઢં૦ ૬ મુઝ લબ્ધે મોદિક મિલ્યા, હું૦ મુઝને કહો કૃપાલ રે; હું૦ લબધ નહી વછ તાહરી, હું૦ શ્રીપતિ લબધ નિહાલ રે. હું૦ ઢં૦ ૭ તો મુજને લેવો નહી, હું૦

આહયો પરઠણ કાજ રે; હું૦ ઇટ નિવાહે જાયને, હું૦ ચુર્યાં કર્મ સમાજ રે. હું૦ ઢં૦ ૮ આઇ સુધી ભાવના, હું૦ પામ્યો કેવલ જ્ઞાન રે; હું૦ ઢંઢણરિષ મુગતે ગયા, હું૦ કહે જિન હર્ષ સુજાણ રે. હું૦ ઢં૦ ૯ ઇતિ શ્રી ઢંઢણમુનિ સઝાય.

અથ કરકંડૂ પ્રત્યેક બુધજીની સઝાય.

ચંપા નગરી અતિ ભલી, હું વારી, દધિવાહન ભૂપાલ રે, હું વારી લાલ; પદ્માવતી કૂખે ઉપન્યો, હું૦ કર્મે કીધો ચંડાલ રે. હું૦ ૧ કરકંડૂને કરૂં વંદણા, હું૦ (ટેક) પહિલો પ્રત્યેક બુધ રે; હું૦ ગિરૂવાના ગુણ ગાવતાં, હું૦ સમકિત થાયે શુદ્ધ રે. હું૦ ક૦ ૨ લાધી વાંસની લાકડી, હું૦ થયો કંચનપુર રાય રે; હું૦ બાપશું સંગ્રામ માંડીઓ, હું૦ સાધ્વી લીયા સમજાય રે. હું૦ ક૦ ૩ ઉજ્વલ રૂપ દેખી

કરી, હું૦ પ્રતિબોધ્યે પામ્યો નરેશ રે; હું૦ ઉત્તમ સંજમ આદરયો, હું૦ દેવતા દીધો વેશ રે. હું૦ ક૦ ૪ કર્મ ખપાય મુગતે ગયા, હું૦ કરકંડૂ ઋષિ રાય રે; હું૦ સમયસુંદર કહે સાધુને, હું૦ પ્રણમ્યાં પાતક જાય રે. હું૦ ૫

અથ અઇમંતાજીની સઝાય.

શ્રી અઇમંતા મુનિવરજીકી, કરણીકી બલિહારી વે; ખટ વર્ષનકે સંજમ લીનો, વીર વચન ચિત્ત ધારી વે. શ્રી૦ ૧ વિજય નૃપતિ શ્રીદેવી નંદન, પોલાસપુર અવતારી વે; અંગ અગ્યાર પઢે ગુણ આગર, ત્રિવિધ ત્રિવિધ અવિકારી વે. શ્રી૦ ૨ તપ ગુણ રયણ સંવચ્છર આદિક, કરકે કાય ઊધ્ધારી વે; પ્રભુ આદેશે વિપુલાચલ પરે, કરી અણસણ અતિ ભારી વે. શ્રી૦ ૩ કેવલ પાય મુક્તિ ગયે મુનિવર, કર્મ કલંક નિવારી વે; અઢાર અડ-

તાલે તિહિં ગિરિ, કીની થાપના સારી વે શ્રી૦ ૪ વાચક અમૃત ધર્મ સુગુરૂકે, સુપસાયે સુવિચારી વે; શિષ્ય ક્ષમા કલ્યાણ હરખ ધર, ગુણ ગાવે અતિ જયકારી વે. શ્રી૦ ૫

અથ રાત્રિ ભોજનની સઝાય.

પુણ્ય સંજોગે નરભવ લાધો, સાધો આતમ કાજ; વિષયા રસ જાણો વિષ સરિખો, એમ ભાખે જિનરાજ રે પ્રાણી. રાત્રિ ભોજન વારો. આગમ વાણી સાચી જાણી, સમકિત ગુણ સહી નાણી રે પ્રાણી; રાત્રિ૦ ૧ એ આંકણી. અભક્ષ બાવીશમાં રયણી ભોજન, દોષ કહ્યા પરધાન; તેણ કારણ રાતે મત જમજ્યો, જો હુવે હઇડે સાન રે. પ્રા૦ ૨ દાન સ્નાન આયુધ ને ભોજન, એટલાં રાતે ન કીજે; એ કરવાં સુરજની સાખે, નીતિ વચન સમજીજે રે. પ્રા૦ ૩

ઉત્તમ પશુ પંખી પણ રાતે, ટાલે ભોજન ટાણો; તુમે તો માનવી નામ ધરાવો, કેમ સંતોષ ન આણો રે. પ્રા૦ ૪ માખી જુ કીડી કોલીઆવડો, ભોજનમાં જો આવે; કોઢ જલોદર વમન વિકલતા, એવા રોગ ઉપાવે રે. પ્રા૦ ૫ છન્નું ભવ જીવ હત્યા કરતાં, પાતક જેહ ઉપાયું; એક તલાવ ફોડતાં તેટલું, દૂષણ સુગુરુ બતાયું રે. પ્રા૦ ૬ એકલોત્તર ભવ સર ફોડયા સમ, એક દવ દેતાં પાપ; અડલોત્તર ભવ દવ દીધા જિમ, એક કુવણિજ સંતાપ રે. પ્રા૦ ૭ એકસોને ચુમાલીશ ભવ લગે, કુવાણીજના જે દોષ; કૂડું એક કલંક દિયંતાં, તેહવો પાપનો પોષ રે. પ્રા૦ ૮ એકસો એકાવન ભવ લગે દીધાં, કૂડાં કલંક અપાર; એક વાર શીલ ખંડયા જેવો, અનર્થનો વિસ્તાર રે. પ્રા૦ ૯ એકસો

નવાણું ભવ લગે ખંડયાં, શીયલ વિષય સં-
બંધ; એક રાત્રિ ભોજને તેહવો, કર્મ નિ-
કાચિત બંધ રે. પ્રા૦ ૧૦ રાત્રિ ભોજનમાં
દોષ ઘણા છે, શ્યા કહીયે વિસ્તાર; કેવલી
કેહતાં પાર ન પાવે, પુરવ કોડી મઝાર રે.
પ્રા૦ ૧૧ રાતે નિત્ય ચોવિહાર કરીને, શુભ
પરિણામ ધરીજે; માસે માસે પાસ ખમણનો,
લાભ એણુ વિધે લીજે રે. પ્રા૦ ૧૨ મુનિ
વસતાની એહ શિખામણ, જે પાળે નર નારી;
સુર નર સુખ વિલસીને હોવે, મોક્ષ તણા
અધિકારી રે. પ્રા૦ ૧૩

અથ વણઝારાની સઝાય.

નરભવ નયર સોહામણું, વણઝારા રે;
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક રે.
સતાવન સંવર તણા, વ૦ પોઠી ભરજે ઉદાર.
અ૦ ૧ શુભ પરિણામ વિચિત્રતા, વ૦ કરિ-

થાણાં બહુ મૂલ; અ૦ મોક્ષ નગર જાવા ભણી, ૧૦ કરજે ચિત્ત અનુકુલ. અ૦ ૨ ક્રોધ દાવાનલ ઓલવે. ૧૦ માન વિષમ ગિરિરાજ; અ૦ ઓલંઘજે હલવે કરી, ૧૦ સાવધાન કરે કાજ. અ૦ ૩ વંશા જાલ માયા તણી, ૧૦ નવિ કરજે વિશરામ; અ૦ ખાડી મનોરથ ભટ તણી, ૧૦ પૂરણનું નહીં કામ. અ૦ ૪ રાગ દ્વેષ હોય ચોરટા, ૧૦ વાટમાં કરશે હેરાન; અ૦ વિવિધ વીર્ય ઉલ્લાસથી, ૧૦ તે હણજે રે ઠાય. અ૦ ૫ એમ સવિ વિઘન વિદારીને, ૧૦ પહોંચજે શિવપુર વાસ; અ૦ ખય ઉપસમ જે ભાવના, ૧૦ પોઠે ભરયા ગુણ રાસ. અ૦ ૬ ખાયક ભાવે તે થશે, ૧૦ લાભ હોશે તે અપાર, અ૦ ઉત્તમ વાણિજ જે એમ કરે, ૧૦ પદ્મ નમે વારંવાર. અ૦ ૭

અથ લાવણી સમુદાય પ્રારભ્યતે.

ધર્મનાથ જિન લાવણી.

શ્રી ધર્મનાથ મહારાજ, વિનતી આજ ઉરમાં ધરજી; (૨) સ્વિકારો મારા શામ, આઠ સો અરજી. ટેક. મેં કર્મ કર્યાં કાંઇ કેડ, નથી મુજ જોડ, અવનિનીમાંહી; (૨) પાપી હું પુરણ, પ્રેમ ધરોને કાંઇ. શ્રી ધ૦ ૧ હો રત્નપુરીના રાય, સુવ્રતા માય, સુત ભાનુંના; (૨) સો માફ કરો મહારાજ, હોય જે ગુના. શ્રી૦ ધ૦ ૨ હું ભવ અટવિની માંહ્ય, રઝળીયો રાય, રાંક બહુ થઇને; (૨) કાંઇ કીધા કોટી જન્મ, મરણ દુ:ખ સહીને, શ્રી૦ ધ૦ ૩ સંસાર જાળની સાથ, ગુંથ્યા પગ હાથ, તરૂં શી રીતે; (૨) પોહોચાડો નિધી પાર, નમું છું નિત્તે શ્રી ધ૦ ૪ ચોરી ચાડી શીલ ભંગ, જાણીને રંગ,

ઉમંગે કીધાં; (૨) આ નીચ કર્માંને કાજ, કષ્ટ બહુ લીધાં. શ્રી ધ૦ ૫ નહી ધર્યો ધર્મ કાંઇ કાન, આણીને સાન, કાયા નહી કષ્ટી (૨) અવ્રતવ્રત દાખો હવે, આપની દ્રષ્ટી; શ્રી ધ૦ ૬ હું તરૂણીમાં બહુ તાન, ભુલ્યો સૌ ભાન, સુખ સાગરમાં; (૨) મળશે ક્યાંથી તે રત્ન, મલ્યુ ગાગરમાં. શ્રી ધ૦ ૭ મેં કર્યાં દેવ જે દોષ, રાખ્ય નહી રોષ, માફી હું માગું; (૨) શર્ણે આવ્યોછું શામ, ચર્ણે હું લાગુ શ્રી ધ૦ ૮ નહીં ધરૂં તુજ વિણ ધ્યાન, કરૂ ગુણગાન, ધર્મના ધોરી; (૨) અર્પો શિવરમણી સુખ, અર્જ એ મોરી. શ્રી ધ૦ ૯ કહે દ્વિ કરજોડી દાસ, પુરીને આશ, પાપ પરહરજો; (૨) શશિ સુતતણી સૌ અર્જ, ધ્યાનમાં ધરજો. શ્રી ધ૦ ૧૦

સંભવનાથ જિન લાવણી.

દક્ષાણી ચાલ.

સંભવનાથજી, અર્જ સુણજો મારી રે; અતિ અસાર, છે સંસાર, માંહેથી તાર, કરીને વાર; લ્યો મુને ઉગારી રે. સંભવનાથજી૦ ૧ છબી સુંદીર છે, વદન સુખકારી રે; સંભવનાથ, ગ્રહો ને હાથ, મનુષ્ય જાત, ની વીસાત; નથી જુવો વીચારી રે. સંભવ૦ ૨ મોહજાળમાં, રહ્યા છે ફસાઇ રે; ઘરબાર, ઘરની નાર, નાના બાળ, સુખ અપાર; ભોગવે છે ભારી રે. સં૦ ૩ વિનંતી માહરી, ઉરમાં તમે ધારી રે; જગત રાય, ધરી દયાય, કરો સહાય, કષ્ટ તો જાય; શુદ્ધ કરો બુદ્ધિ મારી રે. સંભવ૦ ૪ બાળ જ્ઞાનોદય, વાંદે વાર હજારી રે; કે' વીર૦ પાળ, સુણી દયાળ, જાણીને બાળ, લ્યો સંભાળ; બાળ કરો આભારી રે. સંભવનાથજી૦ ૫

પાર્શ્વનાથની લાવણી.

બે કર જોડી શીશ નમાકે, ગુણ ગાઉં
અબ મેં તેરે. એ રાહ

શ્રી ચિંતામણિ પાર્શ્વ પ્રભુજી, લજ્જા રાખો તુમ મેરે; એ ટેક. અશ્વસેનકે કુંવર કનૈયા, વામાદેવી માતા રે; તીન લોકકા નાથ કહીજે, પારશનાથ હે અવતારે. ચોસઠ ઇંદર ચમર ઢુલાવે, દેવી તીર્થંકર થારે; સુર નર અસુર અનેક દેવતા, હાજર રહેતા તુમ્મારે. મોહનગારી મૂરત પ્રભુકી, દરશન કરતે બહુ તેરે. શ્રી ચિં૦ ૧ મસ્તક મુકુટ કાને યુગ કુંડલ, તિલક પનેકી મન મોહેતે, બાંહે બાજુ બંધ ઓર બેરખા, હંસ ગલે બિચ જગ જોતે; કટિ કંદોરા કડાં હાથમેં, મૂરત પુરત હદ સોતે, સુંદર મૂરત દરશન કરકે, આનંદ દિલમેં બહુ હોતે; દેશદેશમેં શોભા નસુકે, આયે

શરણુ મેં તેરે, શ્રી૦ ૨ લખ ચોરાસી ભટકત ડોલ્યો, જીવાજોનિ ભુગતે સારે; અબ તો પ્રભુજી આપ નિભાવો, ભવભવ શરણાં હે થારે, માતપિતા તુમ શેઠ અમારે, તુંહી હમારે શિરદારે; સંકટ કાટો વિઘ્ન નિવારો, શરણુ આયો હૂં થારે; ઋદ્ધિ સિદ્ધિ કારજ મન કામના, સુખ સંપતિ કરદ મેરે. શ્રી૦ ૩ પાર્શ્વ યક્ષ અધિષ્ઠાયક તારે, પદમાવતી શોહે સારે, કાલા ગોરા દોય મતવાલા, ભેરૂ ખડા તેરે દરબારે; પરચા પુરણ પાસ પ્રભુજી, ચિંતા ચૂરો હમારે, જૈન પ્રકાશક મંડલી અબ તો, શરણે આઇ પ્રભુ તારે; ચંદ ગોપાલ પ્રભુ તુમ ગુન ગાવે, આશા પૂરો તુમ મેરે. શ્રી૦ ૪

આદિનાથનો લાવણી

હોરીની ચાલમેં.

આદિ જિનેસર કિયો પારણો આ

રસ સેલડીયાં. આ૦ ટેક. ઘડા એકસો આઠ સેરડી, રસ ભરિયા છે નીકા રે; ઉલટ ભાવ શ્રેયાંસ વોહરાવે, માંડદિવી આબુકા રે. આ૦ ૧ દેવ દુંદુભિ વાજ રહી હે, સોનઈયારી વિરખા રે; બારે માસશું કિયો પારણો, ગઇ ભૂખ સરવ તિરખા રે. આ૦ ૧ ઋદ્ધ સિદ્ધ કારજ મનો કમના, ઘર ઘર મગલાચારરે; દુનિયા હરખ વધામણા કાંઇ, અખાત્રીજ તિવાર રે. આ૦ ૩ સંકટ કાટો વિઘન નિવારો, રાખો હમારી લાજ રે; બે કર જોડી નાન્હુ કહિતા, રૂષભ દેવ મહારાજ રે. આ૦ ૪

વિનતિરૂપ લાવણી.

તુમે નિરંજન નાથ હમારા, અરજ કર સો માનીયેં. તુમે૦ એ આંકણી મેં કાયર કગાલ કુસંગી, દયા દુર્બલકી ખાણીયે;

તુમે૦ તુમ ભગતિમાં સુરતિ આણ બનતી. દુઃખભર તન મેરા જાણીયેં; તુમેં૦ કહે જિનદાસ જગતમેં, નિર્ગ્રંથનો મત તાણીયેં. તુમે૦ ૧

શ્રી કુંથુનાથની લાવણી.

શ્રી કુંથુનાથ કરમ કાટ, મુક્તિ મોજ માયા; કરૂણા કર સબ જીવનકી, કરણી કરણ ધાયા, અબ દુર્ગતિકા બોજ ખોયો, બોધ બીજ પાયા. શ્રી૦ ૧ સુરપતિ હોય હજુર, ચરણે ચિત્ત લાયા; અબ ભક્તિભાવ હૃદયે બસાયા, જિનવર જસ ગાયા. શ્રી૦ ૨ ભવિ ભવ જનમ સફલ કીયો, લીયો લાભ માયા; અબ નરક દુઃખસેં ડરકર, જિનદાસ સરણે આયા. શ્રી૦ ૩

સ્વારથ વિષે લાવણી.

કોન જગતમેં તારા ચેતન, કોન જગતમેં તારા રે; અપને અપને સ્વારથકે સબ, બિન સ્વારથ હોય ન્યારા રે. કોન૦ ૧ એ આંકણી. સ્વારથે માત સપુત્ત બોલાવે, જીજી કર કહે દારા રે; વીર કહે ભગિની નિજ સ્વાર્થે, લાગે પિતાકું પ્યારા રે. કોન૦ ૨ હય ગય રથ પાયક ધન પરધન, કોઇ ન રાખન હારા રે; કાલ બેહાલ સબહીકું કરતે, કરતા મુખ પોકાર રે. કોન૦ ૩ ઇંદ્રજાલ સુપના સમ જાના, જુઠા જગત પસારા રે; સેવો ચરણ કોઇ સંત જનોકે, જ્યું હોવે નિસ્તારા રે. કોન૦ ૪

જીવ ઉપદેશ લાવણી.

નિર્ધનકા ધનવાન હુવા તબ, દાન પુણ્ય કરનાં ચહીએં; શ્રાવક હો કે હો ભવિ પ્રાણી

દ્વાદશ વ્રત ધરનાં ચઇએં; મનુષ્યા જનમ મિલ ગયા તેરે તાંઇ, દયા ધરમ કરનાં ચઇએ; તીન રતનકું ઓર સમકિતકું, શુદ્ધ સમકિત માન્યા ચઇએં; બડી ફજરમેં કુમતિ તજકેં, જિનમંદિર જાનાં ચઇએં; વિષફલ તજકે અમૃત ફલકોં, ચતુરા તુમ ખાનાં ચઇએં; સાત વ્યસનકું છોડ નીમ દસ, નિત્ય કરનાં ચઇએ. શ્રા૦ ૧ ઉત્તમ કુલકો તરિયા હો કે પતિ વ્રત રખનાં ચઇએં; પંડિત હુઇ ભવિપ્રાણિ મિજલસમેં, ભખનાં ના ચઇએ ઉપસમ ઉગ્યાં વૃક્ષ જિનોકા, અમૃતફલ ખાનાં ચઇએં; સુકૃત કરણી કરો સખી તુમ, અમૃતસેં ડરનાં ચઇએં. શ્રા૦ ૨ સીસ મુંડાકર ચેલા હુવા તબ, સુગુરૂ બચન માન્યા ચઇએં; ભોજન હો કે હો ભવિ પ્રાણી, અભક્ષ ખાનાં નહિ ચઇએં; જિનશાસનકો

ભેખ લિયા તબ, આચારમેં ચલનાં ચઇએં; કામ ક્રોધ માયા લોભ ઊનકું, દૂર તજનાં ચઇએં. શ્રા૦ ૩ જયાં જયાં તીરથ હે જિન વરકા, ત્યાં સંબકું ચલનાં ચઇએં; કાયા શક્તિ હો ભવિપ્રાણી, તુમકું વ્રત કરનાં ચઇએં; વાર વાર નરભવ નહિ મિલતા, એહ યાદ રખનાં ચઇએં; સત્તગુરૂકી શીખ સુનકે, ખિજમતમેં રહેનાં ચઇએં; દીપચંદ કર જોડી કહે મેરી, શીખ રૂદે ધરનાં ચઇએ. શ્રાવ૦ ૪ ઇતિ

હોરી, વસંત ફાગાદિ પ્રારભ્યતે

સંભવજિન હોરી.

ગારી દઇરે દઇ લાખનમેં. એ રાગ.

પ્યારે સંભવજિનકું સમરલે, હોરીયાં ખેલન

जि जाओरे भावरे. टेक. आगम उदधि सुधारस जलसें, घटकी गगरीयांकुं भरले. होरी० १ हित उपदेशकु सुगुरु बतायो, सोइ शिवपंथ पकडले. होरी० २ परमब्रह्म पंदको घट भीतर, आगम अनुभव वरले. होरी० ३ समकित नाव सुदृढ अविलंबित, भवसागरकुं तरले. होरी० ४ बाल सुमति संग खेलत हिलमिल, परम परम पद वरले. होरी० ५

आतम उपदेश होरी.

वसंत.

बांके ममताने धूम मचाइ, आज सुमता संग खेलेंगे होरी. बांके० टेक. जिनशासन ब्रत रंग महेलमें, दीपक बोध बनाइ. आज० १ सरधा सखी छमा मृदुता मिल, रिजुता मुकित सोहाइ, और अनेक सुमता सखी बीजमें, अनुभव रंग रंगाइ. आज०

૨ ભાવ સોચ તપ દાન શીયલ સબ, નિજ. ગુણ બંધુ સહાઇ, જિન ગુણ ગાન સંગીત નિરત ધુની, ભકિત જિનંદ બઢાઇ. આજ૦ ૩ ખેલત સંજમ ફાગ સબે મિલ, બાલઆ નંદ બધાઇ, અબ કુમતિ સંગ રંગ કરે તો, શ્રી જિનરાજ દુહાઇ. આજ૦ ૪

નેમજિન હોરી.

રાગ વસંત મારૂ.

જાદવ નેમ કુંમાર રે, ચાલો ખેલીએ હોરી. જાદવ. સરખી સાહેલી સબ મીલકર ચાલી, સોળે સજી સણુ ગાર રે. ચાલો. ૧ મેરા મન પીયા તુમશું રાચ્યો, જેસા ફુલ અનાર રે. ચાલો૦ ૨ તોરણ આએ ચલે ફીર પીછે, અબળા કોન આધાર રે. ચાલો૦ ૩ રત વસંત ફુલી બહુ રંગી, ઓર ફુલી હઘુ નાર રે. ચાલો૦ ૪ અપનારે પીયાકુ

બોલાવો, ફાગનકે દીન ચાર રે. ચાલો૦ ૫ તાલ મૃદંગ ઝાંજ ડફ બાજત, ઓર બાજત ખડ તાલ રે. ચાલો૦ ૬ શબ્દ ગીત સંગીત શું રાચત, નાચત તાથેઇ કાર રે. ચાલો૦ ૭ ઊડત ગુલાલ લાલ ભએ બાદલ, રંગ ભરકે શિર ડાર રે. ચાલો૦ ૮ એકવાર પ્રભુજી ઘેર આવો, માનો હમારી મનુવાર રે. ચાલો૦ ૯ સેસાવન જઇ સંજમ લીનો, પોહોતા મુકતી મોઝાર રે. ચાલો૦ ૧૦ દરિશન સાર રતન સુખકારી, જ્ઞાન સકળ આધાર રે૦ ચાલો૦ ૧૧

નેમજિન હોરી.

રાગ વસંત મારૂ.

નેમ નીરંજન ધ્યાઓ રે, બનમેં તપ કીનો. નેમ૦ તોરણ આએ ચલે રથ ફેરી, પશુવન પર ચીત લીનો રે. બનમેં૦ ૧ સેસાવનકી કુંજ ગહનમેં, પંચ મહાવ્રત લીનો રે. બનમેં૦

૭ સમુદ્ર વિજય શીવા દેવીકો નંદન, નીરમળ નેમ નગીનો રે. બનમેં૦ ૩ નેમ રાજુલ દોએ મુકતી સધાવ્યા, રૂપચંદ જશ લીનો રે. બનમેં૦ ૪

નેમજિન હોરી.

રાગ કાફી.

નેમજીસે કહીઓ મોરી, કહીઓ મોરી રે શામરેસેં કહીઓ મોરી. શા૦ તોરણુ આએ ફીને ભમાએ, છોડ ચલે અભિમાની. ઐરી ઐરી લાલા છો૦ પશુવનકે શીર દોષ ચઢાયો, તોડી પ્રીત પુરાની; દયા નહીં હીલમેં આની, શામરેસે કહીઓ મોરી. ૧ ચુક પડી સો મુહસેં કહીઓ, ઐસી ના કરીએ શોધાની; ઐરો૦ આઠતે ભવની પ્રીત બંધાણી, નવમેં ચલે કયું છેલાણી. શામ તેરી સુરત પેછાની, શામરેસેં કહીઓ મોરી. ૨ આ જોરી જુગમેં લેહુ લાગી.

રાજુલ ગુલકી બાંની; એરી૦ આ બીનતી સુન અમરપદ દીજે, રંગ બીજે સુખ દાની; આવા ગમનની વારી, શામરેસેં કહીઓ મોરી. ૩

સેત્રુંજયની હોરી.

રાગ વસંત.

અબ રે વસંત રતુ આઇ, ચાલો જઇએ શત્રુંજે જાત્રા કરનકું. અબરે ભર પીચકારી પ્રભુ મુખ આગે, અબીર ગુલાલ ઉડાઇ રે. ચાલો૦ ૧ કેસરકી મટકી પ્રભુ ઉપર, પ્રેમ સોરંગ ઉપાઇ રે. ચાલો૦ ૨ તાલ મ્રદંગ ડફ બાજને લાગે, બાજત રંગ બધાઇ રે. ચાલો૦ ૩ સબ સખીયન મીલ મંગળ ગાવે, મધુર સ્વરસે બોલાઇ રે. ચાલો૦ ૪ બેઠે નાભી નંદજીકે આગે, તાથા ખેલ મચાઇ રે.

ચાલો૦ ૫ કહે મુળજી પ્રભુ રીખભ જીનેશ્વર, ચરણ કમળ સુખદાઇ રે. ચલો૦ ૬

પાર્શ્વનાથ જિન હોરી.

રાગ કાફી.

પાસજી અબ સરણ તુમારી, તુમારી રે, પાસજી અબ સરણ તુમારી. દસ ભવ વેરી કમઠ કઠોરી, આએ બનારશી નયરી. એરી એરીલાલા આ૦ નગર લોક સબ વંદન ચાલે, ગયે વળી પાર્શ્વ કુમારી; આએ તપશી પેંજારી, પાસજી અબ સરણ તુમારી. ૧ પંચ અગની કરી જોગકું સાધત, વાધત ભવજળ ભારી; એરી. કમઠ કહે કોણ કારણ વંદન, નાગ ની કાલા કારી; ખરા જબ કાષ્ટ ફીદારી, પાસજી અબ સરણ તુમારી. ૨ પનંગ પરજળતો દેખી સેવક, મુખમેં દીયો નવકારી; એરી૦ પાસ પ્રભુજીનું દરીશન દેખી, દરીશન પાયો

શીકારી; થયો ધરની પતી ભારી, પાસજી અબ શરણ તુમારી. ૩ લોકાયતિક વચને બહુ જતને, દીયે દાન લીએ વ્રત ચારી; એરી. વડ હેઠે નીશી કાઊસગ ધારી, કમઠ થયો મેઘ માળી; કરે ઉપસર્ગ અપારી, પાસજી અબ સરણ તુમારી. ૪ બીહું દીશે ઘોર ઘના ઘન ગાજે, બાજે વાયુ અપારી; એરી. મુશળધારા વરસણ લાગ્યો, નાશા લગે આવ્યું વારી; નાચે ધરણીધર નારી, પાસજી અબ સરણ તુમારી. ૫ પદમાવતી પ્રભુ શીર પર ધારી, ફણી ટોપ કરે વીસતારી; એરી. ઉપસર્ગ હરી પ્રભુપે નાટક, નાચે પદમાવતી નારી; બાજે ચંગ તાલ સતારી, પાસજી અબ સરણ તુમારી. ૬ ધ્યાનાનલ પ્રભુ કરમકું બાળી, દરશન જ્ઞાન ઉદારી; એરી. કહે આનંદ કુશળ પદ પાએ, કરમ

પ્રકતી સબ ગારી। વરયા શીવ વધુ લટકારી.
પાસજી અબ સરણ તુમારી. ૭

નેમજિન હોરી.

રાગ પરજ વસંત.

હોરી ખેલાવત કાનઇઆ, નેમીશ્વર સંગે લે ભઇયા; હોરી. રૈવત ગીરીપર એકુ- ઠા મીલે સબ, સહસ બત્રીશ અંતે ઉરીયા. હોરી. ૧ કોઈ અંગી પીચકારી લીએ કોઇ, અબીર ગુલાલસેં ઝોરી ભરઇયા. હોરી. ૨ નેમકુંવર સું ખેલત હોરી, બીહા મનાાવત તાલ ભરઇયા, હોરી. ૩ મૌન રહુયા પ્રભુ વાત વીચારી, પરણો દેવર નારી ભલઇયા, હોરી. ૪ તોરણે આઇ પશુવા છોડાઇ, રાજુલ નારી બીચાર કરઇયા. હોરી. ૫ મુગતિ ધુતારી શોક હમારી, ઇનસેં કયું મેરા ચીત ભલઇયા. હોરી. ૬ સેસાવન જઇ સંજમ લીના, શુકલ ધ્યાનસેં કેવલ પઇયા. હોરી. ૭ નેમ રાજુલ દોનું મુક્ત સધાયે,

રૂપ કહે અમ લેત બલઇયા. હારી. ૮

અરિહંતજીની હોરી.

વસંત ધમાલ.

ચલો ચેતન જીનસેં ખેલે હોરી, સખીરી ખેલીએ માસ વસંત. ચલો. સમકીત સુધ્ધ વસંત રૂતુ પ્રગટી, શ્રદ્ધા ભઇ બન રાય. બલી જાઉં. વિનયાદિક બહુ ગુણશું મનોહર, નિયમાદિક ભમર ગુંજાય. ચલો૦ ૧ સજે રંગ રંગ સુરંગ ગુલાલે, ભરી ભરી ઝોલી સુરગ; બલી જાઉ, સમતા પીચકારા સુખકારી, ઉપસમ રસ કેસર પ્રસંગ. ચલો૦ ૨. શુકલ ધ્યાન અબીર સમુજ્વલ, ચીહુ દિશ કાએ છીરકાવ; બલી જાઉં. સુધ્ધ નયાત્મક ઘેરીએ હો, ઘેરત જિનકું સુભ ભાવ. ચલો૦ ૩ અનુભવ ગલીમેં ઘેર લીએ પ્રભુ; રંગુવા શિવ પદ દેત; બલી જાઉં. બાબજી મુની સેવક પ્રભુજીસે, દીન દીન સદી સુખ લેત. ચલો૦ ૪

અથ ગુહુલી.

બેની સંચરતાં રે સંસારમાં રે, બેની સદ્ગુરૂ ધર્મ સંજોગ; વધાવો ગુહુલી રે, બેની સદ્દહણાં જિન શાસન તણી રે, બેની પુરણ પુન્ય સંજોગ. વ૦ ૧ બેની સમ સંતોષ સાડી ભલી રે, બેના નવ વ્રત નવરંગ ઘાટ; વ૦ બેની તપ જપ ચોખા ઉજળા રે, બેના તાણી તિલક અભંગ. વ૦ ૨ બેની સમકિત સોવન થાળમાં રે, બેની કનક કચોળે ચંગ; વ૦ બેની સંવર કરો શુભ સાથીયા રે, બેની વિવેક વધાવો સાલ. વ૦ ૩ બેની ભવજળ જેહથી મેટીયે રે, બેની કીજીયે ચંદન ઘોલ; વ૦ બેની વીર કહે જિન શાસને રે, બેની રહેતાં મંગલ માલ વ૦ ૪

અથ સ્તુત્યધિકાર પ્રારંભ.

અથ બીજ તિથીની. સ્તુતિ

દિન સકલ મનોહર, બીજ દિવસ સુ- વિશેષ; રાયરાણા પ્રણમે, ચંદ્ર તણી જ્યાં રેખ; તિહાં ચંદ્ર વિમાને, શાશ્વત જિનવર જેહ; હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ. ૧

અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ; અરનાથ સુમતિ જિન, વાસુપૂજ્ય શિવ સાથ; ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ; હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨

પરકાશ્યા બીજે, દુવિધ ધર્મ ભગવંત; જેમ વિમલ કમલ દોય, વિપુલ નયન વિકસંત; આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચે વ્યવ- હાર; બીજે સવિ કીજે, પાતકનો પરિહાર. ૩

ગજ ગામિની કામિની, કમલ સુકોમલ

ચીર; ચઉકુસરી કેસરી, સરસ સુગંધ શરીર;
કરજોડી બીજે, હું પ્રણમું તસપાય; એમ
લબ્ધિ વિજય કહે, પૂર મનોરથ માય. ૪

અથ પંચમીની સ્તુતિ.

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જનમ્યા
નેમ જિણંદ તો; શ્યામ વરણ તનુ શોભતુંએ,
મુખ શારદકો ચંદ તો; સહસ વરસ પ્રભુ
આયુખોએ, બ્રહ્મચારિ ભગવંત તો; અષ્ટ ક-
રમ હેલેહણિએ, પોહોતા મુક્તિ મહંત તો. ૧

અષ્ટાપદ આદિ જિન એ, પોહોતા મુક્તિ
મોઝાર તો; વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુ-
ક્તિ ગિરનાર તો; પાવાપુરિ નગરીમાં વળીએ,
શ્રીવીર તણું નિર્વાણ તો; સમેતશિખર વીશ
સિદ્ધ હુઆએ, શિર વહું તેહની આણ તો. ૨

નેમનાથ જ્ઞાની હુવાએ, ભાંખે સાર વચન
તો; જીવ દયા ગુણ વેલડીએ, કીજે તાસ

જતન તો; મૃષા ન બોલો માનવીએ. ચોરી ચિત્ત નિવાર તો; અનંત તિર્થંકર એમ કહે એ, પરહરિ અપરનાર તો. ૩ .

ગોમેદ નામે જક્ષ ભલોએ, દેવી શ્રી અંબિકા નામ તો; શાસન સાન્નિધ્ય જે કરે એ, કરે વળિ ધર્મનાં કામ તો; તપ ગચ્છ નાયક ગુણ નિલોએ, શ્રી વિજયસેન સૂરિરાય તો; ઋષભદાસ પાય સેવતા એ, સફલ કરો અવતાર તો. ૪

અથ અષ્ટમોની સ્તુતિ.

મંગલ આઠ કરી જસ આગલ, ભાવ ધરી સુરરાજજી; આઠ જાતના કલશ કરીને, ન્હવરાવે જિનરાજજી; વીર જિનેશ્વર જન્મ મહોત્સવ, કરતાં શિવ સુખ સાધેજી; આઠમનું તપ કરતાં અમ ઘેરે, મંગલ કમલા વાધેજી. ૧

અષ્ટ કરમ વયરી ગજ ગંજન, અષ્ટાપદ પરે બલીયાજી; આઠમે આઠ સુરૂપ વિચારી, મદ

આઠે તસ ગલીયાજી; અષ્ટમી ગતિ પહોતા જે· જિનવર, ફરસ આઠ નહિં અંગજી; આઠમનુ તપ કરતાં અમ ઘર, નિત્ય નિત્ય વાધે રંગજી. ૨

પ્રાતિહારજ આઠ વિરાજે, સમવસરણ જિન રાજેજી; આઠમે આઠસો આગમ ભાં· ખી. ભવિ મન સશય ભાંજેજી; આઠે જે પ્રવચનની માતા, પાલે નિરતિ ચારોજી; આઠમને દિન અષ્ટ પ્રકારી, જીવ દયા ચિત્ત ધારોજી. ૩

અષ્ટ પ્રકારે પૂજા કરીને, માનવ ભવ ફલ લીજેજી; સિદ્ધાઇ દેવી જિનવર સેવી, અષ્ટ મહાસિદ્ધિ દીજેજી; આઠમનું તપ કરતાં લીજે, નિર્મલ કેવલ જ્ઞાનજી; ધીર વિમલ કવિ સેવક નય કહે, તપથી કોડ કલ્યાણજી. ૪ ઇતિ.

અથ એકાદશીનાં સ્તુતિ.

એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ પૂછે નેમ, કુણ કારણ એ પર્વ મોટું, કહોને મુજશુ

તેમ, જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસો પંચાસા તેણે કારણ એ પરવ મોટું, કરો મૌન ઉપવાસ. ૧

અથ શ્રી દેવચંદ્રજી કૃત સ્નાત્ર પૂજા વિધિ પ્રારંભઃ

પ્રથમ નિસ્સહી પૂર્વક શ્રી દેરાસરમધ્યે આવી અંગ શુદ્ધ કરી, નવીન વસ્ત્ર પહેરી, સ્વભાલ તિલક કરી, બાજોઠની સ્થાપના કરી, તે ઉપર બાજોઠ માંડી, સ્નાત્ર પીઠ ઉપર થાળની સ્થાપના કરવી; તે ઉપર તંદુલની ઢગલી કરવીઃ તેન ઉપર રૂપા નાણું તથા નાળીએર ધરીને પછી સ્નાત્રીયાઓએ પોતાના હાથે મૌલી સૂત્ર બાંધવું, તથા બીજા કલશ પ્રમુખ સ્થાનકે મૌલી બંધન કરી, કલશોને ધુપ દઇ દુધ, દધિ, ઘૃત, જળ તથા શર્કરા એ પંચામૃતથી કલશ ભરી રાખવા. પછી મુખકોશ બાંધી મુલ નાયકજી આગળ આવી નમસ્કાર કરી, ધુપ ધાણું હાથમાં લઇ ધુપ ઉખેવો. તે સમયે મુખથી ધુપાવલીની

ગાથાઓ કહેવી, તે નીચે પ્રમાણે:—

અસુરિંદ સુરિંદાણું, કિન્નર ગંધ્ધવ્વ ચંદ સુ. રાણું; વિજ્જાહરા સુરાણ્ં, સજ્જોગા સિદ્ધાણુ સિદ્ધાણું. ૧ મુનિય પરમથ્થ વિથ્થર, વિગઢ નિવિઢ તવ સોસિયંગાણું; સિદ્ધવહૂ નિરૂમપ્પં, ઠિયાણું જોગીસરાણુંચ. ૨ જે પૂયા ભગવંઓ, તિથ્થયરા રાગ રોસ તમ રહિયા; વિણય પણુએણુ તેસિં, સમુધ્ધુઓ મે ધ્ધમે ધુઓ. ૩ તિથ્થંકર પડિમાણું, કંચણુ મણિ રયણુ વિદ્રુમમયાણું; તિહુયણુ નિભૂસગાણું, સાસય સુરનર કયાણુચ ૪ સિદ્ધાણુ સુરિપાઠગ, સાહુણં જાણુ જોગ નિગ્યાણું; સુયદેવય માહણું, સમુધ્ધુઓ મે ધ્ધમે ધુઓ. ૫

એ રીતે કહ્યા પછી પ્રથમ અક્ષતને ધોઇ તેઓને કેસર તથા ચંદન લગાડવું, તથા પુષ્પોને પણ જલથી શુદ્ધ કરી રાખવાં; પછી તે અક્ષત તથા ફુલની કુસમાંજલિ હાથમાં લઇ, ઉભા થઇને "નમો અરિહંતાણુ, નમોર્હત્સિદ્ધ" એ આખો પાઠ કહેવો. પછી નીચે પ્રમાણે બે શ્લોક પઠન કરવા.

"શ્રીમત્પુણ્યં પવિત્રં કૃતવિપુલફલં મંગલ લક્ષ્મ લક્ષ્મ્યાઃ, ક્ષુણ્ણારિષ્ટોપસર્ગગ્રહગતિવિકૃતિ સ્વપ્નમુત્પાતઘાતિ; સંકેતં કૌતુકાનાં સકલસુખમુખં પર્વ સર્વોત્સવાનાં, સ્નાત્રં પાત્રં ગુણાનં ગુરુગરિમ ગુરોર્વચ્ચિતા યેન દૃષ્ટ ૧ અશોષભવનાંતરાશ્રિતસમાજએકક્ષમો, ન ચાપિ સમણિયતામતિશયીત તસ્યાપરઃ; પ્રદેશ ઇહ માનતો નિખિલલોકસાધારણઃ, સુમેરુરિતિ તાપિનઃ સ્નપનપીઠભાવં ગતઃ ૨

એ રીતે કહ્યા પછી સ્નાત્ર સન્મુખ કુસુમાંજલિ અર્પણ કરવી, પછી સ્થાપન પીઠ પખાલી લુછીને કુંકુમનો સ્વસ્તિક કરવો; ધુપ ઉખેવવો; અને સર્વ સ્નાત્રીઆઓના હાથમાં ધુપાવલી આપવી. પછી કપૂર લગાડવો, અને એક નવકાર કહીને સ્નાત્ર પીઠ ઉપર પ્રતિમાજીની સ્થાપના કરવી. તે પ્રતિમા પ્રાયે પંચ તીર્થિક, અથપર કર સંયુક્ત સ્થાપવી, મુખ આગળ અક્ષતની ઢગલીઓ કરવી અને તેની ઉપર પંચામૃતનો એક કલશ મુકવો. પછી હાથમાં કુસુમાંજલિ લઈને (મુક્તાલંકાર વિકાર૦)

એ આર્યા ભણી કુસુમાંજલિ અર્પણ કરીને, પ્રતિમાજીનાં નિર્માલ્ય ઉતારી પ્રક્ષાલન કરવું. પછી અંગલૂહણાથી પ્રમાર્જીને ધૂપ ઉખેવવો, અને કેસર, ચંદન, કપૂર તથા કસ્તુરી ઘસી તેને પવિત્ર ભાજનમાં ભરીને તે ભાજન પ્રતિમાજી આગળ ધરવું. વળી કુસુમાંજલિ હાથમાં લઇ ઉભા થઇ "હરહું નમો અરિહંતાણં૦ નમોર્હત્સિદ્ધ૦" એ પાઠ કહીને સ્નાત્ર પૂજાની પહેલી પાંખડી કહેવી, એમ અનુક્રમે પાંચ પાંખડી કહી કુસુમાંજલિ પૂર્ણ કરીને હાથમાં ચમર લઇને તે ભગવંતની ઉપર ઢોળતાં (વરતુ) "સયલ જિનવરથી માંડીને યાવત્ વધાઇ વધાઇ થઇ અતિવ" સુધીનો પાઠ કહેવો. તે પૂર્ણ થયા પછી ચૈત્યવંદન કરવું. તે શક્રસ્તવ કહી જયવીયરાય" સુધી ભણવું. પછી હાથ ધોઇ ધૂપ, કર્પૂરાદિક હાથને લગાડવાં. ત્યાર પછી પૂર્વે કલશોને ધોઇ ધૂપ આપી કંઠે મોલી સૂત્ર બાંધી ઉપર સ્વસ્તિક કરી તેઓમાં પંચામૃત ભરી, અક્ષતના ઢગલાઓ ઉપર ધારણ કરી, રાખેલા હોય તેની ઉપર અંગલુહણાં ઢાંકી ધૂપ ઉખેવી, તઓમાંના માત્ર બેજ કલશોને આલ-

પાસ જલધારા દઇને રાખવા. પછી સ્નાત્રીઆના હાથમાં સ્વસ્તિક કરી સર્વે જણાએ શ્રેણીબદ્ધ ઉભા રહેવું, અને પ્રત્યેક સ્નાત્રીઆએ ખમાસમણ દેઇ, પંચાંગ નમસ્કાર કરવો. પછી પ્રત્યેક સ્નાત્રીઆએ પોતાના બે હાથમાં કળશો લેવા તે કલશધારક સ્નાત્રીઆએ પોતાના બન્ને હાથને વિષે રહેલા કલશને ઉત્તરાસંગ વસ્ત્ર વડે ઢાંકી રાખવા અને પોતે ઉભા છતાં મુખથી "શ્રી તીર્થપતિનો કલશ મજ્જન૦ પદથી માંડીને સંપૂર્ણ પૂજા ભણવી. ત્યાર પછી પ્રતિમાજી ઉપર કલશો ઢોળી, પખાલ કરી, અંગલુહણાથી મજ્જન કરી, કેસર ચંદનથી અર્ચન કરીને ફુલ ચઢાવવાં. પછી થાળમાં 'સ્વસ્તિક' કરી બિંબની સ્થાપના કરવી, અને ધૂપ કરવો તે વખતે નીચે પ્રમાણે પાઠ કહેવો.

અથ કલશ ઢાળવા સમયનું સ્તવન.

ઇંદ્ર કલશભર ઢારે શ્રી જિનપર, ઇંદ્ર કલશ૦ હાથો હાથ અમરગણ આનત, ખીર વિમલ જલ ધારે. શ્રીજિ૦ ૧ સુર વનિતા મળિ મંગલ ગાવે, ભાવત ભાવ મહારે. શ્રી૦ ૨ કિન્નર અરૂ-

ગંધર્વ મહોરગ, નીરત નીર નિત સારે. શ્રી૦ ૩

દેવ દુંદુભિ ધુન ગર્જત અતિ, શિરપર સુજસ નિચારે. શ્રી૦ ૪ પરમાનંદ જિનરાજ જગત પદ, જગજીવન હિતકારે. શ્રી૦ ૫

પછી રકેબીમાં લુણ પાણી લઇને આરતિની પેઠે કરવું અને તે વખતે મુખથકી નીચે પ્રમાણે ગાથાઓ કહેવી:—

અથ લુણ ઉતારણ ગાથા.

ઉવહિ પડિભગ્ગ પસરં, પયાહિણું મુણિવઇ કરે ઉણં; પડઇ સલુણ ત્તણુલજ્જિયં, ચ લુણં હુ અવદંની. ૧ પિચ્છોવિણ મુહ જિણવરહ, દીહર નયણ સલૂણ; નાવઇ ગુરૂ મચ્છર ભરિય, જલણી પઇસઇ લુણ. ૨ લુણઉતારિઉ જિણવ-રહ, તિન્નિ પયાહિણ દેવિ; તડયડ સદ્દ કરંતિ મહ, વિજ્જા નિજ્જ જલેણ. ૩ જં જેણુવિજ્જ વિજ્જઇ, જલેણ તં તહ નિહચ્છહ સરસદ્દં; જિણરૂવ મચ્છરેણુવ, કુણઇ લુણં તડયડરસં. ૪

એ ગાથાઓ કહીને લુણને અગ્નિ શરણ કરવું. પછી વળી પ્રથમના પેઠે લુણ પાણી લ

ઇને મુખથી નીચે પ્રમાણે ગાથાઓ કહેવી:—

સવ્વં મુણિવઇ જલવિજડ, તં તહ ભમડઈ પાસ; અહવ કયંતસુનિમ્મલુ, નિગ્ગુણ બુદ્ધિપ-યાસ. ૧ જસ આણે વિણુ જલણિહિ પાસહ, ભર વિક્કયજલિ ભાવિહિં પાસહ, તિન્નિ પયાહિ-ણ હિંતિય પાસહ, જિમ જિઉ દુટ્ટઇ ભવ દુહ પાસહ. ૨ જલ નિમ્મલ કર કમલહિ લેવિણુ, સુરવઇ ભાવહિ મુણિવઇ સેવિણુ; પભણઈ જિ-ણવર તુહ પઇ સરણું, ભય તુટ્ટઇ લબ્ભઇ સિદ્ધિ ગમણું. ૩ એ ગાથાઓ કહી લુણ પાણી ઉતારીને જલ શરણ કરવું. ત્યાર પછી પુષ્પની માલા લઇ ઉભા રહીને નીચે પ્રમાણે ગાથાઓ કહેવી

અથ પુષ્પ માલ પુજા ગાથા.

ઉન્નય પચ્ચય ભત્તસ, નિયઠાણે સંઠિયં કુણ તસ્સ; જિણપાસે ભનિય જિણુસ્સ, નિય ઠાણે સ-ઠિયં તસ્સ (પાઠાંતરે) પિચ્છ તુઙ લુય વહે પડણું ૧ સવ્વો જિણપ્પભાવો, સરિસા સરિસેસુ જેણ રચ્ચંતિ; સવ્વગુણ મપાસે, જડસ્સ ભમણું ણ સંકમણું. ૨ અચ્ચત દુક્કરં વિહુ, કુણવહ નિ-

બડેણ જડેણ કયં; આણા સવ્વ તુબ્ભં, ન કયા સુકયં ત્થ મૂલમણિં. ૩

એ પાઠ કહ્યા પછી માલા ચઢાવવી, પછી હાથમાં છુટાં ફુલો લેવાં તે વખતે નિચે પ્રમાણે ગાથાઓ કહેવી:—

અથ છુટાં ફુલ પુજા ગાથા.

ઉસરણો જિણપુરઓ, પરિમલ મિલિયા ઉખ્ખિવિઉ સંગીયા; મુત્તામરેહિવો કુણઓ, મરમલ મિલિયા ઉખ્ખિવિહસં. ૧ ઉવણેઉ મંગલં વો, જિણાણ મુહલાલિ જાવ સંવલિયા; તિત્થ પવ્વતણ સમએ, તિય સેવિ મુક્કા કુસમ વુંઠી. ૨ એ પાઠ કહીને પ્રભુ આગળ ફુલો ઉછાળવાં. પછી આભરણો તથા વસ્ત્રો લઇને ઉભા રહેવું, અને નીચે પ્રમાણે ગાથાઓ કહેવી:—

અથ વસ્ત્રાભરણ પૂજા ગાથા.

શ્લોકઃ શક્રોયથા જિનપતેઃ સુરશૈલસુલા, સિંહાસનોપરિમિતસ્નપનાવસાને; દધ્યક્ષતૈઃ કુસુમચંદનગંધધુપૈઃ, કૃત્વાર્ચ્ચનં તુ વિદધાતિ સુવસ્ત્રપૂજાં. ૧ તદ્વત્ શ્રાવકવર્ગએષ વિધિનાલકાર

વસ્ત્રાદિકં, પૂજાં તીર્થંકનાં કરોતિ સતત શક્ત્યાતિ ભક્ત્યાદૃતઃ, નીરાગસ્ય નિરંજનસ્ય વિજિતારાતે સ્ત્રિલોકીપતેઃ, સ્વસ્યાન્યસ્ય જનસ્ય નિર્વૃતિકૃતે ક્લેશક્ષયાકાંક્ષયા. ૨ એમ કહી આભરણ તથાવસ્ત્ર પૂજા કરવી. પછી જ્ઞાનપુજા નીચે પ્રમાણે કરવી.

અથ જ્ઞાન પૂજા ગાથાઓ.

નમંતિ સામિનિ મહીવનાઉં, દેવાય પૂયં સુ જહેવ પુવ્વં; ભત્તીય ચિત્તં મણુ દામ એહિં, મહાર પુફ્ફેહ સવેહ નાહ. ૧ તહેવ સદ્ધામણ મુત્ત એહિં, સુગંધ પુપ્ફેહ વરંસ એહિં; પૂયંત વંદા નમત નાણં, નાણુસ્સ લાભાય, ભવક્ખયાય. ૨ એ ગાથાઓ કહીને પુષ્પોની માલા ચઢાવવી તથા રૌપ્યમુદ્રા, સુવર્ણમુદ્રા. મણિરત્ન, અને વસ્ત્રોએ કરી સ્વશક્ત્યનુસાર જ્ઞાનની પૂજા કરવી પછી ધુપ ઉખેવવો તેની ગથા નીચે પ્રમાણે.

ધુપ પૂજન ગાથા.

મીનકુરંગમદારમસારં, સારસુગંધનિશાકરતારં તારમિલન્મલયોસ્થવિકારં; લોકગુરોર્દહ ધુપમુદારં. ૧

પછી મંગલદીપક કરીને નીચલી ગાથાઓ કહેવી.

મંગલદીપક પુજા.

કોસંબી સંઠિયસ્સવિ, પયાહિણું કુણઇ મઉલિય પઇવો; જિણસોમ દંસણોદિણુ, યરૂવ તુહનાહ મંગલ પઇવો. ૧ ભામીજંતો સુરસુંદરીહિ તુહ નાહ મંગલ પઇવો; કણયાયલસ્સ નિજ્જિય, ભાણુવ્વ પયાહિણં દિંતો. ૨ એ ગાથા કહીને મંગલપ્રદીપ કરવો. પછી રકેબીમાં કપૂર ધરી, આરતીમાં બતી સળગાવીને મુખ થકી નીચલી ગાથાઓ કહેવી:—

અથ આરતિ ગાથા.

જ મરગય મણિ ગડિય, વિસાલ થાલ માણિક્ક મંડિય પઇવો; ણ્હવણ યરકર ખિત્તં, ભમઉ જિણ આરતિયં તુમ્હં. ૧ આરત્તિઅં નિયચ્છાહ, જિણસ્સ મૂત્ર ક્રિસણાગરૂ ચ્છાય; પાસેસુ ભમઇ નિજ્જિય, સંગમય વિભિન્ન દિકિવ ૨ પસમેય વ્વો ભવંતર, સમજ્જિય કમ્મરેણુ સંઘાયં આરતિય મંગલગ્ગા, ઉછલતિ સલિલધારા. ૩

એ રીતે આરતી કરવી.

પછી ઉત્તરાસંગ કરી, ચૈત્યવંદન કરવું. અને અષ્ટપ્રકારે પૂજા કરવી. કદાચિત અષ્ટપ્રકારે પૂજા ન કરાય તો શેષ ફળ ફુલ ને નૈવેદ્ય જે હોય, તે એમજ ચઢાવી દેવું. પછી ગુણ ગીત ગાવાં, જય જય શબ્દ ઉચ્ચરવા, સ્વામીવાત્સલ્ય કરવો, તથા યથાશકિત દાન દેવું. ઇતિ શ્રી દેવચંદજીકૃત સ્નાત્ર પુજાવિધિ: સમાપ્ત:

આરતિ, દીપક, લુણ, જલવિધિ: પ્રારભ્યતે.

પ્રભુથી અંતરપટ કરી, પ્રભુ સન્મુખ બેસી આરતિ કરનારને નવ અંગે કુંકુમના તિલક કરવાં. પછી એક થાળમાં સ્વસ્તિક કરી, તેમાં આરતિ મંગલ દીપક, જમણી બાજુ રાખી, ત્યાં આરતિમાં ઘૃત થોડું ભરવું. અને મંગલ દીપકમાં ઘૃત પૂર્ણ ભરવુ પછી કેસર, ફુલ, ફુલે કરી, તેની પુજા કરી ઉપર કુંકુમના છાંટા નાંખી મંગલદીપક પ્રગટાવે. અને કપૂર સળગાવે તેનો મંત્ર કહે છે. ઓં અર્હતે પંચજ્ઞાનમહાજ્યો.

તિમયાય, ધ્વાંતઘાતને ઘોતનાય, પ્રતિમાપાદીપો ભૂપારસર્વદાર્હતે. એમ કહી મંગલ દીપક પ્રગટાવી ને પછી તે મંગલ દીપકથી આરતિ પ્રગટાવે. પછી દીવો નીચે મુકીને આરતિ ઉતારે. તે વાર પછી દીપક ઉતારે. પછી લુણુની કાંકરી લઇ "લુણુ ઉતારો જિનવર અંગે" ઇત્યાદીક પાઠ કહી લુણની ગાથા કહે. પછી બૃહચ્છાંતિ (મોટીશાંતિ) કહે. તે ન આવડે તો ત્રણ નવકાર ગણી નીચે પ્રમાણે શ્લોક કહે: શ્લોકઃ—આજ્ઞાહીનં ક્રિયા હીનં મંત્રહીનં ચ યત્કૃતં, તત્સર્વં ક્ષમયા દેવ, ક્ષમ ત્વં પરમેશ્વર. ૧ એમ કહી ચૈત્યવંદન કરે. ઇતિ આરતિ દીપક લુણુ જલ વિધિઃ સમાપ્તઃ

ઋષભ દેવની આરતિ.

જયજય આરતિ આદિ જિનંદા, નાભી રાયા મોરૂદેવકો નંદા. જય૦ ૧ પહેલી આરતિ પૂજા કીજે, નરભવ પામી લાહો લીજે. જય૦ ૨ દુસરી આરતિ દિન દયાળા, ધુળેવ મંડપમાં

જગ અજવાળાં. ૩ તિસરી આરતિ ત્રિભૂવન દેવા, સુરનર ઇંદ્ર કરે તોરી સેવા. જય૦ ૪ ચોથી આરતિ ચઉ ગતિ ચૂરે, મન વંછિત ફળ શિવ સુખ પૂરે. જય૦ ૫ પંચમી આરતિ પુન્ય ઉપાયા, મૂળચંદ રિષભ ગુણ ગાયા. જય૦ ૬

મંગળ ચાર. રાગ સામેરી

આજ મારે ચારો મંગળ ચાર. એ આંકણી. દીઠો દરશ સરસ જિનજીકો, શોભા સુંદર સાર. આજ૦ ૧ છન છન જન મન મોહન ચરચી, ઘસી કેસર ઘનસાર. આજ૦ ૨ ધૂપ ઊખેવું કરું આરતી, મુખે બોલું જય જયકાર. આજ૦ ૩ વિવિધ જાતકે પુષ્પ મંગાવુ, મોગર લાલ ગુલાલ. આજ૦ ૪ સમોવસરણ આદિશ્વર પૂજું, ચોમુખ પ્રતિમા ચાર. આજ૦ ૫ પ્રતની બાર ભાવના ભાવું, તુમ પ્રભુ તારણ હાર આજ૦ ૬ સકળ સંઘ સેવક જિનજીકો, આનંદ ઘન ઉપકાર. આજ૦ ૭ ઇતિ.

સમાપ્ત.

અગાઉથી ઉત્તેજન આપનાર ગ્રહસ્થો-
નાં મુબારક નામો.

૧૦૧ શેઠ મગનલાલ જીવરાજ
૫ ,, ગુલાબચંદ નેમચંદ કુંડલા વાળા
૫ દોસી સુંદરજી શામજી જૈનસભા કુંડલાવાળા
૪ ,, ધનરૂપ કેશાજી
૩ ,, નગીન બેહેચર
૨ ,, વાલજી માણેકચંદ
૨ ,, રતનશી પરશોતમ
૨ ,, છગનલાલ દલસુખ
૨ ,, જીવણચંદ ઉતમચંદ
૨ ,, પ્રભુ હરખજી
૨ ,, રતનજી વીરજી
૨ ,, ડાહ્યાલાલ હીરાચંદ
૨ ,, નાથાલાલ સાકેરચંદ
૨ ,, મુળચંદ અમરચંદ
૨ ,, મોહનલાલ જીવરાજ
૨ ,, કસ્તુરચંદ નાનચંદ રૂપાલવાળ
૨ ,, શામળભાઇ દલસુખ

૨ ,, ગીરધર પ્રેમજી
૨ ,, વસરામ સોમચંદ મેહેતા
૨ ,, બાઉચંદ જાદવજી દોસી
૨ ,, ગુલાબચંદ હેમચંદ વરતેજવાળા
૨ ,, મનસુખભાઈ ચતુરચંદ
૨ ,, છગનલાલ આણંદજી દોસી કુંડલાવાળા
૭ ,, હંસરાજ વીરજી મેહેતા જૈનમંડલી ,,
૨ ,, મોતીચંદ કુરજી દોસી
૨ ,, દુલભદાસ ગોરધનદાસ
૨ ,, છોટાલાલ ત્રીભોવનદાસ લીંબડીવાળા
૨ ,, ધેલાભાઈ લીલાધર
૨ ,, કરશનદાસ પરશોતમ શીહોરવાળા
૨ ,, દોલાભાઈ કરનાઈ
૨ ,, નરસી જીવરાજ વળાવાળા
૨ ,, મગનલાલ જેઠાભાઈ
૨ ,, ખીમચંદ મોતીચંદ પછેગામવાળા
૨ ,, મોતીચંદ સુખલાલદાસ
૨ ,, હીતમચંદ હરજીવન

એક એક સહીવાળાનાં નામ જગાના સંકોચ લીધે દાખલ કીધાં નથી.

ગ્રાહક નોંધાવો

શ્રી શાંતિનાથ જિન ચરિત્ર

કર્તા મુનિમાણેક સૂરિ

આ મહાન ઉપયોગી ગ્રંથ રૂપમાં તૈયાર કરી શુદ્ધ ગુજરાતી ભાષામાં દેવનાગરી મોટા અક્ષરથી સુ-શોભાદાર જાડા કાગળ ઉપર છાપી બાંધેલા પાકા પુઠાથી તૈયાર કરવામાં આવશે.

આ સંપૂર્ણ ગ્રંથમાં શાંતિનાથ ભગવાનના પૂર્વ ભવોની હકીકત સાથે તેમના નિર્વાણ અને ચક્રવર્તીની બંને પદવીની તમામ હકીકત આવશે. તેજ પ્રમાણે એ મુખ્ય જૈન ધર્મના તત્ત્વો ખરી એ પ્રમાણે અને તેના માર્ગનું ખરૂં સ્વરૂપ માલુમ પડશે.

કીંમત અગાઉથી નામ નોંધાવનારના રૂ ૧-૮-૦

પાછળથી રાખનારના રૂ ૨-૮-૦

મુંબઈ શિવાય બહારગામવાળાને ટપાલ ખર્ચ જુદું.

ગ્રંથ રાખનારે જલદીથી એ નીચેને સરનામે લખવું.

મગનલાલ તારાચંદ ભાવસાર—ઠે. રાજ-નગર પ્રિન્ટીંગ પ્રેસ, ખોડીઆબજાર, ઉમરખાડી પો. ૯—મુંબઈ